# વહે મીઠી વાણી...

પ.પૂ.આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.



૯૫

JITENDRA · GALA ·

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
શ્રી પ્રેમ-ભુવનભાનુ સૂરીશ્વરાભ્યાં નમઃ

# વહે મીઠી વાણી...

✻ લેખક ✻

સ્યાદ્વાદવાણીમર્મજ્ઞ પ.પૂ.આ.
શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મ.સા.
ના પટ્ટાલંકાર ગીતાર્થ શિરોમણિ પ.પૂ.
**આ. શ્રી જયઘોષ સૂ.મ.**

✻ સંપાદક ✻

મુનિરાજ શ્રી સત્યકાંત વિ.મ.

✻ પ્રકાશક ✻

દિવ્યદર્શન કાર્યાલય
૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,
ધોળકા - ૩૮૭૮૧૦.

વિ.સં.
૨૦૫૦

પ્રથમ આવૃત્તિ
૧૦૦૦

કિંમત રૂા. ૧૨.૦૦

સૌજન્ય:
સ્વ. સરસ્વતીબેન જેશીંગલાલ રામચંદ પાટણવાલા પરિવાર
તરફથી હસ્તક સતીશભાઈ

## પ્રાપ્તિસ્થાન

■ દિવ્યદર્શન ટ્રસ્ટ,
૩૯, કલિકુંડ સોસાયટી,
મફલીપુર ચાર રસ્તા
ધોળકા - ૩૮૭૮૧૦

■ ભરતકુમાર ચતુરદાસ
૮૬૮, કાળુશીની પોળ,
કાળુપુર
અમદાવાદ-૩૮૦૦૦૧

■ રસિકલાલ રતિલાલ
એલ.કે.ટ્રસ્ટ બિલ્ડીંગ,
પાંચ કુવા
અમદાવાદ-૩૮૦૦૦૨

■ અરવિંદભાઈ જે. શાહ
૮૯, શેખ મેમણ સ્ટ્રીટ,
૨ જે માળે,
મુંબઈ-૪૦૦૦૦૧.

# એક નજર અહીં

કેવું અદ્‌ભુત છે આ જૈન શાસન ! કેવું રમણીય છે એમાં તત્ત્વોનું વિવેચન ! સદાકાળ તાજુને તાજું. સૌ પ્રથમ વિશ્વના આકાર-પ્રકાર અને સ્વરૂપને સમજાવે. જીવોનાં જીવો સાથે અને કર્મો સાથેનાં અજબ-ગજબના સંબંધોના રહસ્યો સમજાવે. અન્તિમ ધ્યેયનો સાંગોપાંગ પરિચય કરાવે. ધ્યેય-પ્રાપ્તિ માટેના સચોટ ઉપાયો દર્શાવે. તેમાં અન્તરાય કરનારા દુષ્ટ તત્ત્વોને ઓળખાવીને તેને દૂર ધકેલવાના રસ્તા દેખાડે. જીવનમાં શાન્તિ ટકાવવા માટે અને આત્માની ઉત્ક્રાન્તિ કરવા માટે ભ્રાન્તિઓ નિર્મૂળ કરીને સમૂળી ક્રાન્તિનું દિગ્દર્શન કરાવે. આવા ઉત્તમ આ જૈનશાસનના હૃદયસ્પર્શી સંદેશાઓથી વંચિત રહેનારા જીવો ખરેખર દયા-પાત્ર ગણાય.

કોઈને કોઈ રીતે એ જીવો શીઘ્ર મુક્તિપદ પામે એવી નિર્દમ્ભ આકાંક્ષા જ્યારે કોઈ મહાપુરુષના અંતરમાં સતત ઉભરાય ત્યારે એનું પરિણામ આવે તે આ પુસ્તકમાં લિપિબદ્ધ થયેલ છે. મહાપુરુષોને કરુણા વરસાવવા માટે ચિન્તન કરવુ નથી પડતું. મા પોતાના વહાલસોયા પુત્રની ઉન્નતિ માટે ચિન્તન કરવા બેસતી નથી-પોતાના બાળ-પુત્રને જોવા સાથે સહજ અને અનાયાસપણે તેના હૃદયમાં સંવેદનો અને સ્પન્દનો જાગે છે. હિતકારક વાત્સલ્યગર્ભિત લાગણીઓના ઝરણાઓ આપોઆપ પ્રસ્ફુટિત થાય છે. લોકો એને ચિંતનના નામે ઓળખે છે. જગતના સર્વ જીવોની માતા તરીકેની જવાબદારી સભાનપણે અદા કરનારા મહાપુરુષોના હૈયામાં એ રીતે સહજપણે જે ચિંતન પ્રસ્ફુટિત થાય છે તેમાં પરિપક્વ શ્રુતજ્ઞાનના પ્રતાપે શાસ્ત્રીયતાની મહોર ઉપસ્યા વિના રહેતી નથી. એની આ ફલ-શ્રુતિ છે કે દિવસે દિવસે **પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરૂદેવ આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા.** ના તત્ત્વવિવેચનો લોકપ્રિય બનતા જાય છે. વધુને વધુ આવકાર અને સત્કાર પામતા જાય છે. તેમના

પ્રવચનોના તાત્ત્વિક અને શિતલ ઝરણાઓને મુનિશ્રી ઉદયદર્શન વિજયજીએ લિપિબદ્ધ કર્યા છે અને તેનું સુઘડ સમ્પાદન કરીને મુનિશ્રી સત્યકાંતવિજયજી આ પુસ્તકરૂપે વાચકો પાસે પહોંચાડી રહ્યા છે. આ પુસ્તકના પાને પાને વાચકોને અપૂર્વ તત્ત્વબોધની ઉપલબ્ધિ થશે – આત્મોન્નતિની ચાવીઓ મળશે – માનસિક સંતાપથી મુક્તિ મળશે અને પાર વગરની પીડાઓ ટળશે. અનેક નવી નવી શાસ્ત્રોની હકીકતો જાણવાનું સદ્‌ભાગ્ય ફળશે. વધુમાં વધુ પુણ્યાત્માઓને આ ગ્રન્થનું અધ્યયન કરવાનું સદ્‌ભાગ્ય શીઘ્ર જાગ્રત થાય એવી પવિત્ર ભાવના.

જયસુંદર વિજય

## શું અને ક્યાં


૧) જીવનમાં શાંતિ મેળવવાના ઉપાયો............૧
૨) અહો યોગસ્ય માહાત્મ્યં......................૩
૩) કલહ ઉત્પન્ન થવાનાં કારણ...........૧૮
૪) વંછે શિવસુખ એક ......................૨૦
૫) ધર્મ સ્વરૂપ વિચારીએ પ્રાણી !..............૨૯
૬) સાધુપદની ઉપાસના .......................૪૩
૭) કેવળજ્ઞાનનું પ્રથમ કિરણ.................૪૬
૮) વિનયવૃક્ષના મૂળ .........................૫૧
૯) કંઈક ઓળખાણ ...........................૬૧
૧૦) પીજે નિશદિન સમતારસકું ...............૬૩
૧૧) સર્વં તપસા સાધ્યં ........................૬૮

# જીવનમાં શાંતિ મેળવવાના ઉપાય

☛ બીજા પાસે પોતાના કાર્યની અપેક્ષા ન રાખવી.

☛ બીજાનું કરે અને પોતાનું ન કરે તો દુઃખ ન પામવું, પણ બીજાનું કરે છે તેથી પ્રમોદ કરવો અને પોતાનું નથી કરતો, તેથી પોતે આભિયોગિક (નોકર થવાનાં) કર્મથી બચ્યો. પોતે વિના કારણે ઈચ્છા રાખે તો-બીજા કરે તો આભિયોગિક નામકર્મ બંધાય, અને ન કરે તો પણ બંધાય.

☛ જેટલું કરે છે તેટલી પ્રશંસા કરવી.

☛ બીજાને વચનથી ન દુભાવવા, ટોણા ન મારવા.

☛ બરાબર ચોક્કસ કર્યા વગર મીઠા શબ્દોથી પણ ઠપકો કે બીજાની ભૂલ ન કાઢવી.

☛ ચોક્કસ થયા પછી પણ અનિવાર્ય સંયોગ સિવાય તાત્કાલિક મીઠા શબ્દોથી પણ ન કહેવું.

☛ કાલાંતરે મીઠા શબ્દોથી એકાંતમાં કહેવું.

આવેશમાં ન આવવું.

☛ વડીલને પણ અતિ મહત્ત્વની વાત વગર ફરિયાદ ન કરવી.

☛ બીજા ત્રીજાને વાત કે ફરિયાદ કરવી તે દ્વેષ ઊભો કરવાનો નિર્લજ્જ બનાવવાનો રસ્તો છે.

☛ આપણી સાથે રહેલાની સંભાળ કરવી.

☛ બીજાનું જરૂરી કામ કરી આપવું.

☛ બીજા જે જે અંશમાં અસમર્થ હોય તે જરૂરી અંશમાં ટેકો આપવો, બિનજરૂરી અંશ છોડે તે છોડાવવું.

☛ મહત્ત્વના નુકશાન વગર પોતે બીજાની વાતમાં સામાને ન ગમે તો માથું ન મારે.

- ☛ શક્તિ ઉપરાંત કામ ન રાખે, જેથી બોધરેશન રહે.
- ☛ વિશેષ ક્વોલિટીના મોહમાં ન પડવું.
- ☛ બીજાની નાની ભૂલોમાં ટકટક ન કરવી અને કળ-પ્રેમથી કહેતા રહેવું અને સુધરે તો ભલે, નહીંતર ઉપેક્ષા કરવી.
- ☛ અવ્યવસ્થાને દૂર કરવાનું કહ્યા કરવા કરતા શક્ય બને બે / ચાર જણ જરૂરી અવ્યવસ્થાને દૂર કરવાનું કરે તો બધાને શાંતિ મળે

  હૃદયનો પ્રેમ સ્નેહ સાથે-સ્નેહ ઉભો કરે, દ્વેષ ટાળે. જો આપણને દ્વેષ થાય તો સામેનામાં પણ દ્વેષ-અરુચિ ઉભી થાય - સ્નેહ નાશ પામે.
- ☛ દ્વેષ-અરુચિવાળાની સાથે રહી ન શકાય, માટે સાથે રહેનાર બધા સાથે સ્નેહ વ્યવહાર પરોપકાર વ્યવહાર-સૌમ્ય વ્યવહાર રાખવો.
- ☛ આપણી વિશિષ્ટ દ્રવ્યો (વસ્તુઓ) વાપરવાની ઈચ્છા (પ્રવૃત્તિ) એ આપણી અને બીજાની અસમાધિમાં કારણ છે.

❊ ❊ ❊

- ❊ ક્લેશના નિમિત્તો મળે છતાં ક્લેશ ન જ થવા દેવો તેવું મન-વચનનું સંયમન કેળવવું આત્મહિતકર છે.
- ❊ ક્લેશ-કષાય કરવાનું નુકશાન કોટાકોટી સાગરોપમ-અસંખ્ય વર્ષની દુઃખદાયી કર્મની સજા સાથે ભવ ભ્રમણ છે.
- ❊ ક્લેશ છોડી દેવાથી તરત શાંતિ મળે છે, આરોગ્ય સુરક્ષિત રહે છે... સૌની પ્રીતિ જળવાઈ રહે છે.
- ❊ રાગ અને દ્વેષ એજ ક્લેશ છે, જે અનંત દુઃખની જડ છે. તેને દૂર કરવા માટે જ બધી ધર્મ સાધનાઓ છે.
- ❊ ક્લેશવાળી વ્યક્તિ કોઈને પ્રિય બનતી નથી, જ્યારે શાંત સ્વભાવવાળી વ્યક્તિ સર્વને પ્રિય બને છે.
- ❊ ક્લેશની=રાગદ્વેષની જડ મજબૂત કરવાનું કામ અજ્ઞાની-મૂઢ પુરુષ આકરા દુઃખો વેઠીને સમતાથી ક્લેશની જડને ઊખેડીને ફેંકી દે છે. પરિણામે વીતરાગ-સર્વજ્ઞ બને છે.

# અહો યોગસ્ય માહાત્મ્યં

આરાધનાથી ૧૮ પ્રકારના લાભો બતાવ્યા છે. હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે આજે પણ આ લાભો દેખાય છે, જે યોગસાધાનાના ફળરૂપ છે. યોગસાધનાનું ફળ તાત્કાલિક જોઈએ કે કાલાંતરે ? શુભ ભાવ, સંસ્કાર અને સત્વની વૃદ્ધિ રૂપ ફળ તાત્કાલિક મળે છે. ઉપવાસનું પચ્ચક્ખાણ કરો એટલે સત્વ અને સંસ્કારની વૃદ્ધિ તરત થાય છે.

**(૧) સ્થૈર્ય :-** પ્રતિપન્ન નિર્માણમાં જે ધર્મ સ્વીકારીએ એમાં એને નભાવવા માટે સ્થિરભાવ-સ્થિરતા સત્વ વગર ન આવે. મનમાં કોઈપણ તરંગ ઉઠેને આરાધના છોડી દઈએ તે અસ્થિરતા કહેવાય-તે યોગનું ચંચલપણું છે. કાર્ય સ્વીકારવું તે મહત્વનું કે સ્વીકારેલું પકડી રાખવું તે મહત્વનું ? પકડેલી સાધનાને છોડવી નહિ તે વિશેષ મહત્ત્વનું છે. મામૂલી પરિસ્થિતિમાં છોડે તો ધૈર્યતા આવે નહિ. સાધનાના બળે સ્થિરતા આવે. ધન કમાય તો આગળ વેપાર કરે, આગળ વેપાર કરે તો ધન કમાય. પ્રવૃત્તિ કરતા કરતા આસ્થા વધે અને સ્થિરતા આવે.

**(૨) ધૈર્ય :-** આપત્તિની અંદર તેનો સ્વભાવ ચલાયમાન ન થાય. સ્વભાવ ચલાયમાન થાય તો પ્રવૃત્તિમાં ધૈર્યને પેસવા ન દે. ક્ષમા રાખવી છે તો ગમે તેવા પ્રસંગમાં ક્ષમાને ન છોડવી. **ક્રિયાને પકડી રાખવી તે સ્થિરતા. ભાવને પકડી રાખવા તે ધૈર્યતા.**

આપત્તિમાં પણ સ્વભાવની વિકૃતિ ન થવી જોઈએ. ધૈર્ય ન હોય એટલે મન બગડે, ઉતાવળ થાય, કાંઈક આડુંઅવળું થાય, એટલે ઉશ્કેરાટ આવે. આપત્તિ કોઈપણ આવીને ઉભી થાય તો આપણા હૃદયમાં ઉશ્કેરાટ ન જોઈએ, અરુચિ ન થવી જોઈએ. જેનું ચિત્ત અશાન્ત હોય, અસ્વસ્થ હોય તે યોગસાધનાનો અધિકારી નથી.

**સાધુ એટલે સંપૂર્ણ રીતે પ્રભુ આજ્ઞાને જીવનમાં આરાધવાની તમન્ના સાથે સામાન્યથી શારીરિક શક્તિ-સંયોગ અનુસારે ઉત્સર્ગ-અપવાદ દ્વારા સર્વ રીતે જિનાજ્ઞાને જીવનમાં આચરે અને હૃદયમાં નિત્ય ભાવિત કરે.**

ચિત્તમાં અશાંતિ હોય તે શબ્દપ્રયોગ જુદો કરાવે; ચિત્તમાં શાંતિ હોય તો શબ્દપ્રયોગ અલગ કરાવે છે. ચિત્તમાં શાંતિ અને સ્વસ્થતા હોય તો સમજી લેવું કે એનું યોગસાધના તરફ મંડાણ થઈ રહ્યું છે.

(૩) શ્રદ્ધા :- ફક્ત ભગવાને કહેલા શબ્દની જ રુચિ નહિ પરંતુ તત્ત્વનાં માર્ગને અનુસરનારી રુચિ તે શ્રદ્ધા. યોગની આંશિક સિદ્ધિ તત્ત્વની રુચિ ઉત્પન્ન કરે છે.. યોગની શ્રદ્ધા લાવવી છે ? તો યોગસાધનાના ગુણો પર રુચિ લાવવી જોઈએ. તત્ત્વને અનુસારે પ્રવૃત્તિ કરવી તે યોગમાર્ગની પ્રવૃત્તિ છે. આચારમાં ઉતારવાની રુચિ તે શ્રદ્ધા છે. જો ગુણ પ્રાપ્તિને અનુકૂળ સીધા માર્ગે હોઈએ તો જેમ જેમ પ્રવૃત્તિ કરીએ તેમ તેમ રુચિ ઉત્પન્ન થાય.

(૪) મૈત્રી :- કોઈપણ જીવ પર વૈરભાવ નથી – વિઘ્ન કરનાર પર કે વિઘ્ન નહિ કરનાર પર. વિઘ્ન કરનાર પર, કહ્યું ન માને તો તેના પર જે ઉદ્‌વિગ્ન દશા, તે કાઢવા માટે મૈત્રીભાવ છે. કોઈ વિઘ્ન કરતું હોય તો એના પર પણ દ્વેષભાવ ન લાવવો, સ્નેહ પરિણામ ઉભો થાય એટલે ચિત્ત પ્રસન્નતા આવે છે. યોગસાધનાના જ્યારે મંડાણ થાય છે ત્યારે વિઘ્નો દૂર થાય છે. માટે જાપની વિધિમાં ચાર શરણ સ્વીકારીને પછી દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના બનાવી છે. સર્વ જીવને ખમાવીને પછી જાપ શરૂ કરવો, ક્લેશ ન થયો હોય ત્યાં ઓઘથી ક્ષમાપના હોય છે.

(૫) શિષ્ટ લોકને પ્રિય બને :- દૌર્ભાગ્યનામકર્મનો ઉદય હોય તો શિષ્ટને પ્રિય બને ? પાંચમાં ગુણસ્થાનકે દૌર્ભાગ્યનામકર્મનો ઉદય રહેતો નથી. દૌર્ભાગ્યનામકર્મના ઉદયનું કારણ અશિષ્ટ આચારો; માટે ધર્મી આત્માના એવા આચારો હોતા નથી. માટે તે શિષ્ટ જનને પ્રિય હોય છે. શિષ્ટ પરિણામ અને શિષ્ટ આચારવાળાને કોઈ ન નિંદે. સદ્‌

કપડા પાણીથી ધોવાય, પણ મેલ સાબુથી દૂર થાય. પાંચ પદ સાબુ જેવા છે. આરાધના પાણી જેવી છે. પાણી ઓછું વધારે ચાલે, સાબુ વિના ન ચાલે.

આચારમાં જે રહે તેને શિષ્ટલોક વલ્લભ ભાવ સ્વાભાવીક આવે છે.

આપણે શિષ્ટલોકને પ્રિય હોઈએ તો યોગના અંશવાળા છીએ.

**(૬) પ્રાતિભ તત્ત્વભાસનં :-** ધર્મ ક્રિયા કરનારને સામાન્યથી પહેલા જ્ઞાનાવરણીનો હ્રાસ, પછી મોહનીયનો થાય છે. પછી એને પ્રતિભા આવે. સામાન્ય ધોરણથી પહેલા નિર્બળનો જય થાય, પછી બળવાનનો જય થાય. જ્ઞાનાવરણ નિર્બળ છે, મોહનીય બળવાન છે. પ્રતિભા એટલે વસ્તુને શીઘ્ર પારખવાની શક્તિ. વ્યવસ્થિત જવાબ આપવો તે પણ પ્રતિભા. આ પ્રતિભા ઉત્પન્ન થાય ત્યારે શાસ્ત્ર ભણી શકે. સહજ પ્રતિભા ઉત્પન્ન કરવી જોઈએ. બુદ્ધિ કેળવાય ત્યારે હોંશિયારી આવે.

પ્રતિભા એટલે વસ્તુના મર્મ સુધી પહોંચવાની બુદ્ધિ આ પ્રતિભા સાધનાથી ઊભી થાય છે. જેમ જેમ સાધના કરતો જાય તેમ તેમ પ્રતિભા ઉત્પન્ન થતી જાય. અવ્યવસ્થિત સાધના, અવ્યવસ્થિત પ્રવૃત્તિ, અવ્યવસ્થિત રીતે વર્તવું તે ક્ષયોપશમને અટકાવે છે. વિઘ્ન કરનાર છે. ભાસન એટલે અનુભવ. જીવતત્ત્વ પ્રત્યે અનુભવ એટલે તેના પ્રત્યેની દયા - સ્નેહ વગેરે રૂપે લાગણી. અજીવ તત્ત્વના બે કાર્ય છે. (૧) રાગ-દ્વેષના સાધન તરીકે (૨) જીવહિંસાદિનું સાધન. અજીવ તત્ત્વ સાધક કે બાધક ? સંસારમાં અનંતકાળ ભટકાવનાર જ અજીવ તત્ત્વ છે.

અજીવ તત્ત્વને અધિકરણ સમજી તેની સાથેનો વ્યવહાર રાખવો. અજીવ તત્ત્વને એ રીતે જોઈએ તો ભાસન થયું કહેવાય. જીવાદિ નવ તત્ત્વ 'અંદરથી ભાસનવાળા નથી થયા. શાસ્ત્ર આલંબન આરાધનાં દ્વારા જો ભાસન થાય તો સમજવું કે યોગસાધનાના પહેલા પગથિયાનું ફળ મળ્યું. સારી વસ્તુ સંયમને પોષક ખરી કે નહિ ? આપત્તિ કાળ સિવાય સારી વસ્તુ સંયમની પોષક નથી. જેના વગર જ્યારે ન ચાલે ત્યારે તે વસ્તુના ઉપયોગરૂપે ટેકો દેવો એનું નામ સંયમનું પોષક છે.

**નાની બાબતમાં ચોક્સાઈ રાખવાથી સંયમ જીવન ખીલે છે. નાની બાબતમાં જે ચોક્કસ રહે તે મોટી બાબતમાં ચોક્કસ રહી શકે છે.**

સારી વસ્તુ એ જ અતત્ત્વનું ભાસન છે. ઉત્સર્ગ માર્ગે ચાલનારા આત્માઓને પ્રાયેધર્મથી જલ્દી ભ્રષ્ટ થવાનો સંભાવ નથી. બંધ તલવાર તે ઉત્સર્ગ માર્ગ. અપવાદ માર્ગ ખુલ્લી તલવાર જેવો છે. સાવધ રહે ત્યાં સુધી અપવાદ, અને અસાવધ રહે ત્યારે અનાચારમાં જાય છે. તત્ત્વ ભાસન થાય ત્યારે શું કરવું અને શું ન કરવું, એ બધું જણાય અને ક્ષયોપશમ પણ થાય. દરેક તત્ત્વનો મર્મ પકડી શકે, ઉત્સર્ગ માર્ગવાળાને છેદગ્રંથ ભણાવવાની ના પાડી છે, કારણ કે તેને અપવાદ પ્રત્યે અરુચિ છે. દીક્ષા કે ધર્મ આપવાની ના નથી પાડી.

**(૭) અભિનિવેષનો ત્યાગ :-** અર્થની અનુચિત પકડતા ન જોઈએ કદાગ્રહ ન જોઈએ. સામાન્ય રીતે જીવો વાતને ઉચિત રીતે પકડતા નથી. અનુચિત અર્થનો અભિનિવેષ છોડવો છે પણ તે અનુચિત રૂપે છોડવાનો છે. અનુચિતનો આગ્રહ ખોટો જ છે, પણ ઉચિતનો પણ અનુચિત આગ્રહ ખોટો છે. વ્યક્તિભેદથી - અવસ્થાભેદથી ઉચિત અનુચિત બને છે અને અનુચિત ઉચિત પણ બને છે. વડીલના કાર્ય આપણા મગજમાં ન બેસે તો પણ વખોડાય નહિ. અનુચિત કાર્ય શાથી ઉત્પન્ન થાય ? ઉચિત અનુચિતપણું જાણે નહિ ત્યારે, અભિમાન હોય ત્યારે, મારૂં માનેલું થવું જ જોઈએ, એવું માને તો પકકડ થાય. જેને આવું માન હોય તેને અનુચિતનો આગ્રહ આવ્યા વગર ન રહે.

અષાઢાભૂતિને ખાવાનો પક્ષપાત હતો અને સાથે માનનો પણ પક્ષપાત હતો, માટે એને લાડવા માંગવાને બદલે રૂપપરાવર્તિનીનો ઉપયોગ કર્યો. ગુરુ પાસે માગવું સારૂં કે રૂપ બદલીને લાવવું સારૂં ? માંગવું સારૂં, સામાન્યથી માંગનારની પ્રાર્થનાનો ભંગ નહિ કરવો. માંગે એટલે આપવું જોઈએ. માણસ હઠમાં ક્યારે રહે ? પક્કડતાના કારણે. પાત્રતા હોય ત્યાં પક્કડતા નથી હોતી. પાત્રતા ન હોય ત્યાં

**ભાવ અરિહંતની પ્રાપ્તિ ક્યારેક થાય. દ્રવ્ય અરિહંતની પ્રાપ્તિ પણ ક્યારેક જ થાય, જ્યારે નામ અરિહંતની ઉપાસનાના સંયોગો ઘણા પ્રાપ્ત થઈ શકે એમ છે.**

પક્કડતા હોય. જેમ અનુચિત આચારના પક્ષપાતથી અનુચિત આચરનાર વ્યક્તિનો પણ પક્ષપાત આવે છે તેમ અનુચિત આચરનાર વ્યક્તિનો પક્ષપાત કરો એટલે આપણા જીવનમાં અનુચિત આચરણ પ્રત્યે પણ પક્ષપાત આવે.

અનુચિત રીતે કહેવાતું હોય ત્યારે પણ અનુચિતની પક્કડ પકડાય છે. ઉપદેશમાં ભૂલ થતી હોય, અનુપયોગ થતો હોય તો આચાર્યની જાહેરમાં ભૂલ કાઢવી નહિ.

વિચાર શૂન્ય માણસ પક્કડમાં જલ્દી આવે. સહસા કાર્ય કરી બેસે છે. અપાયનો બોધ ન હોય તો પણ પક્કડ પકડે, માટે યોગ સાધનામાં આવેલા જીવો સહસા અનુચિત કાર્ય કરે નહિ અને પક્કડમાં આવે નહિ જ્યાં અપાયનો વિચાર હોય ત્યાં ઉચિત; અનુચિતનાનો વિચાર હોય છે. જ્યાં ઉચિત-અનુચિતતાનો વિચાર હોતો નથી, ત્યાં અપાયનો વિચાર પણ હોતો નથી.

(૮) દ્વન્દ્વ સહિષ્ણુતા - ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ. આ બે દ્વન્દ્વમાં જીવ સહિષ્ણુ બને છે એટલે કે એમાં અકળાઈ જતો નથી - અકળામણથી પોતાની સાધના છોડી દેતો નથી - ગૌણ કરતો નથી કારણ કે સાધનામાં પરમાર્થથી લાભ દેખાય છે. આનંદ અનુભવાય છે અને સ્થૈર્ય - ધૈર્ય - શ્રદ્ધા વગેરે ગુણો આંશિક પ્રગટ થાય છે તેના બળથી - સહયોગથી - યોગ સાધનાના પ્રભાવથી અનિકાચિત કર્મો ખસી જવાથી - નાશ પામવાથી ઈષ્ટ વિયોગરૂપ દુઃખ પ્રાયઃ આવતું નથી. એ રીતે અનિષ્ટ સંયોગ પણ થતો નથી; પરંતુ નિકાચિત કર્મના ઉદયમાં યોગની એટલે ધર્મની સાધનાથી સહન કરવાનું ચિત્તબળ ઉત્પન્ન થાય છે, જેના કારણે તે યોગથી ભ્રષ્ટ ન થતા સ્થિર રહે છે અને આગળ વધે છે.

**ભાવપૂર્વક પ્રવૃત્તિ કરે તો તે ઉત્તમ છે, પણ ભાવપૂર્વક ન કરે તો પણ ધીમે ધીમે આત્માને ઉત્તમ બનાવે છે. માટે તે પ્રવૃત્તિ ઉત્તમ છે.**

જો આ સહિષ્ણુતાનું બળ ન આવે તો ઈષ્ટ વિયોગમાં પણ જીવ આર્તધ્યાન દ્વારા ધર્મથી ભ્રષ્ટ થાય અને અનિષ્ટના સંયોગમાં પણ ધર્મથી ભ્રષ્ટ થાય. માટે ધર્મ સાધનાનો પ્રભાવ છે કે જીવને તેવી સામગ્રી આપે, શક્તિ આપે, ગુણ આપે, જેથી સ્વાભાવિક અનુકૂળતા રહે અને ઉલ્લાસથી સાધનામાં આગળ વધે; પરંતુ નિકાચિત પૂર્વ કર્મના કારણે વિઘ્ન - આપત્તિ 'આવવાની હોય તો જીવને સહન કરવાનું સામર્થ્ય પણ આપે. જો આપત્તિકારક કર્મ ન હોય તો સહન કરવાનું તેવા પ્રકારનું ન આવે, પરંતુ સહન કરવાની શક્તિ અવશ્ય પ્રાપ્ત થાય. તેથી ધર્મી આત્માઓ સહજમાં તો અકળાય નહિ પરંતુ વિશેષ આપત્તિમાં પણ અકળાય નહિ. ધર્મી આત્માને જે દ્વન્દ્વમાં સહિષ્ણુતા આવે છે, તે ધર્મનો પ્રભાવ છે.

ધર્મવિહીન સંસારી આત્માઓને પણ કોઈક પ્રલોભનથી - કોઈક પક્કડથી પણ આવી સહિષ્ણુતા આવે છે, તેમ ધર્મી - યોગસાધનાવાળાને ધર્મના આત્મગુણોના - સ્વાનુભવપૂર્વકના પ્રલોભનથી આ સહિષ્ણુતા સહેલાઈથી આવી શકે છે.

એ રીતે આર્તધ્યાન દ્વારા દુર્ગતિમાં ન જવું - ધર્મભ્રષ્ટ ન થવું - એવી પક્કડ આવવાથી પણ આ સહિષ્ણુતા આવે છે. માટે પરિષહ ઉપસર્ગ સહન કરવામાં એક હેતુ માર્ગ અચ્યવન બતાવેલ છે. જીવ જેમ અજ્ઞાનથી અશ્રદ્ધાથી માર્ગ સમ્યક્ત્વ અને ધર્મથી ભ્રષ્ટ થાય છે. તે રીતે અનુકૂળતા ન મળવાથી જીવ વિહ્વલ બનીને ધર્મથી ભ્રષ્ટ થાય. પ્રતિકૂળતા આવવાથી પણ જીવ ધર્મથી ભ્રષ્ટ થાય. આ ભ્રષ્ટતા ન આવે તે માટે આ સહિષ્ણુતા કેળવવી પડે છે, અને ધર્મના પ્રતાપે કેળવાય છે. માટે ધર્મના પ્રતાપે આ સહિષ્ણુતારૂપ ધર્મનું ફળ બતાવ્યું છે.

ધર્મમાં પ્રવૃત્ત થનારા બે જાતના છે-(૧) હ્રાસ પામે તેવા (૨) હ્રાસ

**જે જિનાજ્ઞાને સર્વ રીતે આરાધવાની ભાવના છતાં વિષય-કષાય-કર્માદિની પરવશતાથી કે બાહ્ય સંયોગોની પ્રતિબદ્ધતાથી જિનાજ્ઞાને યથાશક્ય આરાધવાનો નિર્ણય કરે, પ્રતિજ્ઞા સ્વીકારે, તે દેશવિરતિ.**

ન પામે તેવા. સારું કાર્ય કરતાં આજુબાજુવાળાને વશ કરવા, વિરોધીને પણ વશ કરવાં એટલે વિઘ્ન આવે જ નહિ. જનપ્રિય વગર જાહેર કામ કરવાનો નિષેધ છે. જનપ્રિય ન હોય તેણે ખાનગીમાં ધર્મ કરવો. દા. ત. ૧ લાખ રૂપિયાનું મંદિર બંધાવે, તેના કરતા લાખ રૂપિયા જિર્ણોદ્ધારમાં આપે. જનપ્રિય ન હોય અને જાહેરમાં કામ કરે તો બધા વિઘ્ન નાંખે.

ધર્મ આપત્તિને દૂર કરે કે ધર્મ આપત્તિને સહન કરવાની શક્તિ આપે ? ધર્મ ઉપક્રમવાળા કર્મોને ખસેડીને આપત્તિ દૂર કરે અને નિરૂપક્રમવાળા કર્મ હોય તેમાં સમ્યક્પ્રકારે સહન કરવાની વૃત્તિ આપે-શક્તિ આપે. સહનશક્તિ ન હોય ત્યાં સમજવું કે ધર્મની એવી સાધના થઈ નથી.

**૯) દ્વન્દ્વ વિનાશ :-** ઈષ્ટનો વિયોગ/અનિષ્ટનો સંયોગ : આ બંને ધર્મના પ્રતાપે ટળે છે - દૂર થાય છે. યોગી આત્મા ધર્મની અંદર ભાવપૂર્વક ચઢેલા હોય તેને ધર્મમાં કે સંસારમાં વિઘ્ન આવતા નથી. નિકાચિત હોય તો આવે, પણ સાથે સહિષ્ણુતા આવે અને ઈષ્ટ- અનિષ્ટપણાની બુદ્ધિ નાશ પામી, સમભાવ આવે છે.

**૧૦) સમાધિ હેતુની પ્રાપ્તિ:-** જે કાળે જે જોઈએ તે એને મળી રહે. અંતરાય ને જ્ઞાનાવરણ મોહનીય કરતા નબળા છે. સમાધિ આત્મબળથી કે નિમિત્ત બળથી ? આત્મબળથી. માર્ગાનુસારીથી માંડીને બધા જે ગુણો છે તે સમાધિના કારણ છે - શિસ્ત વ્યવહારના કારણ છે. ધર્મથી ભ્રષ્ટ ન કરે, તેના કારણ છે. નિર્વાહ માટે જરૂરીયાતની વસ્તુ યોગના પ્રતાપે એ આત્માને મળી રહે છે. લાભાંતરાય તૂટે, મોહનીય કર્મથી નબળા કર્મો પહેલા તૂટે ને સમાધિ હેતુની પ્રાપ્તિ થાય છે.

સંયોગ બદલાય તેમ ઉત્સાહ-પ્રવૃત્તિ બદલાય છે. આચાર ધર્મ

**આ ભવમાં ભગવાનની/ભગવાનના વચનની અપેક્ષા ન રાખે તો ભવાંતરમાં દ્રમકપણું (ભિખારીપણું) મળે તો પણ સાધુપણું ન ગમે.**

ગ્લાસ જેવો છે. યુગલિક અને દેવલોકમાં સુખની પ્રચુરતા છે. જ્યાં જ્યાં સુખની પ્રચુરતા આવે ત્યાં ત્યાં આચાર ધર્મ ઘટી જાય.

કોઈપણ કિંમતી ચીજ આપણી પાસે રાખવી નહિ કે જેનાથી આપણું મન એમાં બંધાઈને રહે. આપણે કહ્યા પછી વિચારીને કામ કરે તેનું પરિણામ ખરાબ ન આવે ! વિચાર્યા વગર કરે તો પરિણામ ખરાબ આવે. આચારનું બળ હોય તો સમાધિ અને સમાધિના કારણ મળે. તે તે કાળે નિર્વાહ યોગ્ય સામગ્રી એને મળી રહે. એનાથી આગળ ધૈર્ય આવે. જે વખતે જેટલું આવે તેમાં તેને સંતોષ રહે છે. આચારની અંદર જેટલી ચુસ્તના તેટલા અંશમાં સમાધિ આવે.

૧૧) ધૃતિ :- ધૈર્ય - સંતોષનો પરિણામ યોગદ્વારા ઉત્પન્ન થાય છે. કર્મોના ક્ષયોપશમ દ્વારા સમજણ આવે છે. બધી અનુકૂળતા આચારોની સામે આંખ મિચામણા કરાવે છે. અનુકૂળતા પ્રમાદનો પરિણામ છે. જ્યાં મનની અનુકૂળતા માનો છો ત્યાં વાસ્તવિક કોઈ સમાધિ રહેતી નથી. યોગથી ધૃતિ પછી ક્ષમા ઉત્પન્ન થાય છે.

૧૨) ક્ષમા :- વિચાર્યા વગરનો જે આવેશ ઊભો થાય તેનું નામ ક્રોધ છે. વિચારે તો આવેશ આવે નહિ. આવેશમાં વિચારી શકાય નહિ. ભગવાને છદ્મસ્થને શાસન સોંપ્યું છે, કેવળજ્ઞાનીને ચલાવવું નહિ, તેવું સ્થાપન કર્યું. છદ્મસ્થને શાસન ચલાવવાનું છે, કોના બળ ઉપર ? શિસ્તના બળ પર.

શિસ્તનું પાલન કરે તેના પર રહેમ; શિસ્તનું પાલન ન કરે તેના પર ગુસ્સો. વિચારીને પ્રવૃત્તિ થાય . રોષ અને તોષ વિચાર વગર ન થાય, આપણને ગુસ્સો ચઢે ત્યારે સાચી-ખોટી વાતની તપાસ કરવી. એનો રોધ કરવાનો પ્રયત્ન કરવો.

**જે કાળે જે યોગને ગૌણ-મુખ્ય ભાવે ઉત્સર્ગ-અપવાદરૂપે આચરવાના હોય ત્યાં સૂક્ષ્મ બુદ્ધિથી તે માર્ગને અનુસરવું.**

ક્ષમાવંત તેને કહેવાય જે ગુસ્સાને પરવશ ન બને, રોકી શકે. તેની દુર્ગતિ થાય નહિ.

૧૩) સજ્જન ચેષ્ટા :- (૧) સર્વત્ર ઉપકાર (૨) પ્રિય વચન (૩) અકૃત્રિમ ઉચિત સ્નેહ (બનાવટી નહિ). સજ્જન માણસ બધા ઉપર ઉપકાર કરે. સજ્જનતા યોગનું ફળ છે. શાસ્ત્રમાં બે પ્રકારના યોગ : (૧) જ્ઞાન યોગ (૨) ક્રિયાયોગ. જ્ઞાન પૂર્વકની જે ક્રિયા તે જ્ઞાનપૂર્વકનો યોગ; જ્ઞાન વિનાની જે પ્રવૃત્તિ તે ક્રિયાયોગ. સાધુને જ્ઞાનયોગ કે ક્રિયા યોગ ? જ્ઞાનયોગ ક્રિયાયોગનો નિષેધ છે. યોગની સાધનાથી સદાચાર આવે. સાધુની બધી ક્રિયાઓ જ્ઞાન છે. સદાચાર જ્ઞાનયોગ પણ છે ને ક્રિયાયોગ પણ છે. ફક્ત સદાચાર ક્યાં અટકે ? નિમિત્ત બદલાય એટલે પલટાઈ જાય. જ્ઞાનયોગનો સદાચાર નિમિત્ત બદલાય તો પણ બદલાય નહિ.

જ્ઞાનયોગ નિશ્રામાં આવે, નિશ્રામાં રહેવાનું મન કરે. સામી પ્રવૃત્તિ કરાવે. (૧) આત્મરક્ષા કરવી જોઈએ (૨) સંયમ રક્ષા (૩) પ્રવચન રક્ષા. જીવરક્ષા અને સંયમ રક્ષા, બન્ને એક જ છે ? ના, ઘણો તફાવત છે. સંયમરક્ષા એટલે પાંચ મહાવ્રત, ઉત્તરગુણો બધા આવે. ૧૭ પ્રકારનો સંયમ આવે. જીવરક્ષામાં ફક્ત જીવ જ આવે. ત્રણે રક્ષા એ સદાચાર છે. સાધુ માટે સમિતિ અને ગૃહસ્થ માટે શું ? માર્ગાનુસારીના ગુણ. દેવ-ગુરુની ભક્તિ ગૃહસ્થ અને સાધુ બન્ને માટે મુકી. આ બધા કર્તવ્ય સદાચાર છે. ગૌણ-મુખ્ય ભાવમાં હોય ત્યારે કોઈનું કહેલું માનવું તે પણ સદાચાર સજ્જનની કઈ પ્રવૃત્તિ અનુચિત હોય ? અવિરતિ સમ્યગ્દષ્ટિને વૈમાનિકનો બંધ પડે છે. પાપની પ્રવૃત્તિમાં વિવેક, ઔચિત્ય પ્રધાન હોય તો એ પાપ દુર્ગતિ ન અપાવે. વિશિષ્ટ ગુણ સંપન્નતાની ઔચિત્યતાની પ્રવૃત્તિ હોય તેને સદાચાર કહ્યો છે.

**નવકારવાળી અને વ્યાખ્યાનમાં, વ્યાખ્યાન મુખ્ય છે, કારણ કેવળજ્ઞાની પણ દેશના સાંભળે. શાસન એ ક્રિયાના આધારે છે, અને ક્રિયા શ્રુતજ્ઞાનના આધારે છે.**

ઔચિત્ય યોગથી ગમે તેવી પ્રવૃત્તિ એટલે અનુચિત - સ્વચ્છંદ પ્રવૃત્તિ બંધ થઈ જાય છે.

વિવેકપૂર્વકની બધી ક્રિયા સામાન્યથી સદાચાર કહેવાય. સંસારમાં ઔચિત્ય કોણ કરી શકે ? ભવવિરાગવાળો. સર્વત્ર ઉપકારાદિ ત્રણ બીજાની અપેક્ષાએ હોય છે. પરોપકાર એટલે શું ? ખાવા આપવું, કપડા આપવાં, મકાન આપવું તે પરોપકાર છે ? આ ગૌણ પરોપકાર છે.

પરોપકાર એટલે (૧) જ્ઞાન અને વિવેક આપવું (૨) આવડત આપવી (૩) બાહ્ય વસ્તુઓ આપવી.

જેને જે વ્યવહારમાં જે શક્તિઓ જોઈતી હોય તે વિકસાવતા ન આવડે તે પરોપકારીતા નથી. જેટલી યોગ્યતા હોય એટલી યોગ્યતા મુજબ એને તૈયાર કરવા એ પ્રધાન કાર્ય છે.

જ્ઞાનદાન કે અભયદાન, બેમાં મુખ્ય કોણ ? અભયદાનનું કારણ પણ જ્ઞાનદાન છે. માટે જ્ઞાનદાન મુખ્ય છે. જ્ઞાનદાન આવે એટલે અભય દાનમાં પાવરધો બને. પણ જ્ઞાન ન આવે તો ? અંતરાય વગર, પાપ વગર કોઈ આપણને પીડા આપી શકે નહિ.

આપણાથી બીજાને જ્ઞાનદાન આપવું અને વિવેક બતાવવો એ પહેલો માર્ગ છે, પરોપકાર છે. સદાચારમાં ત્રણ ગુણ બતાવ્યા. બાહ્ય ઉપકાર જરૂરી અવસ્થામાં જોઈએ છે. પ્રિયવચન બધા માટે ઉપયોગી છે. ધર્મી આત્મા બીજાને સ્વભાવથી અનુકૂળ રહેવા બંધાયેલો હોય છે. ધર્મ કે વ્યવહાર કાર્યમાં વ્યક્તિ પરનો અનાદર, ધર્મ પર અનાદર ઉભો કરે. વ્યક્તિ પરનો આદર, ધર્મ પર આદર ઉભો કરે, ઉપકાર ન કરવાથી કે ન માનવાથી આદર ખોવાય છે, અને એનાથી ધાર્યું કામ કરી ન શકે. ઉપકાર કરવો હોય તેણે ઉપકારની સાથે પ્રિયવચનનો ઉપયોગ કરવો. પ્રિયવચન ધર્મ યોગ્ય બનાવે, આદર ઉત્પન્ન કરે અને

**ક્રિયા પ્રત્યેની અરૂચિના કારણે જીવનમાં સુખશીલતા આવે અને પરિણામે વર્ષો સુધી ક્રિયા કરવા છતાં સંસ્કાર પડતા નથી.**

આપણે જે કહીએ તે સ્વીકારવાની તૈયારીવાળી બને છે, માટે યોગીઓ ધર્મમાં પ્રવેશતા જ અપ્રિયવચન ન બોલે.

સંસારી આત્મા પોતાના કારણે સ્નેહ રાખે છે, માટે કારણ મળતા વાંધો વચકો પડે છે, સ્નેહ તૂટે છે. ધર્મી આત્મા બીજાના કારણે સ્નેહ રાખે છે, માટે તૂટતો નથી.

બનાવટી સ્નેહ કરવો કે નહિ ? બનાવટી સ્નેહ સામાની યોગ્યતા હોય તો કરવો. આપણા પ્રત્યે દુર્ભાવ ઉત્પન્ન ન થાય માટે કરવો. ધર્મી આત્માને બધાય જીવો પર સ્વભાવિક સ્નેહ હોય છે.

ઔચિત્ય વિભાગથી પ્રવૃત્તિ કરાવે છે. ખાવા-પીવામાં વિભાગ ઔચિત્યના કારણે પડે છે. યોગી આત્મા સ્નેહયુક્ત હોય. જેના આત્મામાંથી યોગ ચુકાય જાય તે યોગથી ભ્રષ્ટ થાય છે. જેની વાણીમાંથી મીઠાશ સુકાઈ જાય તે પણ યોગથી ભ્રષ્ટ થાય છે. જેના આત્મામાંથી પરોપકાર સુકાય જાય તેના આત્મામાંથી યોગ ચુકાય જાય અને યોગની ભ્રષ્ટતા આવે છે. સ્નેહ બધે જોઈએ. યોગમાં પ્રારંભ કરનાર આત્માઓમાં આ ગુણો સ્વાભાવિક જોઈએ.

૧૪) યોગવૃદ્ધિ :- યોગની પ્રવૃત્તિથી યોગની વૃદ્ધિ-ધર્મની વૃદ્ધિ થાય છે. યોગવૃદ્ધિમાં કારણ (પોતાની) ક્રિયામાં રહેલો આનંદ છે. પોતે તપ કે ક્રિયા ન કરી શકતો હોય તો પણ મોહનીય કર્મોનો ક્ષયોપશમ થયો હોય તો બીજાના ક્રિયા તપ જોઈને-તેના વિચારથી પણ આનંદ આવે છે.

બીજાના ધર્મને જોઈને સારાપણાની બુદ્ધિ થાય તે યોગનું બીજ છે. સારૂં આચરણ કરવાથી અને ગમવાથી તેમાં આનંદ આવવાથી કરવાથી યોગની વૃદ્ધિ થતી જાય છે.

જે ધર્મક્રિયાથી ઉત્તરની ધર્મક્રિયા વધારે પાવરવાળી ન થઈ તો એ ધર્મક્રિયા ઉત્કર્ષ વિનાની થાય છે. ધર્મક્રિયામાં આદર અને આનંદ આવે

* કોઈપણ સાધના કરવા કરતાં ગુરુવચનને માથે ધરે તો સાધના સફળ બને.
* "એસો પંચ નમુક્કારો" સમ્યક્ત્વનું કારણ છે.

તો એ ઉત્તરધર્મક્રિયાનું કારણ છે. ક્રિયામાં કાયાનું, વચનનું અને મનનું નિયંત્રણ થાય છે. જેટલું નિયંત્રણ વધે એટલો આનંદ વધતો જાય છે. યોગની વૃદ્ધિ થાય છે.

ધર્મી આત્મા સંસારની પ્રવૃત્તિ પણ કાળજીવાળી કરે. દા.ત. પાણી વધારે ન વપરાઈ જાય, વધારે દોષ સેવવા ન પડે. ધર્મમાં પણ ઉપયોગ હોય છે, કાળજી પણ વધારે હોય છે. યોગથી યોગની વૃદ્ધિ થાય તેમ યોગથી સંસારની હાની પણ થાય છે.

**(૧૫) પ્રશસ્ત ફળદાયક ધૈર્યાદિ ગુણોઃ-** ધૈર્ય વગેરે જે યોગના ફળો બતાવ્યા, તે ફળો કંઈક અંશે ગુણરૂપ છે, પરંતુ, ગુણો શુભ ફળ પ્રાપ્તિના કારણ છે.

એટલે કે ધૈર્ય, સ્થૈર્ય વગેરે જો પાપકાર્ય વિષયક બને તો અપ્રશસ્ત ફળના કારણ બને, પરંતુ યોગના ધર્મના ફળ તરીકે છે તેથી આંતરિક વિવેક, અને સમજણપૂર્વકના આ ગુણો આવે છે તેથી એના ગુણો એ સાનુબંધ હોય છે. બાહ્ય શુભ ફળ આપે છે અને કર્મના ક્ષયોપશમ વધારવા દ્વારા ગુણોની માત્રા વધે છે, અને નવા નવા ગુણો આત્મામાં પ્રગટે છે. એ મોક્ષપ્રાપ્તિ સુધી વિકસતા રહે છે તેથી અશુભ ફળોના કારણરૂપ આ ગુણો બનતા નથી પરંતુ અશુભ કર્મોનો નાશ કરનાર અને શુભ કાર્ય : શુભ ભાવના અને શુભ કાર્યોના ઉલ્લાસને કરનાર બને છે. માટે યોગથી પ્રાપ્ત થતી આંતરિક બાહ્ય શક્તિ એ પ્રશસ્ત ફળોને જન્માવનારી હોય છે. આ વાત યોગમાં (ધર્મમાં) સ્થિરતા પામેલ આત્મા માટે સમજવી.

પ્રશસ્ત ફળ એટલે પુણ્યાનુબંધી પુણ્ય, સાનુબંધ ક્ષયોપશમ; આત્મગુણના ઉત્કર્ષની દૃષ્ટિ, રુચિ અને યોગ્ય પ્રવૃત્તિ; પાપના અનુબંધોનો શુભ પરિણામ અને વિવેક દ્વારા નાશ. પાપના ફળોને

**જે આજ્ઞાનું પાલન ન થાય તે ડંખતું હોય તો કાલાંતરે શક્ય બને ત્યારે આદર ઊભો રહે.**

સમભાવે સહન કરીને ભોગવીને નાશ કરવો, પાપ પ્રવૃત્તિઓનો ઘટાડો; પાપ ભાવનાઓનો અભાવ, પાપપ્રવૃત્તિમાં પશ્ચાત્તાપ-અપ્રશંસા વગેરે યોગના પ્રશસ્ત ફળો છે.

(૧૬) આદેયતાઃ- આદેયતાનો સામાન્ય અર્થ છે કે બીજા આપણા વચનને સ્વીકારે - એ મુજબ વર્તે, આપણી પ્રવૃત્તિને કર્તવ્યરૂપે સ્વીકારે-સારી ગણે-માને.

આવું કર્મ બંધાય છે. અહિંસાદી ધર્મો-તેના સ્થાનો તેની આરાધના કરનાર - આ બધા ઉપર આપણો આદર હોય - આ બધાને આદેયતાથી જોતા હોઈએ - તેમનું કહેલ સ્વીકારતા હોઈએ - શક્ય આચરતા હોઈએ તો આદેય નામકર્મ પ્રાપ્ત થાય. જો આ ધર્મસ્થાનો વગેરેની ઉપેક્ષા-અનાદર વગેરે હોય તો અનાદર પ્રાપ્ત થાય.

સંસારી પ્રવૃત્તિમાં જેટલો આદર તેટલું અનાદેય નામકર્મ બંધાય.

યોગીને યોગના પ્રારંભથી સાધના-સાધન-બીજા સાધકો અને સિદ્ધ-આ ચારે પર આદરથી આદેયતા આવતી જાય છે, અને એના વર્તન, વાણી-વિચારમાં યોગનો આદર છે તેથી તે પોતે આદેય બને છે. તેથી ધર્મનો-ધર્મસ્થાનોનો-સાધર્મિક અને વિશેષ ધર્મીનો આદરરૂપ યોગ એ આદેયતારૂપ ફળ આપે છે. તેથી એ પોતે સાધના કરે છે. બીજાને સાધનામાં પ્રવર્તાવે છે.

આદેયતા વગર બીજાને પ્રવર્તન કરાવી શકાતું નથી. માટે એ ફળરૂપે જુદું બતાવ્યું.

ધર્મક્રિયા રસપૂર્વક કરતા હોય, એના જીવનમાં આદેયતા આવે, ગૌરવ આવે. બીજાને મોટાઈ આપે તે પણ ગૌરવ. ઔચિત્યપૂર્ણ કાર્ય કરે એ પણ ગૌરવ છે. ચાલુ પરિસ્થિતિમાં જેના મુખમાંથી જુઠું નીકળતું હોય એને અસત્ય નિવૃત્તિનું ગૌરવ નથી. જીવદયાનું પાલન નથી તો એને અહિંસા નિવૃત્તિનું ગૌરવ નથી.

સંયમ એટલે વ્યવહારથી દોષોનો-પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરી શાસ્ત્રોક્ત રીતે દેશ-કાળને અનુસારે ધર્મયોગોમાં પ્રવર્તવું.

રતિ-અરતિ પરિણામરૂપ છે. તે નિત્ય અંદરથી ઉછળ્યા જ કરે છે. સાધુએ ૧૮ પાપસ્થાનકમાંથી ૬ પાપસ્થાનક છોડ્યા અને જે ૧૨ છે, એનો રોધ જેટલો જેટલો થાય એટલું સંયમ વિશુદ્ધ ને નિર્મળ બને છે. નવનો કષાય ને સંજ્વલન ચતુષ્ક આ હથિયાર ૧૨ સ્થાનો છે. પણ એને હણવા માટેના હથિયાર ભાવના અને આચાર ચુસ્તતા છે.

(૧૭) **ગુરુતાઃ-** બીજાના હૃદયમાં આપણા માટેની મહાનતા - વિશિષ્ટતા એ એને જેનામાં મહાનતા માને તેને સમર્પિત બનાવે છે.

જેથી આ મહાનતા બીજાના હૃદયમાં આપણું ગૌરવ આપે છે. આ ગૌરવના કારણે બીજાને પાપથી અટકાવી શકાય છે. આરાધનામાં પ્રવર્તાવી શકાય છે અને આ ગૌરવને કારણે એના આત્મામાં રહેલ યોગના-ધર્મ સાધનાના અંતરાયો તૂટે છે.

યોગીને આ ગૌરવ પ્રાપ્ત થવામાં કારણ છે. યોગ સાધનાનું, સાધકોનું, સાધનનું અને યોગસિદ્ધિનું પોતાના હૃદયમાં જેટલું ગૌરવ-મહત્તા હોય તે મહત્તાથી પોતાની મહત્તા આવે છે.

ધર્મ એ ધર્મને મહત્તા આપનારને મહાન બનાવે છે કારણ એ મહાન બનવાથી અનેકના હૃદયમાં ધર્મની મહત્તા વધે છે.

માટે જેમ ધર્મને મહત્તા આપવી જરૂરી છે, તેમ ધર્મીને પણ મહત્તા આપણી જરૂરી છે. યોગના ફળરૂપે મહત્તા બનાવી છે. ધર્મ-ધર્મી ધર્મના સાધનો વગેરેની અવગણના નિંદા - ઉપેક્ષા કરનાર એની મહત્તા ઘટાડવા દ્વારા પોતે જગતમાં મહત્તા વગરનો થાય તેવા પાપકર્મ બાંધે છે, અને તુચ્છ-ક્ષુદ્ર બને છે.

(૧૮) **શમસુખઃ-** સમતા-શાંતતાનું સુખ. જગતના જે સુખ છે તે બાહ્ય સાપેક્ષ છે, અલ્પકાલિન છે. નાશવંત છે. પાપના કારણરૂપ છે. નાશ પામતા દુઃખના કારણ છે. ધર્મી આત્મા જેમ જેમ ધર્મવાસિત થાય તેમ

**નિયત સમયે નિયત ક્રિયા કરવી તે જિનાજ્ઞાની સમર્પિતતા છે.**
"काले कालं समायरे ।"

ખાવાનું-પીવાનું-સુવાનું-ભોગવવાનું-સંઘરવાનું-માનપાન-આડંબર-પરિવાર-સ્વજન-નોકર ચાકર-રસગારવ-ઋદ્ધિગારવ-શાતાગારવ વગેરે ઉપરની જે રુચિ-મમતા-સુખના કારણ તરીકેની બુદ્ધિ ઘટતી જાય છે અને એ બધામાં પાપ-દુર્ગતિ-દુઃખના કારણ તરીકેની દૃષ્ટિ સ્થિર થતી જાય છે. અને એના કારણે એ આત્મા-શાન્ત-પ્રશાન્ત બનતા બહાર ક્યાંય આનંદ અનુભવતો નથી. સદા આત્મામાં ઠરેલ હોય છે અને એ આત્મામાં ઠરવાના કારણે સમતા-સુખ પ્રાપ્ત થાય છે, તેથી ચક્રવર્તી અને ઈન્દ્રની ઋદ્ધિ-ભોગમાં પણ એ આનંદ સમજતો નથી.

આ આનંદ યોગ-ધર્મજન્ય છે અને એ ધર્મનું ફળ છે તે ધર્મી આત્માઓ અનુભવે છે.

આ ફળો દ્વારા ભાવ ધર્મ આપણામાં આંશિક પ્રગટ થયેલ છે તેમ સમજાય છે.

જે આત્મામાં ભાવધર્મ પ્રગટ થાય અને કંઈક વ્યક્ત થાય ત્યારે પાંચમાં આરામાં પણ આ ફળો આજે પણ જીવો અનુભવે છે, આ વાત યોગબિન્દુની ૫૨-૫૩-૫૪મી ગાથામાં અને ટીકામાં બતાવી છે.

---

- ❒ જે લોકો વ્યવહારમાં નિયંત્રણ વગરના હોય એ ધર્મમાં પણ નિયંત્રિત ન રહી શકે.
- ❒ કમાવું એ દોષ છે, પરંતુ કમાયા પછી બધું જ સંસારમાં ખર્ચવું એ મહાદોષ છે.
- ❒ ઉત્સાહને ભાંગી નાખવામાં ઉકળાટ મહાન ભાગ ભજવે છે; માટે ક્યારે પણ ઉકળાટથી કામ કરવું નહિ. ઉકળાટ ત્યાં અશાંતિ.
- ❒ ભગવાનની પાસે સામાન્ય પરિસ્થિતિમાં ભૌતિક સામગ્રી ન મંગાય; પરંતુ બીજા દેવો પાસે ભીખ માગતા ફરવું એના કરતાં ભગવાન પાસે જ માંગવું સારું. આ વચન શુદ્ધિ કહી છે.
- ❒ ભગવાન પાસે ન માંગવું અને એના દાસ પાસે માંગવું, એ ભયંકર ગુન્હો છે.

**જે જે યોગની પ્રશંસા ન કરે તેના હૃદયમાં તે તે ગુણ ગૌણ બને છે. સહાય કરવાથી રુચિ તીવ્ર બને. તીવ્ર બને એટલે તે ગુણ સાનુબંધ થાય.**

# કલહ ઉત્પન્ન થવાના કારણ

**૧) આપણી વાત પકડવી :-** બીજાની જાત માટે પકડીએ એટલે કલહ ઉત્પન્ન થાય. બીજા આપણી ઈચ્છા મુજબ કરવા જોઈએ એટલે કલહ ઉત્પન્ન થાય. સંસારી જીવો બધાય સ્વચ્છંદ. શક્તિ ન હોય ત્યાં સુધી પરતંત્ર. શક્તિ આવે એટલે સ્વતંત્ર. મામુલી બાબતમાં પોતાની ઈચ્છા કરતાં બીજાની ઈચ્છામાં પ્રધાનતા રાખવી. સંસારમાં જે કોઈ પરતંત્રતા દેખાય છે. તે સ્વાર્થના ઘરની છે. સજ્જન માણસો બીજાની ટીકા ટીપ્પણ કરે નહીં. ટીકા ટીપ્પણ કલહ ઉત્પન્ન કરે છે. માટે તો દુનિયામાં કહેવત છે કે ૧૬ વર્ષ પછી બાપે મિત્રની જેમ પુત્રની જોડે વ્યવહાર કરવો. ૧૬ વર્ષ પછી લાલન નહીં તેમ તાડન પણ નહીં. સ્વાર્થ મમતા કે નિર્બળતા હોય તો કોઈનું સાંભળે, નહીં તો ન સાંભળે. પોતાની ઈચ્છા મુજબ કરવું તે પણ કલહનું કારણ છે. પોતાની વાતનો બચાવ કરે તે પણ કલહનું ઉત્પન્ન થવાનું સ્થાન છે. વિરોધી પણ આપણે જે વાત કહીએ એ સાચી ૧૦૦%ની માને એવું આપણું વજન જોઈએ. કલહ ઉત્પન્ન જેનાથી થાય તેવા વિચાર-આચાર આરચતા આ બધું મોહગર્ભિતમાં જાય. લેવા દેવા ન હોય ને ખાલી વાતો કરવી તેમાંથી પણ કલહ ઉત્પન્ન થાય.

**(૨) બીજાની વાતનું ખંડન કરવું :-** તે પણ કલહનું કારણ છે. બીજાની વાત વિચાર્યા વગર એની વાતનું ખંડન ન કરવું. પરિસ્થિતિ, શક્તિ માપીને ખંડન કરવું. નાની વાતોમાં લેટ-ગો કરવું પડે. દુનિયાના મોટાભાગના કલહ સમજણ વિનાના હોય છે. માટે ગુજરાતીમાં કહેવત છે કે 'રજમાંથી ગજ થાય છે.' રજમાંથી ગજ મોહગર્ભિતવાળો કરે. આપણી ભૂલ આપણે સુધારવાના પ્રણિધાનવાળા નથી. એજ વાત

**જેટલી અનુકૂળતા વધારે એટલી વૈરાગ્યની મંદતા આવે; પરંતુ ઉગ્ર ધર્મીને જેટલી વધારે અનુકૂળતા મળે એટલો વૈરાગ્ય વધારે વિકસિત થાય.**

બીજાની આવે ત્યારે એનું મોટું સ્વરુપ પકડે તો કલહ ઉત્પન્ન થાય છે. પોતાની વાતને લેટ-ગો કરવી એટલે ભૂલનો પક્ષપાત છે. બીજાની વાતને લેટ-ગો કરે એટલે સુધારવાળી થાય છે. જ્ઞાનગર્ભિત હોય એને પોતાની ભૂલ હોય તો બીજા તેને બતાવે તો તે તેને ગમે. સારો માણસ સારા માણસને કહેતા અચકાય એ શેનું લક્ષણ છે ? કેટલીવાર ખોટો આરોપ પણ ગુણ હરનારો થાય છે. આપણે છદ્મસ્થ છીએ. ભૂલના પાત્ર છીએ. મામુલી કાર્યોમાં મામુલી દોષોની અંદર સંઘની વ્યક્તિના દોષોને જે ગાય છે. તે સમ્યક્ત્વને મલિન કરે છે. બીજાના દોષો ગાવાના ન હોય પણ યોગ્ય સમયે સુધારો થાય છે એવો હોય તો બતાવવા, તે પણ જાહેરમાં નહિં.

(૩) **વચનમાં કર્કશતા :-** અતિ વિશિષ્ટ પ્રસંગમાં વચનમાં કર્કશતા લાવવી પડે તોય મનમાં કર્કશતા ન લાવવી. પણ વચનમાં કર્કશતા તેને જ આવે જેને મનમાં કર્કશતા હોય. વચનમાં કર્કશતા તે મોહગર્ભિત છે. વચનમાં કર્કશતા તે કલહનું મૂળ છે. મોહગર્ભિત વાળાનો કલહ ન ઉતરે. જ્ઞાન. વાળાનો ઉતરે. આપણી અજ્ઞાનદશા કલહને ઉત્પન્ન કરે છે. સામાને દુઃખ લાગે તેવો વચન વ્યવહાર તે અસભ્ય વર્તન છે. અસભ્ય વચન છે. જીવનની અંદર તે જોવા મળતું હોય તો તે મોહ. છે. અસત્ય વચન પણ મોહ છે. પણ વિવેક, જ્ઞાન દ્વારા, સુભાવના દ્વારા પાપવાસનાને નાબૂદ કરી દેવાથી એનાથી કલહ ઉત્પન્ન ન થાય. ભાવનાથી ભાવિત હોય એને બાહ્ય કલહ કાંઈ જ અસર ન કરે. જ્ઞાનગર્ભિતતાના અભાવથી કલહ ઉત્પન્ન થાય છે. એટલે જ્ઞાનગર્ભિતવાળાને જીવનની અંદર નિરર્થક પાપો બહુધા નથી. અવિરત સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય, સમ્યગ્દ્રષ્ટિ આત્મા નિકાચિત પુણ્યના ઉદયથી રાજ્ય લેવા જાય. (ચક્રરત્ન) આવે ત્યારે અથવા ન્યાયનું રક્ષણ કરવા માટે યુદ્ધ કરવા જાય, તે કષાય ન્યાયગર્ભિત હોય છે. સમ્યગ્દ્રષ્ટિ આત્મા પ્રતિક્ષણ સાવધ હોય છે. સમ્યગ્દ્રષ્ટિ આત્મા કલહથી રહિત હોય છે. આપત્તિકાળમાં અસત્ય વચન હોયતો હજી કદાચ ક્ષંતવ્ય છે. તે જ્ઞાનગર્ભિત થઈ શકે. બાકી કોઈ પણ કાળે કરેલો અસત્ય વચન વ્યવહાર મોહનું લક્ષણ છે.

સંવેગ = પારિભાષિક અર્થ મોક્ષનો અભિલાષ, શાબ્દિક અર્થ કરીએ તો સમ=સારી-સાચી વેગ=ગતિ. વસ્તુને પ્રાપ્ત કરાવ્યા વિના અટકે નહીં. સંસારની ઈચ્છાઓમાં જીવ દોડે છે પણ એમાંથી નિવૃત્ત થતો દેખાતો નથી કારણકે સંસારની કોઈપણ ઈચ્છા પુનઃપુન જન્મ્યા જ કરે છે. એક ઈચ્છા બીજી દશ ઈચ્છાઓ ઉભી કરે છે. તેથી તે સમ્યગ્વેગ ન કહેવાય.

વિષય કષાયથી ઘેરાયેલાને મોક્ષનો અભિલાષ સ્વસ્થતા આપે છે. વિષયાદીને ઘટાડે છે, કારણકે (૧) જેને જેનો અભિલાષ હોય તેને અનુકુળ વર્તે છે. (૨) પ્રતિકુળ પ્રવર્તન ન કરે (૩) ન મળે તો પણ એની રૂચી તો સતત હોય જેમકે આચારપાલન ગમતું હોય પરંતુ પાળી શકતો ન હોય તે છતાં સતત ઝંખના-રૂચી તો ઊભી જ હોય છે. (૪) વિપરીતમાં આનંદ ન હોય, તપસ્વીને તપનાં દિવસે ખાવું પડે તો તેને આનંદ ન હોય (૫) અનુકુળ સંયોગ આવતાં ઈચ્છા અનુસારે તરત પ્રવર્તન કરે, ઈચ્છાની સિદ્ધિમાં વર્તે. જ્યાં સુધી મોક્ષનો અભિલાષ ન હોય ત્યાં સુધી એમાં પ્રવર્તન ન થાય. અને પ્રવર્તે તો પાછો આવે. અટકી જાય.

ઈચ્છા ઉપયોગમાં હોય કે ઉપયોગ વગર હોય ? તીવ્ર ઈચ્છાવાળાને તે તે ઉપયોગ વારંવાર આવે. જેને જેની તીવ્ર ઈચ્છા હોય તેનાં સંસ્કાર ક્ષયોપશમ પણ તીવ્ર હોય. ઉપયોગ પણ તીવ્ર હોય છે. એનાથી વિપરીત કાર્ય ઉપયોગ વગર પણ ન થાય.

આપણી મન—વચન-કાયાની પ્રવૃત્તિ અનાદિકાળથી સંસારના કારણ તરીકે પ્રવર્તે છે. કોઈ એક ગાળ દે તો સામે ગાળ દેવાનું મન

**આંતરિક સ્થિતિની અપેક્ષાએ સૌથી દુઃખી સમ્યગ્ દ્રષ્ટિદેવ છે, અને બાહ્ય સ્થિતિની અપેક્ષાએ સૌથી વધારે દુઃખી મિથ્યાદ્રષ્ટિ દેવો છે.**

થાય. ધર્મી આત્મા તેની ઉપેક્ષા કરે. મોક્ષનો અભિલાષ અશુભ પ્રવૃત્તિને અંકુશમાં રાખે - કોઈ ટકોર કરે - પ્રેરણા આપે અને એ ગમે તો મોક્ષનો અભિલાષ જાગેલો કહેવાય. મોક્ષનો અભિલાષ હોય તો તરત સ્વીકારાય. અન્યથા નહીં. સ્વીકારવું પડે એ વાત અલગ છે.

જે વ્યક્તિ ભૂલ કરે અને પછી સ્વીકારવા માટે તૈયાર ન થાય તે સંસારમાં ભટકવા માટે સર્જાઈ છે. પ્રેરણા કરે અને ગમે તો આપણામાં સંવેગ. એક યોગની સાધનામાં બીજા યોગની સાધના ન કરી શકે તે બને પણ અભિલાષા તો હોય જ.

ભૂલ કરતી વખતે બચાવ કરવો એ પણ મોક્ષનો અભિલાષ મંદ છે. બચાવ ન કરનારો કહે, તમારી વાત સાચી છે. પણ એવા સંયોગ કે વીર્યોલ્લાસ નથી માટે નથી કરી શકતો. આપણે આપણો બચાવ કરીએ ત્યારે આપણને થવું જોઈએ કે આપણને મોક્ષનો અભિલાષ મંદ છે. જેટલા જેટલા ધર્મ સ્થાનોની આરાધના નથી કરતા ત્યાં મોહ-મમતા શક્તિ જ મોટાભાગે કારણ છે. ત્યાં મોક્ષની અભિલાષા મંદ છે. એમ જણાય. ધર્મી સુખી માણસો બહુધા વેપાર ધંધા ન વધારે. જેટલી અનુકુળ સામગ્રી વધે એ બતાવે છે કે સંવેગની મંદતા છે. ભોગની ઈતરાજી જોઈએ ને ત્યાગની રુચિ જોઈએ.

જેના દિલમાં વૈરાગ્ય હોય તે ત્યાગ તરફ વળે. સંસારનું કાર્ય જેના હૃદયમાં ગૌણ બને. તે મોક્ષનો અભિલાષી છે. સંસારનું કાર્ય જેના હૃદયમાં મુખ્ય બને એના હૃદયમાં સંવેગની મંદતા. જેને ચારિત્રની ઈચ્છા હોય એને ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થતો આવે છે. મોક્ષની અભિલાષા જેને જન્માવવી હોય તે મનને સમજાવીને દબાવીને પણ ધર્મ કરવા માટે પ્રવર્તે છે. પછી મન એમાં રસ લેતું જાય છે. જે આત્મા મન ફાવે એ કરવું એમ વિચારે અને એમ કરે તે આત્મા સંસારમાં તણાઈ જાય અને ધર્મથી ભ્રષ્ટ થાય. સંઘની વ્યવસ્થા જે ન પાળે તેને સંઘ ન મળે.

**ધર્મી આત્મા પર વિઘ્ન આવે ત્યારે ઈન્દ્રનું સિંહાસન પણ કંપે.**

(૧) મોક્ષની અભિલાષા આવે તેની સાથે ઔચિત્યકરણ આવે. અનોચિત્યકરણ ભૌતિક અભિલાષને આધીન છે. મોક્ષનો અભિલાષ જે આત્મામાં હોય એમાં ઔચિત્ય આવીને ઉભું રહે છે. એનો સંસારનો અભિલાષ એની મેળેજ મોળો પડે છે.

તીવ્ર મિથ્યાત્વની અવસ્થામાં અને કષાયની તીવ્રતામાં અનૌચિત્યકરણ આવી શકે. મોક્ષની ઈચ્છા વગર આત્મામાં સ્વાર્થજન્ય ઔચિત્ય હોય સર્વત્ર ઔચિત્યકરણ ન હોય.

**ભવાભિનંદી આત્માને અનૌચિત્યકરણ ધ્રુવ હોય છે. મોક્ષાભિલાષી સર્વત્ર ઔચિત્યકરણ સાથે સંકળાયેલો હોય છે.**

(૨) મોક્ષના અભિલાષ સાથે સ્વચ્છંદ પ્રવૃત્તિ રોકાય છે. સંસારી આત્મા સંસારમાં તો સ્વચ્છંદ પ્રવૃત્તિ કરે છે. પણ ધર્મમાં પણ સ્વચ્છંદ પ્રવૃત્તિ કરે છે. મોક્ષના અભિલાષવાળો ઔચિત્યકરણ દ્વારા સીધો ચાલ્યો જાય. આડા-અવળા રસ્તાને છોડી દે.

મોક્ષનો અભિલાષ જેમ અનૌચિત્ય પ્રવૃત્તિને રોકે તેમ સ્વચ્છંદ વિચારસણીને પણ રોકે છે. જેને પુણ્યનો ખપ હોય તેને પાપ કે પાપની વિચારણા પણ ખપતી નથી.

જેને જેની વિચારણા ખપે એને એની પ્રવૃત્તિ ખપે છે. એવા ખરાબ વિચાર આવે તો આપણે એને કાઢવા માટે પ્રયત્નશીલ બનીએ છીએ. એ શું બતાવે છે ? એ આપણને ખપતા નથી (૩) સ્વચ્છંદ વિચારસણી અટકે તેથી સ્વચ્છંદ પ્રવૃત્તિ અટકે. અનૌચિત્યકરણ જાય અને (૪) મોક્ષનો અનાભિલાષ જાય પછી આજ્ઞા પારતંત્ર્ય આવે છે.

(૫) પછી ઉપાય પારતંત્ર્ય આવે છે. આવું જ્યારે આવે ત્યારે એની પદ્ધતિસરની નિશ્ચિત ગતિ છેક મોક્ષ સુધી ચાલે છે. (૬) નિરુપકમ

**જે લોકો વ્યવહારમાં નિયંત્રિત ન હોય એના કોઈ પણ કાર્યમાં ભરોસો રખાય નહિ.**

કર્મના અનુબંધ તૂટે. સોપક્રમ કર્મ તૂટે. આ છ જેનામાં છે. એ ચારિત્ર મોહનીય કર્મ ઉદયથી નીચે ઉતરે તો પણ દર્શન મોહ. ઉદયમાં ન આવે. **સમકિત દ્રષ્ટિ આત્માને અશુભ કર્મના અનુબંધ બંધાતા નથી.**

આત્માને ધૈર્ય-સહનશીલતા-વિવેક ભાવ જાગવાથી બીજા કર્મોથી અટકાવે છે. દર્શન મોહનીયનો નિકાચીત બંધ તોડવા માટે આ ૬ વસ્તુ શક્તિમાન છે. અલ્પકાળમાં આત્માને પાછા ઊંચા ચઢાવે છે.

એક વખત પણ હૃદયમાં જેને પાપનું પાપ તરીકે સંવેદન થાય એ આત્મા જાણીને પાપ ન કરે. પછી નવા અનુબંધ વધારે તીવ્ર પડતા નથી. કોઈ પણ બાહ્ય શક્તિ આવ્યા પછી પ્રવૃત્તિ કોની બદલાય ? જેનું હૃદય મોક્ષ સિવાય બાહ્ય ભૌતિક ચીજોને પ્રધાન કરે તેની. પાપ નિવૃત્તિની ઈચ્છા અને પ્રવૃત્તિ મોક્ષનો અભિલાષ લાવે છે.

પાપ ઈચ્છાને રોકવાનું નાબુદ કરવાનું નિવર્તન કરવાનું બીજ નીચેની છ વસ્તુઓમાં છે.

૧) મોક્ષનો અભિલાષ સર્વ અભિલાષાને નિવૃત કરનાર ૨) સર્વત્ર ઔચિત્ય લાવે છે. ૩) સર્વત્ર સ્વચ્છંદ પ્રવૃત્તિને રોકે ૪) સર્વત્ર આજ્ઞાપારતંત્ર્ય અને ૫) સર્વત્ર ઉપાય પારતંત્ર્ય લાવે છે. ૬) નિરૂપક્રમ કર્મનાં અનુબંધ તોડે છે.

**મોક્ષનાં અભિલાષને ઉત્પન્ન કરવાના ઉપાય !**

૧) વારંવાર મોક્ષને યાદ કરવો.

(૨) આપની મન-વચન-કાયાની અનુકુળ પ્રવૃત્તિઓ ત્રણ પ્રકારની છે. ૧) મોક્ષને અનુકુળ (૨) મોક્ષને પ્રતિકુળ (૩) મધ્યસ્થ પ્રવૃત્તિ (ઉદાસીન)

**જૂની અને નવી પેઢી વચ્ચેનું ઘર્ષણ હોવાને કારણે આજે ઘરોઘર ઝગડાઓ હોય છે.**

આપણામાં કઈ પ્રવૃત્તિ છે, તે વિચારવું. મોક્ષને અનુકુળ પ્રવૃત્તિને ઈચ્છવી-મોક્ષના ઉપાયો બીજામાં જે કોઈ છે તે પણ અનુમોદવા, પ્રશંસવા, એ પણ ઉપાય છે. (૩) આનંદથી પ્રવૃત્તિઓનો સ્વીકાર. અને બીજાની અનુમોદનાં કરવી કારણકે બીજાના સારા કાર્યની પ્રશંસા ન કરીએ તો મોક્ષાભિલાષા નાબૂદ થાય છે. (૪) આચરવું : મન-વચન-કાયાના યોગો મોક્ષ માર્ગે કાયમ પ્રવર્તતા રહે એ રીતે સ્વીકાર અને વારંવાર કરવાનું પ્રણિધાન કરવું. ૫) વધારવું :- મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં મોક્ષને અનુકુળ પ્રવૃત્તિઓ વધારતા જવી. (૬) શક્તિ રોજ ન ફોરવી શકીએ પણ અવસરે અવસરે તો ફોરવી શકીએ એનાથી આત્મામાં સંસ્કાર પડે. એજ મુખ્ય છે. આ છ વસ્તુથી-ઉપાયથી જે મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરે એને મોક્ષનો અભિલાષ જાગે છે.

ટૂંકમાં અંતે મોક્ષાભિલાષ ઉત્પન્ન કરવા માટે મન-વચન-કાયાની પ્રવૃત્તિ ઉપાય રુપ છે. (૧) ઈચ્છા (૨) પ્રશંસા (૩) આનંદથી સ્વીકારવું (૪) વધારવું (૫) આચરણ (૬) શક્તિ વધારવી (ફોરવવી) કરવું આ છ ચીજ છે. બીજાની આરાધનાની અનુમોદનાથી આપણી આરાધના વધારવી. બીજાને સહાય કરવી તે પણ આરાધના છે. સ્થવિર કલ્પીએ ગામમાં કે ઉદ્યાનમાં રહેવું પણ જંગલમાં ન રહેવું. જિન કલ્પી-વિશિષ્ટ સાધનાવાળી-પ્રતિમાધારી જંગલમાં પણ રહે ને ગામમાં પણ રહે છે. સાધના ઈચ્છા અને બીજાની પ્રશંસાથી ઉત્પન્ન થાય છે. આ બન્ને જેમાં ન હોય તો બાકીના ધર્મ કેવા થાય ? ''જિનકલ્પી ઉત્કૃષ્ટ સાધક હોવા છતાં સંઘમાં આપત્તિ આવે તો પોતે નિવારણ કરવા પહેલાં આવે. સંઘનું કાર્ય પ્રધાન ગણાય માટે બીજાની ધર્મ પ્રવૃત્તિમાં આનંદ થાય તે અનુમોદના છે. બીજાની આગળ કહીએ તે પ્રશંસા છે. જ્યાં બીજાના પ્રવૃત્તિનો પણ સ્વીકાર નથી ત્યાં જાતની પ્રવૃત્તિ અનિશ્ચિત છે. નિત્યધર્મ-પ્રાસંગિક ધર્મને સાચવી લે છે. નિત્યધર્મવાળો પર્વ આવે

બીજાનો કોઈપણ ગુનો, ત્રીજી વ્યક્તિને કહેવો એ ભયંકર ગુનો છે, ભયંકર કર્મબંધ કરાવે છે.

ત્યારે વિશેષ રીતે ધર્મ કરે એટલે નિત્યધર્મ કરનારો વિશેષ છે. પર્વમાં ધર્મ કરનારો ગૌણ છે. સ્થવિર કલ્પીના બધા ધર્મો જાહેર સ્વીકારવાના છે.

સ્થવિર કલ્પી અનેકની વચ્ચે છે. સંઘ અનેકની વચ્ચે છે. માટે દ્રવ્યક્રિયાને પણ પ્રધાન બનાવતો જાય તેને દ્રવ્ય-ભાવ બન્ને પણ હોઈ શકે છે શ્રાવકને અધ્યવસય વિશેષથી કેવલજ્ઞાન આવી શકે. પણ જ્યાં બાહ્ય સ્વીકાર ન હોય ત્યાં અંતર્મુહૂર્તથી વધારે ન ટકે (અધ્યવસાય-ભાવો)

(૧) સ્વીકાર કરવાથી અધર્મ પાપ રોકાઈ જાય છે. (૨) સ્વીકાર કરવાથી ધર્મની યોગ્યતા આવે છે. માટે પચ્ચક્ખાણ જાહેરમાં કરવાના છે.

પ્ર.અભિમાન ન આવે ? ના આવે. મને તમે પ્રેરણા સહાય કરજો માટે જાહેરમાં લે છે. (૩) આચરણ પણ જાહેરમાં કે ખાનગીમાં ? જાહેરમાં પણ.

**૩ પ્રકારની ભૂમિકા છે.:-** ૧) સંસારની ૨) સ્થિર ધર્મની ૩) વચગાળાની ભૂમિકા. પ્રતિક્રમણ સવારના ઉભા ઉભા કરવાનું પણ કેટલા દિવસ ઉભા ઉભા કરે ? જ્યાં સુધી બધા વચ્ચે ઉભા ઉભા કરે ત્યાં સુધી. આચરણ પણ તેજ ટકે જે જાહેરમાં થાય છે. અતિ ઉંચી ભૂમિકામાં રહ્યા હોય તેના આચાર ન બદલાય તે વાત જુદી.

જ્ઞાન-દર્શન-ચારિત્રના આચારના કાઉ. પહેલા કેમ ? (વંદિતુ પહેલાં) પછી કરવાના છે. છતાં આમ કેમ ?

વાંદણામાં લોચા ન વાળે માટે પહેલા. કાઉસ્સગ્ગ થઈ જાય ઉંઘ ઉડી જાય અજવાળુ થાય પછી વાંદણા વ્યવસ્થિત ઉભા થઈને આપે માટે પહેલાં કાઉસ્સગ્ગ બતાવ્યો.

**આપણામાં અધ્યાત્મદ્રષ્ટિ ન હોવાના કારણે કોઈ આપણું અપમાન કરે ત્યારે આપણે ઉકળી જઈએ છીએ.**

સામુહિક આચાર ભાવ કરતાં વધારે પ્રધાન છે. માટે આચરણ પણ સામુહિક હોવું જરૂરી છે. ૮ મહિનાનો આલોચનાનો તપ ભેગો થયો હોય તો તે ચોમાસામાં કરવાનો છે. શક્તિ હોય તો તે તપ દ્વારા વાળે. સામુહિક આચાર ન હોત તો - જેટલા મોક્ષમા ગયા છે. તેના લાખના કરોડના ભાગના પણ મોક્ષે ન જાત. (પ્રાયઃ ન ગયા હોત) જેમ વ્યક્તિગત મુલાકાત જેણે લેવી હોય તેણે પણ સામુહિક મુલાકાત લેવી જ પડે છે. તેમ સામુહિક આચરણ જરૂરી છે. દા.ત. કુમારપાળ રાજા વખતે રાજાઓની સાથે ભક્તિ થતી હતી. (સામુહિક જિન-પૂજા કરવા જતાં હતા.) પોતાના મેળે ઉત્સર્ગ આચરવા મંડે તે પણ કામ ન લાગે. પોતાના મેળે અપવાદ આચરવા મંડે તે પણ કામ ન લાગે. વડિલો જો મહત્વના કાર્યોમાં સામુહિક મર્યાદા ન જાળવે તો નાનાઓને આલંબન ન રહે. ઝેર મારક છે. છતાં પણ મારેલું ઝેર અમુક પ્રસંગે લેવામાં આવે તો તે લાભદાયી પણ થાય. તેમ અપવાદ હોવા છતાં પ્રસંગે તે આચરવું પડે તો પણ ક્યારેક લાભકારી પણ છે. ''પરિણામે લાભ હોય તો પણ અપવાદનો સ્વીકાર કરી શકે છે. તે અપવાદ અપવાદ નથી ત્યાં શાસ્ત્ર વિરુદ્ધ છે એમ ન કહેવાય. આરાધનાની વૃદ્ધિ માટે પર્વો મૂક્યાં છે. રોજ આરાધના નહિં કરનારને સ્મૃતિ માટે-કંઈક આરાધના માટે પણ પર્વો છે. આરાધકને વિશેષ વૃદ્ધિ માટે પણ પર્વો મૂક્યાં છે.

નિત્ય આરાધના નહીં કરનારો આત્મા ⎤
પર્વ આરાધના નહી કરનારો આત્મા ⎦ સાનુબંધ કર્મ ન બાંધી શકે.

પ્ર. શક્તિ ફોરવાનાની એટલે શું ?

નાનો બાળક ક્યાં સુધી આંગળીએ ચાલે ?

થોડા ટાઈમ સુધી. તેમ નિત્યની આરાધના નિત્ય ચાલે. પર્વની આરાધના પર્વમાં ચાલે. શક્તિને વિકસાવવા પણ આરાધના વધારે

સ્વાર્થમાં ગમે તેટલો લાભ દેખાતો હોય છતાં કુળમાં દૂષણ લાગતું હોય તો એ સ્વાર્થ-ધંધો છોડવો જોઈએ.

છે. શક્તિ ફોરવવાની ઈચ્છા જાગ્રત રહે છે. કેટલાક દુનિયાના કાર્ય કારણભાવો મોક્ષની વિરુદ્ધ છે. ખીચડીને દાળ બે હોય તો ખીચડી ન જ ખવાય તે કેવો કહેવાય ? દુનિયાના કાર્ય કારણભાવવાળો કહેવાય.

હવે વિરોધિ પ્રવૃત્તિ કઈ કે જેનાથી મોક્ષની ઈચ્છા ના રહે, નાબુદ થાય છે ? સંસારના કાર્યની અનુસારે કરીએ તો મોક્ષની ઈચ્છા મોળી પડે. માટે (૧) સંસારની અનુકુળ પ્રવૃત્તિમાં આનંદ ન માને. (૨) બીજાના ૧૮ પાપ સ્થાનકોની પ્રશંસા કરીએ તો પણ મોક્ષની ઈચ્છા મોળી પડે છે. ૩) સંસારના કાર્યની ઈચ્છા પ્રશંસા, મોક્ષની ઈચ્છાને નાબૂદ કરે છે. સુખી અવસ્થાનો માણસ પૂર્વભવથી ધર્મના સંસ્કાર લઈને આવ્યો હોય તોજ ધર્મ કરે છે. જનરલ દુઃખીને ક્યારેક પણ ધર્મ યાદ આવે. સુખીને નહીં ૪) જેટલી જેટલી સંસારની ઈચ્છા તીવ્ર બને તેટલી મોક્ષની ઈચ્છા મોળી બને છે.

સંસારની બંદગી મોક્ષ પ્રાપ્તિ માટે વિઘ્નકારક છે. અનુકુળતામાં જેટલા આગળ વધીએ તેટલો સંસાર હજુ વ્હાલો લાગ્યો છે એમ સમજવું ૫) અનુકુળ સારી વસ્તુઓ સંગ્રહ કરીએ તો તેટલી મોક્ષની ઈચ્છા પણ મોળી પડતી જાય છે. ૬) અનુકુળ વાપરીએ તો પણ મોક્ષની ઈચ્છા મોળી પડે છે. સ્વાભાવિક રીતે મળી ગયું હોય તો વાપરો તે વાત હજુ ઠીક છે.

પ્રશ્ન : મેલા કપડા સાદા કપડાં કોનું લક્ષણ છે ? ધર્મની વાસનાનું ભાવનાનું લક્ષણ છે. ધર્મીજીવનું લક્ષણ છે. સાદાઈથી જીવન જીવનારે પૈસો વધે એટલે ભપકો વધારવો ઉચિત નહીં. સાદાઈથી જ રહેવું જોઈએ સંસારની સામગ્રી આપણા હૃદયમાં સ્થાન ન પામે માટે આપણી પ્રવૃત્તિ (સારી ચીજ વાપરવાની) ઓછી કરવી જોઈએ. સાંસારિક પ્રવૃત્તિ ઈષ્ટ ન બને તો જ મોક્ષ ઈષ્ટ બને છે. સારું કાર્ય પણ ગુરુ પાસે

**સંસારી આત્માએ સંસારરૂપી રોગ દૂર કરવા સદાચાર રૂપી પથ્યને સેવવું જોઈએ.**

પાસ કરાવ્યા વગર કરાવવું તો તે ક્યારેક સાવદ્ય બને છે. માટે વર્જ્ય છે.

ઉપયોગીમાં પ્રવૃત્ત થવું તેમ વિરોધી અપાયોમાંથી નિવૃત્ત પણ થવું. ધર્મમાં ઉદાસીન-સંસારમાં પણ ઉદાસીન એવી કઈ ચીજ છે ? બધીજ છે.

ઉદાસીન વસ્તુઓ પ્રત્યે પણ ચોક્કસ રહેવું એ ધર્મનું પગથિયું છે. (૧) ઉપાયોમાં પ્રવૃત્ત રહેવું (૨) વિરોધમાં નિવૃત્ત હોવું (૩) ઉદાસીન વસ્તુમાં ચોક્કસ રહેવું.

અરિહંતના શાસનમાં જેણે રહેવું હોય તો તેણે બધી વાતમાં સુસ્થિત થવું પડે. સુસ્થિત એટલે સારી રીતીએ રહેવું. સંવેગને ઉત્પન્ન કરવા માટે ઉપાયોમાં પ્રવૃત્ત થવું સંવેગના નાશક કારણોમાંથી નિવૃત્ત થવું. ધર્મી આત્મા એ સંસારી તરીકે જે ઊત્તમ વસ્તુ કહેવાય એ ઉત્તમ વસ્તુ છોડવાની અર્થાત્ પ્રથમ નંબરે ત્યાગવી જોઈએ, બીજા નંબરે પરિમિતતા જોઈએ, ત્રીજા નંબરે જે છે તેમાં મૂર્છાનો ત્યાગ જોઈએ. જરૂરિયાતી વસ્તુ કેટલી રાખવાની ? સાધન પુરતી કે વધારે ? વસ્ત્રાદિથી શું થાય ? મોક્ષના અભિલાષમાં વિઘ્નરુપ થાય. પરિગ્રહ મોહને કહ્યો અને વધારે સંગ્રહ ને પણ કહ્યો છે. મૂર્છા ન હોય તો પણ તેના જીવનની અંદર ત્યાગ જોઈએ. બધી બાબતમાં વ્યવસ્થિત થાય એની મોક્ષની સાધના અખંડિત થાય છે. મન-વચન-કાયાની પ્રવૃત્તિને અંકુશમાં લઈએ તો તે અંકુશ આરાધનાના ભાવને મોક્ષના અભિલાષને ટકાવી રાખે. સામાન્યથી ધર્મ આરાધનામાં આત્માની કુશળતા મોક્ષની ઈચ્છાની તીવ્રતાના કારણે આવે છે. ઈચ્છાની મંદતામાં આદર અને પ્રવૃત્તિની મંદતા થવાથી કુશળતા આવતી નથી તેથી તેમાં નિષ્ણાત બનાતુ નથી.

**આત્મા મિત્ર પણ છે અને શત્રુ પણ છે. સીધા માર્ગે દોરાવે તો મિત્ર, અને અવળા માર્ગે દોરાવે તો શત્રુ.**

## ધર્મસ્વરૂપ વિચારીએ પ્રાણિ !

ધર્મ રૂપ ગુણને મેળવવાની ઈચ્છા ઉત્પન્ન થયા પછી ધર્મના સ્વરૂપની વિચારણા કરવી જોઈએ. સૂક્ષ્મ રીતે વારંવાર વિચારણા કરવી. પંચસૂત્ર-બીજા સૂત્રમાં શ્રધ્ધા-યથાવસ્થિત તરીકેની રૂચિ ઉત્પન્ન થયા પછી શું કરવું તે બતાવેલ છે. પરંતુ શ્રદ્ધા બે પ્રકારની છે. એક સામાન્ય રૂપે, બીજી વિશેષ રૂપે. પ્રથમ શ્રદ્ધામાં પોતાને અનુપયોગી લાગતી સ્વીકારની જરૂરીયાત ન લાગતી જે વસ્તુ તેની શ્રદ્ધા, જેમ ભર શિયાળામાં સવારના પાણીની જરૂરીયાત નથી ત્યારે તૃષ્ણા નાશકતાની શ્રદ્ધા સાચી હોવા છતાં પાણી પીવામાં પ્રવૃત્તિ ન કરાવે. આથી શ્રદ્ધા પ્રવૃત્તિમાં નિમિત્ત ન બને. વ્યવસ્થિત પ્રવૃત્તિ ન કારવે. આ ઓઘ શ્રદ્ધા. બીજી શ્રદ્ધા :- જે વસ્તુ કે પ્રવૃત્તિમાં જે ગુણ છે. જે લાભ છે. તેની શ્રદ્ધા તે મેળવવાની છે. જેને ઈચ્છા છે તેની શ્રદ્ધા પ્રવૃત્તિ કરાવે છે. તે શ્રદ્ધા વિશેષ જાણવા પ્રેરે છે. તે શ્રદ્ધા સત્ વસ્તુ, અસત્ વસ્તુ, ગુણ-ગુણાભાસ વગેરે વિચારણામાં નિર્ણય કરવામાં અને તે મુજબ પ્રવૃત્તિ કરવામાં પ્રેરે છે.

કારણમાં કાર્ય ઉત્પત્તિની વાસ્તવિક યોગ્યતાનું જ્ઞાન થાય તો કાર્યની ઈચ્છાવાળા કારણમાં પ્રવર્તે છે.

**ધર્મ અને ગુણ :** ધર્મથી ઉત્પન્ન થતા ગુણોને મેળવવાની રૂચિ થાય તેને નીચે પ્રમાણે વિચારણા કરવી :- અહીં ધર્મ = આચાર ધર્મ, પ્રવૃત્તિ ધર્મ, કારણ રૂપ ધર્મ. અને એનાથી આત્માના ગુણ = ક્ષયોપશમ વગેરે ઉત્પન્ન થાય અને શુભ સંસ્કાર ઉત્પન્ન થાય, તેને મેળવવા-સ્વીકારવાની ઈચ્છા ઉત્પન્ન થાય, તેને એ ધર્મ અને ગુણનું સ્વરૂપ વિચારવું. અને વારંવાર વિચારીને ભાવિત કરવું. ઈચ્છા ઉત્પન્ન ન

**સામેનો માણસ કર્મને આધીન હોવાને કારણે કોઈનું પણ સાંભળતો ન હોય તો એના પ્રત્યે માધ્યસ્થપણું રાખવું.**

થઈ હોય તેને પણ આ સ્વરૂપ સમજવું-વિચારવું. તેને એટલું સંવેદનવાળુ બનતુ નથી, કારણ કે હૃદયના તેવા ભાવથી વિચારાતુ નથી.

માટે ઈચ્છા ઉત્પન્ન કરવા માટે, જે મેળવવું છે તે જેમની પાસે છે, તે ગુણી અને ગુણ આધાર આશ્રયી અને શરણ લાગવા જોઈએ. તેનાથી જે વિરોધી છે. જે કારણોથી વિરોધી છે તે બન્ને વર્જ્ય, અનુપાસ્ય, હેય. ગર્હ્ય, ઉપેક્ષણીય લાગવા જોઈએ. અને સદ્ગુણી, સદાચારો, સદ્ભાવનાઓ, સદ્વ્યવહાર એ ઉપાસ્ય છે. પરંતુ ઉપાસનાનું સામર્થ્ય મેળવવા, જેમની પાસે સદ્ગુણો વગેરે છે. તેમના તે સદ્ગુણોની અનુમોદના કરવી અનિવાર્ય છે, અને એ અનુમોદનાને વ્યવહારમાં વ્યક્ત કરવા તે સદ્ગુણી વગેરેને નમસ્કાર પણ કરણીય છે. આ રીતે ચાર વાતથી કર્મનો ક્ષયોપશમ થવાથી ઈચ્છા થયા બાદ જે ગુણો - સદાચારો - સદ્ભાવનાઓ - સદ્વ્યવહારો મેળવવા જીવ ઝંખે છે તે ઈચ્છાને તીવ્ર બનાવવા સદ્ગુણો વગેરેના માહાત્મ્યથી ભાવિત બનવું પડે. તે માટે ઈચ્છા ઉત્પન્ન થયા પછી એના સ્વરૂપની ભાવના કરવી એમ બતાવ્યું છે, તે ભાવનનું સ્વરૂપ બતાવે છે :–

पयइ सुंदरत्तं अनुगामित्तं परोवयारित्तं परमत्थहेउत्तं तहा दुरणुचरत्तं भंगे दारूणत्तं महामोहजणगत्तं भुओ दुल्लहत्तंति ॥

"पयइ सुंदरत्तं" : શ્રી તીર્થંકર પરમાત્મા સર્વ દોષરહિત, સર્વ ગુણ સંપન્ન અને સર્વ શક્તિ યુક્ત છે. તેમ એ પરમાત્માએ કહેલો ધર્મ પણ સર્વ દોષરહિત છે, સર્વ ગુણ સાધક છે, સર્વ શક્તિને આપનાર છે. આવો ધર્મ આચાર રૂપ, ભાવના રૂપ, ક્ષયોપશમ રૂપ છે. પ્રથમ આચાર રૂપ ધર્મ આચરવો અનિવાર્ય છે. આચારમાં રૂચિ, સ્થિરતા ઉત્પન્ન કરવા માટે આચારોનું જ્ઞાન જોઈએ. આચારવાનની વચ્ચે રહેવું,

**જે ધર્મને અસ્થિમજ્જા કરીને દેવલોકમાં જાય તેનું સર્વવિરતિનું રીઝર્વેશન થાય છે.**

આચારોને ચોક્કસ રૂપે આચરવા, આચારના અતિચાર ભંગ વર્જવા, આચારના ઉપષ્ટંભકોને વારંવાર સ્મૃતિમાં યાદ કરવા અને આદરવા. એ પ્રમાણે આચારનાશક પ્રવૃત્તિઓ=વિચારણાઓને વારંવાર ખ્યાલ રાખીને વર્જવા. આચારો પર અહોભાવ વધારવો, અનાચાર પર ભય, અનાદર, તિરસ્કાર, ઉપેક્ષા કરવી. આ બધી વાતોનો વિચાર અને પ્રવૃત્તિ એ ભાવના છે. આચાર એ ક્રિયા યોગ છે, અને ભાવના એ જ્ઞાનયોગ છે, તે બન્ને દ્વારા ક્ષયોપશમ થાય છે અને બેઉ ભેગા થાય ત્યારે સાનુબંધ ક્ષયોપશમ થાય છે. જેમ નિશ્ચય વ્યવહારને ઓળંગે નહિ, આચારની ઉપેક્ષા ન કરે પણ આચારને સાહજીક પળાવે તેમ ભાવનાઓ પણ આચારને જીવનમાં સાહજીક લાવે છે. જેમ આચારની દ્રઢતા ચોક્સાઈના પરિણામને ઉત્પન્ન કરે છે. તેમ તેને અનુકૂળ ભાવનાઓ, વિચારણાઓ ઉત્પન્ન કરે છે. વિપરીત ભાવનાઓની વિચારણાની વિપરીતતા સમજાય છે અને ધીમે ધીમે ઓછી થતી જાય છે. ક્રિયાયોગ ભાવનાયોગને ઉત્પન્ન કરી, કાર્યસાધક છે. ભાવનાયોગ ક્રિયાયોગ સહકૃત જ હોય છે, ફક્ત ક્યારે ક ક્વચિત સંયોગકૃત અલ્પ કાલિન ક્રિયા ન હોય કે ઓછીવત્તી હોય તેમ બને. આ બન્ને યોગ ક્ષયોપશમ અને ક્ષાયિક આત્મગુણના કારક છે. તેથી ધર્મ આચરણ, ભાવના અને ક્ષયોપશમ ત્રણે પ્રકારનો છે એ સ્વભાવથી સુંદર છે.

સંસારને પ્રથમ સૂત્રમાં દુઃખરૂપ, દુઃખ ફળવાળો અને દુઃખાનુબંધી બતાવ્યો છે, એટલે કે જે આત્માઓ અધર્મ = પાપના આચારવાળા છે. પાપની ભાવનાવાળા છે. કર્મના ક્ષયોપશમને બદલે પાપના અશુભ સંસ્કારોથી ભાવિત છે. તે આત્મામાં રહેલ સંસાર એ જેમ દુઃખરૂપ વગેરે છે. તેજ પ્રમાણે ત્રણ પ્રકારનો ધર્મ એ સુખરૂપ-સુખ ફળવાળો અને સુખાનુબંધી છે માટેજ સંસાર જેમ સર્વાંશે પ્રકૃતિ અસુંદર છે. જ્યાં પુણ્યના ઉદયથી આવતી સુંદરતા છે. ત્યાં પણ પરિણામની અસુંદરતા છે. ત્યાં પણ ધર્મ એ પરિણામ સુંદર છે. પ્રકૃત સુંદર = આદિથી અંત

મૈત્રીભાવથી આપણા આત્મામાંથી વૈરભાવ નાશ પામે છે.

સુધી સારો અનુભવ થાય. આપત્તિમાં પણ શાંતિ ધૈર્ય આવે, સંપત્તિમાં પણ નમ્રતા આવે. ક્યાંય બીજાના દોષને પ્રધાન ન કરે, ક્યાંય પોતાની બડાઈ ન કરે, બીજાનો વિશ્વાસઘાત ન કરે, બીજાને જાણીને દુઃખ ન આપે, પોતાનો સ્વાર્થ ભૌતિક રીતે ગૌણ કરે. તેથી ધર્મ એ પ્રકૃતિ સુંદર છે. સ્વભાવથી સ્વપરને ગુણકારી છે.

અનુગામિત્તં = ધર્મ અનુગામી છે. જીવની સાથે બાહ્ય સામગ્રીઓ નથી આવતી પરંતુ જેમ પાપકર્મ જનિત પાપના સંસ્કારો ભવાંતરમાં સાથે આવે છે, તેમ ધર્મ આચાર, ધર્મ ભાવના જનિત ધર્મના સંસ્કારો પણ સાથે આવે છે. યાવત્ મોક્ષ સુધી એ રહે છે.

આદર પૂર્વક કરેલ ધર્મ સંસ્કાર રૂપે સાથે રહી ભવાંતરમાં અવસરે વ્યક્ત રૂપે પ્રગટ થાય છે. ધર્મ દ્વારા જે અશુભ કર્મો નાશ પામ્યા તે પણ ફરી આવતા નથી. જો ધર્મને સાચવવામાં આવે તો. અનુગામી શા માટે ? ધર્મ એ આત્મસ્વરૂપ છે. તેથી એ કાયમી સાથે જ છે. પરંતુ જ્યાં સુધી અધર્મ પ્રધાન છે. ત્યાં સુધી એ સજ્જન છતાં ગુપ્ત રહે છે, પોતાનું કાર્ય નથી કરી શકતો. પરંતુ અધર્મનો હ્રાસ થઈને ધર્મની પ્રધાનતા આવતી જાય છે ત્યારે તે વ્યક્ત રૂપે સ્થાને સ્થાને ક્રિયા દ્વારા, વિચાર દ્વારા, વાણી દ્વારા, પુણ્યરૂપી ફળ દ્વારા ક્ષમાદિ ગુણો દ્વારા, મૈત્રી આદિ ભાવના દ્વારા પોતાની હાજરી અને પ્રભાવ બતાવશે, અનેક જીવોને ધર્મનું સ્વરૂપ બતાવતો કાયમ સાથે રહે છે.

ધર્મી આત્માનો ધર્મ, ભાવના રૂપી ધર્મ અને ક્ષયોપશમ રૂપી ધર્મ કાયમ સાથે રહે છે માટે જિનવચનને ભાવિત કરી આત્મધર્મને બળવાન બનાવવો.

પરોવયારિત્તં = ધર્મમાં પરોપકારીપણું છે. પર=શ્રેષ્ઠ ઉપકાર બતાવવો કરવાપણુ. પર = બીજાને ઉપકાર કરવાપણું. ધર્મ આત્માને

**જેની વાણીમાંથી-પ્રવૃત્તિમાંથી મીઠાશ જાય છે. એને ક્યારે પણ શાંતિ મળતી નથી.**

શ્રેષ્ઠ ઉપકાર કરે છે, અલ્પ કાળમાં મોક્ષ પ્રાપ્ત કરાવે છે તેથી ભવિષ્યના સર્વકાળ માટે, સર્વ દુઃખથી, સર્વ દોષથી છુટકારો થાય છે. જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી પણ જીવ ધર્મના પ્રતાપે બહુધા દુઃખ રહિત અને સુખ સૌભાગ્ય વગેરે યુક્ત અને ઉત્તરોત્તર ધર્મ આરાધના અનેકને કરાવતો મોક્ષ સુધી પહોંચે છે સાંસારીક સુખ પણ ઉત્તમ કોટીના મળે છે. છતાં મમતા ન હોવાથી ત્યાગ પણ ઉલ્લાસથી આવે છે. જે ક્યારેક દુઃખ કોઈકને નિકાચીત કર્મથી આપે તેપણ પ્રસન્નતાથી સહન કરીને નિર્મૂળ કરે છે. સહન કરવાની ધૈર્ય શક્તિ અને કાયિક શક્તિ પણ મળે છે જેથી સહન કરી તે કર્મ ખપાવી દુઃખ રહીત બને છે. સાથે સમતા વિવેક યુક્ત હોવાથી દુઃખના કાળમાં પણ જે કર્મો ભોગવાય છે તે અને બીજા ઘણા કર્મો નિર્જરે છે. સુખી અવસ્થામાં અનાસક્તિ અથવા મંદ રાગદ્વેષ હોવાથી ઘણા પાપ કર્મ સમતા વિવેકના બળે નિર્જરે છે. જીવને સુખ-દુઃખના કારણે જ નિર્જરા થાય છે તે અલ્પ છે. તેમાં સુખના કાળમાં અલ્પ નિર્જરા થાય છે અને દુઃખના કાળમાં વધારે નિર્જરા થાય છે, તેના કરતાં પણ વિવેક સમતાયુક્ત દેશવિરતિના, સર્વવિરતિના પરિણામથી અસંખ્ય ગુણ કર્મ નિર્જરા થાય છે. અને એમાં પણ પરિણામની વિશુદ્ધિથી નિર્જરાની વૃદ્ધિ થાય છે માટે ધર્મી જીવો ધર્મના પ્રભાવે સુખી હો કે દુઃખી હોય પણ વિશેષ કર્મની નિર્જરા કરી ગુણદૃષ્ટિએ આગળ વધતા રહે છે. ધર્મનો આ શ્રેષ્ઠ ઉપકાર કાયમી છે. ધર્મીને તીર્થ કહેવાય છે. તીર્થ તારે છે તેમ ધર્મી પણું બીજાને શાંત કરે, વિવેક આપે, સન્માર્ગ આપે, માટે ધર્મી બીજાને પણ શ્રેષ્ઠ ઉપકાર કરે છે. જે ઉપકાર ધર્મી સિવાયના ક્યારે પણ કરી શકતા નથી. ધર્મી આજે ઉપકાર કરે તે પોતાનામાં રહેલા ધર્મના પ્રભાવે કરે છે. માટે ધર્મી એ પરોપકારી છે.

**ભગવાનની ભક્તિથી ચારિત્ર મોહનીય તૂટે, દર્શન મોહનીય તો સુતરાં તૂટે, જ્ઞાનાવરણાદિ કર્મો તેમજ નિકાચિત કર્મો પણ તૂટે.**

જેમ સારી રીતે વાવેલું એક બીજ અનેક બીજોને ઉત્પન્ન કરે છે અને પરંપરાએ અપરિમિત બીજોનું કારણ બને છે. તેમ એક આત્મામાં વાવેલો-ઉત્પન્ન થયેલ ધર્મ, એ આત્મા દ્વારા અનેક આત્મામાં ધર્મ ઉત્પન્ન કરે છે અને પરંપરાએ અપરિમિત આત્માઓ ધર્મ પામે છે. અને તે બધા શાશ્વતસ્થાન ક્રમશઃ પામે છે. માટે શ્રેષ્ઠ ઉપકાર છે.

**પરમત્થહેઉત્તં :** પરમાર્થ = વાસ્તવિક વસ્તુ, શ્રેષ્ઠ વસ્તુ તેનો હેતુ છે. ધર્મના આચારો, ભાવના અને તજ્જન્ય સંસ્કાર ક્ષયોપશમ. એ આ પરમાર્થ એટલે મોક્ષ. જે મેળવી આત્મા કૃતાર્થ થાય છે પછી કોઈ પ્રયોજન રહેતું નથી. તેવા મોક્ષનું કારણ છે.

પરમાર્થ પામ્યા પહેલાના ભૌતિક અને આધ્યાત્મિક શક્તિઓ, લબ્ધિઓ ઋદ્ધિઓ, ઐશ્વર્ય વગેરેનો પણ હેતુ છે એટલે કે ધર્મથી ક્ષાયિક ભાવો પ્રાપ્ત થાય છે. ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થાય છે. અનાસક્તવાળા પ્રશસ્ત ઔદયિક ભાવો પણ પ્રાપ્ત થાય છે અને પ્રારંભિક અવસ્થામાં કથંચિત આસક્તિવાળા શુભ ઔદયિક ભાવો પ્રાપ્ત થાય છે, અને આસક્તિ ઘસાતી જાય છે અને ધર્મ વધતો જાય છે.

આ ચાર વિશેષણો ધર્મના બતાવ્યા અને એથી વિપરીત પાપસ્થાનોના વિશેષણો સમજવાના છે. પ્રકૃતિ અસુંદરપણુ, પાપબુદ્ધિનું અનુગામી પણુ, સ્વ-પર અપકારીપણું, અપરમાર્થ હેતુ-ભ્રમ મોહનું કારણ છે.

આ ધર્મ વ્યવસ્થિત અને આદરપૂર્વક આરાધવો કઠીણ છે તે બતાવે છે અને તેનો નાશ કરે તો શું થાય ? તે જણાવે છે :-

**દુરણુચરત્તં :-** ધર્મ દુઃખે કરીને આચરી શકાય છે કારણ કે કર્મ, સંસ્કાર અને અજ્ઞાન આ ત્રણ અનાદિ કાળથી જીવને સંસારને અનુકુળ પ્રવૃત્તિ અને બુદ્ધિ કરાવે છે. તેથી તેવો જીવ ધર્મમાં અસ્થિર (ચંચળ)

**જેના જીવનમાં શાસ્ત્ર ઉપદેશનું શ્રવણ નથી, ચિંતન નથી એના જીવનમાં પ્રાયઃ વૈરાગ્યનો ક્ષયોપશમ થતો નથી.**

અરૂચિવાળો તેમજ ગુણને બદલે દોષદૃષ્ટિવાળો હોય છે. આ ત્રણે જ્યારે નબળા પડે ત્યારે જીવની પ્રવૃત્તિ અને બુદ્ધિ સુધરે અને તે સુધરવાથી રૂચિ જન્મે અને રૂચિ વધતી આવે, ત્યારબાદ ચંચળતા ઘટતી જાય અને સ્થિરતા આવે. જ્ઞાન, અભ્યાસ અને ભાવના દ્વારા રૂચિમાં અને દ્રઢતામાં સહાયક બને.

સત્પ્રવૃત્તિ દ્વારા ભાવના દ્વારા, જ્ઞાનાભ્યાસ દ્વારા અશુભ કર્મોના ઉદય રોકાય છે. મંદ થાય છે, અશુભ સંસ્કાર મોળા પડે છે. શુભ સંસ્કાર ઉભા થવાથી એ ઘસાય છે. જ્ઞાનની ભાવના વાસના પરાવર્તનાથી અજ્ઞાન અને અજ્ઞાન જનિત અશુભ સંસ્કાર નાશ પામે છે. માટે ધર્મ આદિ કાળમાં પ્રમાદિ આત્માને, ક્રિયારૂચી વિનાનાને કે જ્ઞાનરૂચી વિનાનાને દુઃખે કરીને પાળી શકાય છે. તેથી તેવા જીવો આજ્ઞા પ્રધાન બની આજ્ઞાનુસાર વર્તનારને ધર્મ સુઅનુચર થાય છે. એક ભવમાં જે ધર્મને વ્યવસ્થિત, આદરપૂર્વક અને વિરાધના વગર આચરે છે. તેને પ્રાયઃ બાકીના ભવોમાં ધર્મ સુઅનુચર બને છે. અનુચર=સર્વ રીતે. અનેક રીતે, વારંવાર, નિયમિત આચરવો. જેમ કાળજી વધે, રૂચિ વધે, તેમ તે આચાર-પ્રવૃત્તિ સર્વ રીતે, અનેક રીતે વારંવાર, નિયમિત આરાધાય અને તેથી શક્તિ, ક્ષયોપશમ, ઉત્સાહ વધે અને સુઅનુચર બને.

**ભંગે દારુણત્તં :-** ધર્મ આચરવા માંડે તેમ પ્રારંભમાં આત્મા અને મોહને લડાઈ થાય છે. ધીમે ધીમે આત્મા બળવાન બને અને મોહ નિર્બળ બને. આત્મા બળવાન બને તેમ આત્મિક સુખ પામે છે અને એથીજ પુણ્ય પ્રકૃતિઓના બંધ-ઉદય દ્વારા બાહ્ય સુખને પામે છે. જ્યારે પ્રમાદ, ઉપેક્ષા, બેદરકારી, સાંસારિક મોહ વગેરેની બળવત્તાથી જો ધર્મમાં અતિચાર અને નાશ કરે તો ધર્મના પ્રભાવથી જેવી આત્મિક શાંતિ અને

**ગુરુનું વચન પાળવાની ઈચ્છા એ શ્રદ્ધાનું કારણ છે, જ્યારે એને હસી નાખવું એ શ્રદ્ધાનાશનું કારણ છે.**

બાહ્ય અભ્યંતર ઉન્નતિ થતી આવતી હતી તે અટકી જાય, નાશ પામે. તેથી અલ્પ કાળમાં મોક્ષે જવાનું જે શક્ય હતુ તે પણ નાશ પામ્યું અને દીર્ઘ કાળ સંસાર ભ્રમણ ઉભુ રહ્યું. તેથી સંસારી જીવ જેવી ભયંકર દુઃખની સ્થિતિ પાછી સર્જાય છે. તેથી જે ઉન્નત સ્થિતિની ભૂમિકા થઈ હતી તે નાશ પામી વિરાધના મુજબ પાછુ દુર્ગતિ ભ્રમણ સર્જાય છે, જે દારૂણપણું છે. સંસારી જીવોના દારૂણપણા કરતા આ અપેક્ષાએ વધારે ભયંકર એટલા માટે છે કે આ સિદ્ધ અભિમુખ થયો હતો. આત્મિક સુખને યોગ્ય થયો હતો તે પાછો અયોગ્ય બન્યો. નહિ ભણેલા કરતા નાપાસ થનારને વધારે દુઃખ થાય છે. નહિ કમાયેલા કરતા ખોઈ બેસનારને વધારે દુઃખ થાય છે. ધર્મની વિરાધના કરનારને નરક, નિગોદ સુધીના દુઃખો ભોગવવા પડે છે. અને ધર્મની વિરાધના ન કરનાર - નિરતિચાર આરાધના કરવા મથનારને તિર્યંચ અને નરકગતિના દરવાજા બંધ થાય છે. ધર્મ આચરવામાં અતિચાર ન થાય તેની કાળજી રાખવી.

મહામોહજણગત્તં:- ધર્મમાં પ્રમાદ, ઉપેક્ષા, બેદરકારી અને અનાદર દ્વારા ધર્મમાં અતિચાર થાય છે અને ધર્મનો નાશ થાય છે. અને એના ફળ રૂપે ધર્મ વિરાધના કરનારને તે વિરાધના મહામોહને ઉત્પન્ન કરે છે. મોહ (૨) પ્રકારે આચાર વિષયક અને મંતવ્ય વિષયક. આચાર વિષયકમોહ મંતવ્યવિષયકમોહ વિના વધારે ટકતો નથી. તેથી મંતવ્ય વિષયક મોહ બળવાન છે તેનું નામ મિથ્યાત્વ મોહ. તે મિથ્યાત્વ મોહ પણ ધર્મ અભિમુખને હ્રાસમાન મહામોહ જનક નથી. પરંતુ અભવ્યને અને દુર્ભવ્યને એ મિથ્યાત્વ કાયમી મહામોહ જનક છે. તેમ વિરાધક આત્માને પણ વિરાધના દ્વારા ઉત્પન્ન થયેલ મિથ્યાત્વ મોહ મહામોહ જનક છે. તે જેવી વિરાધના તેને અનુસરે તેનો પાવર અને સાતત્ય કાળ રહે છે. મહામોહ = અત્યંત મોહ = વ્યામોહ. કમળાવાળાને બધુ

**આપણે ધર્મને વફાદાર હોઈએ તો ભગવાનના શાસનના અધિષ્ઠાયક દેવો આપણને સહાય કરે જ.**

પીળુ દેખાય. ભ્રમવાળાને શુક્તિમાં રજતનું ભાન થાય. મૃગજળમાં રેતીમાં પાણીનું જ્ઞાન થાય તેમ મિથ્યાત્વના ઉદયથી સંસારના વિષયો અને કષાયો દુ:ખ-રૂપાદિ હોવા છતાં સુખ સ્વરૂપ લાગે છે. આ વ્યામોહ છે. ધર્મ આચાર વગેરે સુખ સ્વરૂપ છતા વ્યામોહથી દુ:ખ સ્વરૂપ લાગે. આ વ્યામોહ પણ સામાન્ય હોય તો તો નિમિત્તથી ઓછો થાય પરંતુ અત્યંત હોવાથી એ અપવર્તનીય નથી હોતો તેથી નિકાચિત કર્મવાળા વિરાધક આત્માઓ એ એ નિકાચિત કર્મ ભોગવાઈને પ્રાંત ન આવે ત્યાં સુધી ધર્મ ભાવનાને યોગ્ય નથી. માટે ધર્મ વિરાધના એ મહામોહને ઉત્પન્ન કરે છે. વિરાધના ૩ પ્રકારે છે :- અનાદર, તિરસ્કાર અને નિંદા જાણીને અશુભ વસ્તુ અર્પણ આ મહા વિરાધના છે.

આદર હોવા છતાં પ્રમાદ અશક્તિ, આસક્તિ, અયતના વગેરેથી આચારના દૂષણો. પૂજ્યોનો પૂજા વ્યતિક્રમ. આ જ્યાં સુધી પશ્ચાતાપ અને આરાધનાના અંગો ઉપર આદર હોય ત્યાં સુધી મધ્યમ વિરાધના રૂપ છે. અનાભોગ અપવાદ યુક્તતા, આસક્તિ વગેરેમાં યતના વગેરે. આ જઘન્ય વિરાધના છે. પ્રથમ વિરાધના મિથ્યાત્વ રૂપ છે. બીજી વિરાધના ચારિત્રના અતિચાર અને નાશરૂપ છે. અને વધે તો સમ્યક્ત્વની મલિનતા અને નાશરૂપ છે. ત્રીજી વિરાધના પણ પશ્ચાતાપ મંદ થાય. અનાભોગ વારંવાર થાય, મામુલી કારણોમાં અપવાદ આચરાય તો તે ત્રીજાના બદલે બીજા પ્રકારની થાય અને પછી આગળ વધતી પ્રથમ પ્રકારની થાય છે.

જો મિથ્યાત્વ જગતમાં ન હોય તો અનંતકાળ સંસારમાં ભમી ન શકે, માટે ૧૭ પાપસ્થાનો અથવા તે સિવાયના સર્વ પાપસ્થાનોનું સેવન તેના પક્ષપાત પાપસ્થાનના રાગને દૃઢ કરીને મિથ્યાત્વને ઉદયમાં ખેંચી લાવે છે. પાપસ્થાનની દૃઢતામાં મિથ્યાત્વની દૃઢતા હોય છે.

**શ્રદ્ધા ઉત્પન્ન ન થાય ત્યાં સુધીનો ધર્મ એ વ્યવહાર ધર્મ, શ્રદ્ધા ઉત્પન્ન થયા પછી નિશ્ચયધર્મ આવે છે.**

મિથ્યાત્વની દૃઢતામાં પાપસ્થાનની પ્રસન્નતા થાય છે. મિથ્યાત્વની મંદતાથી પાપસ્થાનની મંદતા થાય છે. તેનો રાગ મંદ થાય છે. પાપસ્થાન અને તેના રાગની મંદના કરતા મિથ્યાત્વની પણ મંદતા થાય છે. જેમ સંસારી જીવોની સાથે અણબનાવ, આશાતના, અપ્રશસ્ત રાગદ્વેષાદિની પરિણતી સમા પાપસ્થાનથી પ્રેરિત થઈને થાય છે અને તેની તીવ્રતા મિથ્યાત્વ સહકૃત થાય છે, તે રીતે પંચ પરમેષ્ઠિની આશાતના પણ રાગાદિની પરિણતીથી થાય છે. અને મિથ્યાત્વમાં પરિણમે છે. માટે પાપસ્થાનના ત્યાગથી, મંદતાથી પશ્ચાત્તાપથી મિથ્યાત્વ મંદ થાય, નાશ પામે, તેમ ધર્મ આચરણ, શ્રદ્ધા વગેરે વધે છે. વિપરીતમાં ધર્મ આચરણ અને શ્રદ્ધા વગરે ઘટે છે, નાશ પામે છે. આશાતનાથી અનંત સંસાર ઉપાર્જીત થાય છે. છતાં કોઈક સાવદ્ય આત્માઓ સંવિગ્નપાક્ષીકપણુ જાળવી, આચારની શીથિલતામાં પણ સમ્યક્ત્વને શુદ્ધ પ્રરૂપણ અને પશ્ચાત્તાપ દ્વારા જાળવી રાખે છે, તેથી ભવાંતરમાં સુલભ બોધિ થાય છે. પાપસ્થાનો દ્વારા આચાર શીથિલતા, રાગદ્વેષની તીવ્રતા, પંચ પરમેષ્ઠિ અને ધર્મસ્થાનોની અવજ્ઞા, આશાતના અને એનાથી મિથ્યાત્વની પ્રાપ્તિ તેની તીવ્રતા, મહાવ્યામોહતા, વિપરીત બોધપણું, બોધિરહીતપણું થાય છે અને તેથી અશુભ કર્મબંધ, અશુભ અનુબંધની તીવ્રતા વગેરેથી દીર્ઘ સંસારપણું અનંત કાળ સુધી ધર્મ અયોગ્યપણું પ્રાપ્ત થાય છે. માટે ધર્મ પામેલ આત્મા ધર્મમાં અતિચાર ન લગાવે, ધર્મ નાશ ન થાય તેની કાળજી રાખવી. જેથી વ્યામોહ ન થાય. કોઈ ધર્મસ્થાનની અજાણતા વિરાધના થયા પછી તેની ઉપેક્ષા થાય, જાણીને વિરાધના કર્યા પછી પશ્ચાત્તાપની તીવ્રતા ન થાય અથવા પશ્ચાતાપ ન થાય અથવા અનુમોદના છે - કરે તો તેથી તે તે વિરાધના પ્રત્યે વિશેષ વ્યામોહ થાય. રૂચિ થાય. ઉપાદેય લાગે અને સાથે બધાજ પાપસ્થાનો પ્રત્યે વ્યામોહતાથી આકર્ષણ, રૂચિ

**કોઈને આશ્વાસન આપવું, હૂંફ આપવી, ધર્મ પમાડવો એ આચાર સંપન્નતા છે.**

અને બધાજ ધર્મસ્થાનો પ્રત્યે વ્યામોહથી ઉપેક્ષા, દ્વેષ, અરૂચિ થાય છે. માટે અપુનર્બંધક પૂર્વે જેમ બધા આત્માઓ વ્યામોહ યુક્ત હોય છે. તેમ ધર્મભ્રષ્ટ આત્માઓ પણ વિરાધનાની તીવ્રતા મુજબ વ્યામોહ યુક્ત હોય છે. માટે ધર્મ વિરાધના એ જેમ દારૂણ દુ:ખના ફળને આપે છે. તેમ મહામોહને ઉત્પન્ન કરે છે.

ભૂયો દુલ્લહત્તં :- જેમ ધર્મી આત્માને ધર્મ આરાધનાને પ્રતાપે ભવોભવ ધર્મ સામગ્રી અને ધર્મ આરાધનાની પ્રાપ્તિ નિયમા મળતી રહે છે. તે સુલભબોધિ હોય છે. તેવી જ રીતે ધર્મ વિરાધના કરનારને વિરાધના અનુસાર, વિરાધનાના પ્રતાપે એ વિરાધના જન્ય કર્મો લગભગ ન ભોગવાય ત્યાં સુધી ધર્મ સામગ્રી મળતી નથી. ધર્મની ઓળખાણ - રૂચિ કે આરાધના પામતો નથી. તેથી ફરીથી નીકટ કાળમાં એ ધર્મ આરાધના દુર્લભ છે. જ્યાં સુધી એ વિરાધના જન્ય કર્મ ભોગવાય ન જાય ત્યાં સુધી જીવને ફરીથી ધર્મ મળતો નથી, ધર્મ ઓળખતો નથી, ધર્મ સમજાતો નથી અને ધર્મની રૂચિ પણ થતી નથી. માટે ફરી પ્રાપ્ત ન થાય તેવું ન કહેતા ફરી દુર્લભ છે એટલે કે વિરાધના જન્ય કર્મ ખપાવ્યા બાદ તે મળે, તે પહેલા ન મળે, એ દુર્લભપણાનો કાળ ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્દગલ પરાવર્ત જાણવો અને કેટલાકને ૨-૫ ભવ પણ હોય છે. ધર્મ આરાધનાનો અવસર ગુમાવ્યાથી ફરીને અવસર ઝટ નથી મળતો. માટે વિરાધના ન કરવી, ધર્મ અવસરને ન ગુમાવવો.

ધર્મ સ્વીકારવા માટે શું કરવું ? તે બતાવે છે :-

एवं जहासत्तिए उचियविहाणेणं अच्चंत भावसारं पडिवज्जिज्जा

આ રીતે યથાશક્તિથી યોગ્ય ભેદથી - વિધાનથી અત્યંત ભાવપૂર્વક સ્વીકારે (શ્રાવકના સ્થૂલવ્રતો). આ રીતે ઉપર બતાવ્યા મુજબની ભાવનાથી ભાવિત બનીને યથાશક્તિ વ્રત લેવા, વ્રત બરાબર

**માણસ જ્યારે બહુ ગુસ્સામાં હોય ત્યારે એને ક્યારેય સમજાવવા પ્રયત્ન નહિ કરવો, પરંતુ મૌન રહેવું.**

સમજવા, પાલનની શક્તિ વિચારવી. જેટલા જેવી રીતે પળાય તે રીતે વિચારીને લેવા જોઈએ. સામાન્યથી પહેલા એ વ્રતો પચ્ચક્ખાણ વગર એમજ આચરીને પરિકર્મ કરાય છે. જેમ પ્રતિમાનું પરિકર્મ હોય છે. એ રીતે દેશવિર્રાત વ્રત આરાધનાથી જીવ પરિકર્મિત થાય, પરિપક્વ થાય પછી સર્વવિરતિ આરાધવાના સામર્થ્યવાળો બને છે. ક્વચિત કોઈને સીધીપણ સર્વવિરતિ આવે. તે કુલ સર્વવિરતિ પામનાર જીવોના એક અસંખ્યાતમાં ભાગ પ્રમાણ જીવો દેશવિરતિ પામ્યા વગર સર્વવિરતિ પામે છે એનો અર્થ એ છે કે નીચેના વ્રત પચ્ચક્ખાણથી પરિકર્મિત થયેલા, ઉપરના વ્રત પચ્ચક્ખાણ સહેલાઈથી પાળે છે. માટે શક્તિની ચકાસણી કરી વ્રતો સ્વીકારવા.

**વ્રતો સ્વીકારવાની વિધિ :- ઉચિયવિહાણેણં=**ઉચિત વિધાનથી = ગ્રહણ કરતી વખતે જે વિધિના પ્રકારો બતાવ્યા છે તે પૂર્વક ગ્રહણ કરે, તે પંચાશકના બીજા પ્રકારમાં બતાવેલા છે (૧) ગુરૂ પાસે જાણીને (૨) ગુરૂ પાસે ઉચ્ચરવા (૩) પ્રશસ્ત દ્રવ્યાદિ યુક્તમાં (૪) દેવ-ગુરૂ-ગચ્છની પૂજા ભક્તિ પૂર્વક (૫) દેવ-ગુરૂ-સાધ્વીજી-સાધુઓની સાક્ષીપૂર્વક આ સામાન્ય વિધાન છે ક્યારેય અપવાદિક વિધાનો –

(૧) સંપ્રતિ રાજાના પૂર્વ ભવની જેમ જાણ્યા વગર પણ લે.
(૨) કંડરિકના ભાઈ પુંડરીકની જેમ પ્રથમ જાતે લે. પછી સદ્ગુરૂ યોગે ફરી સ્વીકારે.
(૩) મરણ પથારી વગેરેમાં શક્ય શુદ્ધિપૂર્વક પ્રશસ્ત દ્રવ્યાદિ અભાવમાં પણ પ્રવર્ધમાન ભાવથી લે.
(૪) ગુરૂ, સાધર્મિક વગેરેના અભાવમાં અરિહંત, સિદ્ધ, દેવ, આત્મ સાક્ષીએ પણ લે. પરંતુ આ રાજમાર્ગ નથી, મુખ્ય માર્ગ નથી.
(૫) ગીતાર્થ ગુરૂ પાસે લે.

**અચ્ચંત ભાવસારં પડિવજ્જિજ્જા :-** અત્યંત ભાવપૂર્વક વ્રત સ્વીકાર

**જ્યાં શિસ્ત છે ત્યાં શાસન છે અને જ્યાં શિસ્ત નથી ત્યાં ટોળું છે.**

એ દ્રવ્ય અને ભાવ ઉભય રૂપ છે. તેમાં શક્તિ, વિચાર, વિવેક વગર સ્વીકારે તો તે દ્રવ્ય રૂપ બને અને શક્તિ-વિચારપૂર્વક સ્વીકારવામાં દ્રવ્ય અને ભાવ ઉભય રૂપ બને છે. ઉચિત વિધાનથી વ્રત સ્વીકાર એ દ્રવ્ય રૂપ છે. ભાવપૂર્વક = જિનાજ્ઞા પ્રધાનતાનો ભાવ, પાપ જુગુપ્સાનો ભાવ, પાપથી નિવૃત્તિનો ભાવ, પાપ અધ્યવસાય રહીત થવાનો ભાવ, આ બધા ભાવ સાર ભાવ છે. સાર= જેમાં તે રીતે સ્વીકારે કે ભાવ સામાન્ય નહિ, પરંતુ અત્યંત જોઈએ. જેમાં અત્યંત ભાવ હોય તે વાતમાં (૧) પ્રમાદ ન થાય (૨) નિંદા ન થાય (૩) અરૂચિ ન થાય (૪) ઉપેક્ષા ન થાય (૫) શક્તિ હોય તો પ્રવૃત્તિમાં ઓછાશ ન થાય (૬) શક્તિ ન હોય તોપણ કરવાની ભાવના રહ્યા કરે (૭) બીજા કરે તે ગમે (૮) બીજાને કરાવે (૯) બીજા કરતા હોય તેને સહાય કરે (૧૦) બીજા કરનારની પ્રશંસા કરે (૧૧) બીજા કરનારને જોઈને આનંદ પામે. માટે ભાવપૂર્વક વ્રત સ્વીકારે અને ભાવની વૃદ્ધિ કરે. આ ભાવની વૃદ્ધિ તે ક્ષયોપશમ વૃદ્ધિનું પ્રધાન કારણ છે. દ્રવ્ય પચ્ચક્ખાણ તે સામાન્ય ભાવપૂર્વકનું પણ હોય તો તે ક્ષયોપશમ કરવાનું અને ક્ષયોપશમ ટકાવવાનું કારણ છે. ક્ષયોપશમ વધઘટનું કારણ બાહ્ય આચારોની ચુસ્તતા, કાળજી, યતના અને એથી વિપરીત અદ્રઢતા બેકાળજી અયતના છે અને ભાવની વૃદ્ધિ હાની છે. માટે અત્યંત ભાવ સાથે સ્વીકારે અને પાળે. ક્ષયોપશમનું અંતરંગ કારણ ભાવ છે. તેની વૃદ્ધિ ને ક્ષયોપશમનું કારણ છે. ભાવની વૃદ્ધિનું કારણ આચાર ચુસ્તતા કાળજી અને યતના છે. ભાવવૃદ્ધિ હોયતો આચાર ચુસ્તતા વગેરે ભાવના ફળ રૂપે સાહજીક થાય છે. માટે દરેક ધર્મ અનુષ્ઠાન વર્ધમાન=અધિક અધિક ભાવથી સ્વીકારવા અને આચરવા.

આથી વિપરીત પાપઅનુષ્ઠાનો ન કરવા તે ઉત્તમ છે. પરંતુ કરવા પડે ત્યાં અત્યંત પશ્ચાતાપ-અરૂચિ વગેરે ભાવપૂર્વક કરવા જેથી પાપ

**આપણી સામે જે વ્યક્તિ બેઠી હોય તેને આપીને ખાવું એ શિષ્ટાચાર.**

અનુબંધ તુટે પાપ પ્રવૃત્તિ ઘટે અને વિરતિનો ક્ષયોપશમ એ પશ્ચાતાપના ભાવથી ઉત્પન્ન થાય.

શ્રી પરમાત્મા સર્વજ્ઞ જિનેશ્વર દેવના શાસનમાં સામાન્ય નવકારશીથી બધાજ પચ્ચક્ખાણ ગુરૂ વગેરે સાક્ષીએ સ્વીકારવા. આ વ્યવહાર ધર્મના પ્રતાપે જ દ્રવ્ય વેશના કારણે ભાવ-સાધુનો ભાવ દીર્ઘકાળ ટકે છે અને દ્રવ્ય ગૃહસ્થના વેશમાં ભાવનામાં ચડેલાને ભાવસાધુપણું અંતર્મુહૂર્તથી વધારે રહેતું નથી. માટે વ્યવહારથી સ્વીકારેલ વ્રતોમાં ભાવને જન્માવવાની ટકાવવાની, વધારવાની અને ભાવની પરાકાષ્ટાએ પહોંચાડવાની યોગ્યતા છે. માટે પરમાત્માએ ભાવ ધર્મના મૂળરૂપ વ્યવહાર ધર્મની સ્થાપના કરેલ છે. માટે ભાવની પરાકાષ્ટાએ પહોંચેલ પણ વ્યવહાર આચરે છે. ભાવમાં ક્ષયોપશમ રહેલ પણ કાળજીથી વ્યવહાર આચરે છે. ભાવની પ્રથમ ભૂમિકામાં રહેલા પણ વ્યવહાર આચરે છે અને અપુનર્બંધક વગેરેને ભાવનો આરોપ કરીને દ્રવ્યવ્રત દીક્ષા સુધી અપાય છે અને તેના બળે અનંતા ભાવ ધર્મ પામી મોક્ષ સુધી પહોંચ્યા છે.

• • • • • • • • • • • • • • • • • • • • • • • • • • • • • •

- સમ્યગ્જ્ઞાનનું વિશેષતયા અધ્યયન કરવાથી વિચારશીલ ક્રિયા આવે. લાભ નુકશાનનો ખ્યાલ પણ અભ્યાસ દ્વારા જ થાય.
- જેના આત્મામાં મુક્તિનો દ્વેષ હોય એ ક્યારે પણ આગળ આવી શકે નહિ.
- સંસારમાં રહે ત્યાંસુધી અપુનર્બંધક અવસ્થાવાળાને વધારે પાપ બંધાય નહિ; ઉગ્ર કર્મ પણ ન બંધાય, તીવ્ર ભાવથી તે પાપ ન કરે.
- દુકાનના પગથીયાઓને ક્યારે પણ પગે લગાય નહિ અને દેરાસરના પગથીયાઓને પગે લાગ્યા વગર અંદર પ્રવેશાય નહિ.
- માનસિક પાપ ક્રિયાને શાસ્ત્ર અધ્યયન દ્વારા પ્રાપ્ત થયેલી ભાવના અટકાવી શકે.

* આત્મા આત્માનો મિત્ર બને ત્યારે મન નોકર બને અને આત્મા શેઠ બને.
* મૈત્રીભાવથી આપણા આત્મામાંથી વૈરભાવ નાશ પામે છે.

# સાધુપદની ઉપાસના

શાસનનાયક અરિહંત પ્રભુ છે. શાસનનું કાર્ય પરંપરાએ સિદ્ધ અવસ્થા છે. શાસનનું અંતર કાર્ય જ્ઞાનદશા-મોહ-મંદતા-મોહ નિવૃત્તિ-બાહ્ય પુણ્ય, બાહ્યઆપત્તિ નિવારણ-આંતરિક ગુણોની ઉત્પત્તિ અને એ ગુણોની વૃદ્ધિ દ્વારા પરાકાષ્ટાને પામવું. શાસન સંચાલક આચાર્ય છે, અને તેમના હાથ નીચે રહેલા ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવીર, ગણાવચ્છેદક વગેરે આચાર્યને સંચાલન કાર્યમાં સહાય કરે છે. આચાર્યોએ ત્રણ પ્રકારના પ્રજાજન પર શાસન સંચાલન કરવાનું હોય છે.

(૧) બુદ્ધિધનથી સમૃદ્ધ (૨) બુદ્ધિધનથી મધ્યમ (૩) બુદ્ધિધનથી દરિદ્ર (તુચ્છ) (અહિં બુદ્ધિ તરીકે મતિજ્ઞાનપ્રધાન શ્રુતજ્ઞાન લેવું, ધન તરીકે મૂળ કે ઉત્તરવ્રતો લેવા.)

૧) ધન સમૃદ્ધ પ્રથમ પ્રકારમાં સાધુઓ આવે છે.

૨) ધન મધ્યમ બીજા પ્રકારમાં દેશવિરતિ ધર આવે છે.

૩) ધનથી દરિદ્ર-તુચ્છ ત્રીજા પ્રકારમાં અવિરતિ આવે છે; તથા ઉપરોક્ત ત્રણેયમાં બુદ્ધિ સમૃદ્ધ તીવ્ર પ્રતિભાસંપન્ન લેવા. બુદ્ધિ તુચ્છ તરીકે યથાવત્ શાસ્ત્રજ્ઞાન વગરના-પ્રતિભા વગરના પરંતુ ગીતાર્થ નિશ્રાવાળા જીવો લેવા. નિશ્રારહિત મિથ્યાત્વી વગેરે મૂર્ખકોટિમાં જાણવા. પ્રજાજન તરીકે સમૃદ્ધ કક્ષામાં સાધુ છે.

કોઈ પણ દેશ-રાજ્ય સમૃદ્ધ પ્રજાજનના હિત માટે ચાલે છે. સમૃદ્ધ પ્રજાએ વ્યવસ્થાને અવલંબીત છે. મધ્યમ પ્રજા એ સમૃદ્ધ પ્રજાને અવલંબીત છે, તથા દરિદ્ર પ્રજાએ મધ્યમ પ્રજાને અવલંબીત છે. સમૃદ્ધ પ્રજાના સ્થાને રહેલ સાધુપદ દ્વારા ઉપરના બધા સ્થાનો પમાય છે.

**પહેલાં વિરાધના કરેલી હોય અને પછી આરાધના કરે તો એ આરાધના દ્વારા વિરાધનાનું પાપ નાશ પામે.**

૧) સાધુપણાના આદર-બહુમાન વગર જિનનામ બંધાય નહિ તથા સાધુપદ પામ્યા વિના જિન થવાય નહિ.

૨) કેવળીને પણ સાધુવેશ વગર દેવો વંદન ન કરે. એ રીતે સિદ્ધપણું પણ સાધુપદ વિના ન મળી શકે. સિદ્ધપણું ક્યારેક બાહ્યની (વેશાદિની) ગેરહાજરીમાં મળે, તો પણ આંતરિક રીતે તો ત્યાં પણ સાધુપણું પામવું જ પડે.

૩) આચાર્ય-ઉપાધ્યાય-પ્રવર્તક-સ્થવીર-ગણાવચ્છેક પણ સાધુ બન્યા બાદ જ બની શકાય.

૪) અમુક ગુણવાળાને ભાવસાધુપણા વગર પણ દીક્ષા આપી ભાવસાધુપણું લાવવા માટે સાધુ તરીકેનો વ્યવહાર કરવાનું શાસ્ત્રો જણાવે છે.

૫) ભાવ આવેલા જતા રહ્યા હોય તો પણ જ્યાં સુધી વ્યવહારમાં તેવા પ્રકારની કલુષિતતા કે યોગ્ય આચારની હાની ન થાય ત્યાં સુધી ભાવ મુશ્કેલીથી જાણી શકાય તેવા હોવાથી અને ભાવોત્પત્તિના કારણભૂત આચારો અદૂષિત હોવાથી સાધુ તરીકે સંપૂર્ણ વ્યવહાર કરવો, એમ શાસ્ત્રો જણાવે છે.

ઉપરોક્ત હકીકતનો અર્થ એવો થયો કે આચારસ્થિત સાધુ અને સાધુના આચારો એ પૂર્ણ જિનશાસનરૂપી ચક્રનું નાભિ જેવું પ્રધાન સ્થાન ધરાવે છે; માટે સાધુ ઉપરના આદરથી જિનશાસન પમાય છે, સાધુ ઉપરના અનાદરથી જિનશાસન હારી જવાય છે.

કથંચિત્ આચારન્યૂન હોવા છતાં સાધુપણાના પ્રધાન આચારથી સાધુ સંપન્ન હોય ત્યારે તેના ઉપર પણ આદર જોઈએ. એની સાથે તિરસ્કારવૃત્તિ આવે તો પોતે જિનશાસન હારી જાય.

**જેને નિંદા કરવાની ટેવ પડી ગઈ હોય એણે આત્મનિંદા કરવી, જેથી પોતાના જીવનમાં પણ ગુણો પ્રગટે.**

જ્યાં સમકિતી નિર્મળ હોય ત્યાં આચાર સંપન્નતા સાહજીક હોય; જ્યાં સમકિતી નિર્મળ હોવા છતાં આચાર સંપન્નતા ના હોય ત્યાં આત્મગર્હા હોય છે. જ્યાં આચાર હીનતા હોવા છતાં આત્મગર્હા ના હોય, પરંતુ આત્મ ઉત્કર્ષ દેખાય ત્યાં સમકિતી પ્રાયઃ ન હોય; અથવા મલિન સમ્યક્ત્વ હોય, તેથી સાધુઓને જોઈને પણ પ્રાયઃ આ જગતના તારણહાર છે, પ્રભુના ભક્ત છે, જગતવંદ્ય ઉત્તમ છે; જોઈને આવું જેનું હૃદય અનુભવે તે નિર્મળ સમકિતી જાણવા.

જેમ પ્રભૂમૂર્તિ જોઈને હૃદય ગદ્ગદ્ આનંદિત-પ્રસન્ન-પ્રફુલ્લ થાય છે તે સમકિતીનું લક્ષણ છે, વિપરીત થાય તે મિથ્યાત્વ કે મલિન સમકિતીનું લક્ષણ છે; તેવી રીતે સાધુને જોઈને પ્રમોદ થાય તે નિર્મળ સમકિતી હોય અને ઉદાસીનતા, ઉપેક્ષા કે દ્વેષ થાય તે મિથ્યાત્વી કે મલિન સમકિતી હોય. માટે સાધુઓ ઉપર અહોભાવ-વાત્સલ્ય વધારવું.

સાધુઓના ગુણોની ઉપબૃંહણા કરવી. ઉપબૃંહણા બે પ્રકારે થાય. (૧) બધાની વચ્ચે (૨) એકાંતમાં, સામાન્ય ગુણોની એકાંતમાં ફક્ત તેની ઉપબૃંહણા કરવી. વિશેષ કાર્યમાં અનેકની વચ્ચે પણ ઉપબૃંહણા કરવી. અવારનવાર સ્નેહથી વાતચીત કરવી, શાતા પ્રસન્નતાદિ પૂછવા; એકાંતમાં તેમને કોઈ મુશ્કેલી દુઃખ વગેરે નથી ને, તે પૂછવું.

સાધુના આદરથી દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય ખપે છે, સમ્યગ્દર્શન નિર્મળ થાય છે, ભાવ ચારિત્ર મળે છે, નિર્મળ આરાધનાને યોગ્ય બનાય છે.

ચારિત્રના બાંધેલ અંતરાયો ચારિત્ર પાલનથી તૂટે છે, તેમ સાધુની ભક્તિ, આદર, ગુણાનુવાદ, ગુણાનુરાગથી તૂટે છે. સાધુના અનાદરથી-ઉપેક્ષાથી-નિંદાથી દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય ગાઢ બંધાય છે.

ધર્મસ્થાન અને ધર્મીનો આદર એ ધર્મનું બીજ છે; પાપસ્થાન અને પાપીનો આદર એ પાપનું બીજ છે.

# કેવળજ્ઞાનનું પ્રથમ કિરણ

ભાવનાજ્ઞાન એટલે અનુભવયુક્ત જ્ઞાન. એ જ્ઞાનમાં વસ્તુના ઐદમ્પર્યને પામેલા અનુભવો હોય છે. ઉપરછલ્લી વિચારણાઓ રહેતી નથી, ટકતી નથી. આ ઐદમ્પર્યજ્ઞાન બધા જ વિષયમાં પ્રવર્તે છે. એથી હેયવસ્તુનું જ્ઞાન થતાંની સાથે એમાં રાગાદિ પરિણતિ જો પ્રગટ થતી હોય તો હેયતાની પરિણતિ વ્યક્તરૂપે પ્રકટ થાય છે, નહિતર સંસ્કારરૂપે હોય છે. એવી જ રીતીએ ઉપાદેયતામાં પણ ઉપાદેયતાનો વ્યક્ત ઉપયોગ ઉપાદેય પ્રસંગ ઉપસ્થિત થયે આવે. એટલે કે ઐદમ્પર્ય જ્ઞાનવાળો દરેક વાતમાં આત્માને અનુલક્ષીને લાભ અને નુકશાનકારી તત્ત્વોનું વિભાજન કરે છે.

પ્રવૃત્તિ કે નિવૃત્તિ સામાન્યથી સ્વાભાવિક રીતિએ આ વિભાજનને આધીન છે. આ વિભાજન જ્યાં ન હોય ત્યાં આગળ બાહ્ય રીતિએ ધર્મમાં પ્રવૃત્તિ હોવા છતાં આંતરિક રીતે નિવૃત્તિ હોય છે. બાહ્ય રીતિએ પાપમાંથી નિવૃત્ત હોવા છતાં આંતર રીતે ચિત્ત પ્રવૃત્ત છે. તેથી ઐદમ્પર્યજ્ઞાન આવ્યાં પછી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેમાં આદર હોય છે, એટલે કે પ્રયત્નપણું હોય છે. અવિધિઓ સ્વાભાવિક રીતે નિવૃત્ત થાય છે. શક્ય વિધિઓ સ્વાભાવિક રીતે પ્રવૃત્ત થાય છે. એમાં વિશિષ્ટ પ્રયત્નો પરાણે કરવા પડતા નથી. **ઐદમ્પર્યજ્ઞાન પછી પ્રવૃત્તિ માટે વિધિનો બોધ મેળવવા ઉત્કંઠાથી પ્રયત્ન કરે.** ક્યારેક અનાભોગથી અવિધિ થાય તો પણ બાહ્ય વ્યવહારમાં તે દુષિત અને વર્જ્ય હોવા છતાં આધ્યાત્મિક ક્ષેત્રે એ અવિધિ પણ બાધક નથી. પરંતુ નિર્જરાકારક બને છે. માટે બારમાં ગુણઠાણે અજ્ઞાનજન્ય અસત્યમનોયોગ પ્રવર્તતો હોય તો પણ કેવલજ્ઞાન પ્રાપ્તિમાં અને નિર્જરામાં પ્રતિબંધક બનતો નથી, એટલે કે ઐદમ્પર્યજ્ઞાનથી = અનુભવજ્ઞાનથી વિધિ-નિષેધમાં પ્રવૃત્તિ

**વિચારીને બોલવું, બોલ્યા પછી તેનું અક્ષરશઃ પાલન કરવું આમ કરવાથી વચનસિદ્ધિ પ્રગટે છે.**

નિવૃત્તિ સાહજિક થાય છે. આ જ્ઞાન શ્રેષ્ઠરત્નની પ્રભા સમાન દેદીપ્યમાન હોય છે. તેથી આ જ્ઞાનથી આત્મામાં સાહજિક તૃપ્તિ, સાહજિક પ્રસન્નતા અને સાહજિક ક્ષમાદિ ગુણોને યોગ્ય ધૈર્ય પ્રાપ્ત થાય છે. આ નિરંતર હોય તો એ પ્રભા સમાન જ્ઞાનની વિશિષ્ટતાને સૂચવે છે. અશુદ્ધ રત્ન હોય તો પ્રભા ઓછી નીકળવા છતાં પણ તે આલ્હાદક હોય છે. શુદ્ધ હોય તો વધારે આહ્‌લાદક છે. એવી રીતે અનુભવજ્ઞાન અલ્પ પણ અને અલ્પ કોટિનું પણ આત્માને સાંત્વન વગેરે આપનાર છે. વિશિષ્ટ કોટિનું વિશિષ્ટ સમતા વગેરે સિદ્ધ કરનાર છે. એટલે કે અનુભવ કરાવે છે.

પહેલા શ્રુતજ્ઞાનમાં જીવને શ્રુતજ્ઞાનના રાગના કારણે સ્વદર્શન સંબંધી કંઈક પક્કડ હોય છે. બીજા ચિન્તાજ્ઞાનમાં ચિંતનની પ્રાપ્તિ થવાથી ક્યારેય આવી પક્કડ હોતી નથી. ત્રીજા અંતિમ ભાવનાજ્ઞાનમાં ચારિસંજીવનિના દૃષ્ટાંતથી, તત્ત્વદર્શિપણાને લઈ ગાંભીર્ય હોવાથી સર્વત્ર જ હિતપ્રવૃત્તિ હોય છે.

શ્રુત, ચિન્તા અને ભાવના; આ ત્રણ જ્ઞાનમાં પહેલા જ્ઞાનવાળા જીવને સ્વમત ઉપર આગ્રહ હોય છે. પોતાના જ્ઞાનને અનુસાર જે કોઈ માર્ગને વિષે ઉપાદેયતાનો કે હેયતાનો નિર્ણય કરે છે, તે નિર્ણય ઉપર તેને પક્ષપાત થઈ જાય છે, જેના કારણે તે અન્વયવ્યતિરેકથી દ્રવ્યક્ષેત્રકાળભાવથી, ઉત્સર્ગ કે અપવાદથી અર્થ વિચારી શકતો નથી. ઉપાદેયતાનો કે હેયતાનો નિર્ણય અમુક સંજોગોમાં ફરી જાય છે તેવો વિકલ્પ પણ તેને સંભવતો નથી. તેમજ પોતે પસંદ કરેલ માર્ગથી અન્ય માર્ગ દ્વારા પણ ઈષ્ટની પ્રાપ્તિ થઈ શકે છે, તેવો વિચાર હોતો નથી. આવા પ્રકારનો પક્ષપાત હોવામાં કારણ એ છે કે તેને પોતાના જ્ઞાન ઉપર અનુરાગ બંધાઈ ગયેલો હોય છે. તેમ છતાં પણ તેના આ જ્ઞાનમાં મિથ્યાત્વ ભળેલું ન હોવાથી તેનો આ પક્ષપાત, અઘટિત હોવા છતાં

**ક્યારેક સદ્‌વાંચન કે સદ્‌પ્રવૃત્તિ કરેલી હોય તો દુઃખમાં પણ સદ્‌બુદ્ધિ આવવા સંભવ છે.**

પણ, મનાક્ અર્થાત્ પ્રબલ કક્ષાનો હોતો નથી. તેથી જ જ્યારે શ્રુતમય જ્ઞાન વિકાસને પામી ચિન્તનાત્મક ભૂમિકામાં આવે છે ત્યારે તેનો આ અઘટિત આગ્રહ ટળી જાય છે. કારણ કે આ ભૂમિકામાં સૂક્ષ્મ, યથાર્થ એવી બધી જ બાજુઓની યુક્તિઓથી અને અભિપ્રાયોથી, સ્વબોધના અર્થનો વિચાર થતો હોય છે. માર્ગની ઉપાદેયતા સ્વસમયને આશ્રયીને છે માટે તે ઉપાદેય જ છે, અને જો તે પરતંત્રને આશ્રયીને હોય તો તે ઉપાદેય ન હોઈ શકે, અથવા તો માર્ગની ઉપાદેયતા સ્વસમયને આશ્રયીને છે, માટે તે હેય જ છે અને પરતંત્ર=પરસમયને આશ્રયીને હોય તો તે હેયતા પણ હોય આવા કે બીજા પ્રકારના એકાન્તમાં તે ક્યારે ય પણ રાચતો હોતો નથી, બલ્કે અર્થની ઉપાદેયતા કે હેયતાનો નિર્ણય, સ્વ કે પરતંત્રની કસોટીએ નહિ, પરંતુ ચિંતન, મનન દ્વારા યથાર્થ એવી બધી જ બાજુઓની યુક્તિઓથી તપાસી, અપેક્ષાએ બાધક ન બને તે રીતે યથાયોગ્ય નિર્ણય લેતો હોય છે.

આ ચિન્તાજ્ઞાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં ભાવનાજ્ઞાનમાં પરિણમે છે. તત્ત્વદર્શન એટલે કે પરિણામદૃષ્ટિ, ધર્મથી સુખ મળ્યુ અને પછી દુઃખ આવ્યું ત્યાં એમ વિચારે કે ધર્મ બે પ્રકારનો :- બાહ્ય અને આંતર, બાહ્ય ધર્મથી સુખ મળે પણ તે સમયે આંતરભૂમિકામાં ત્યાગ અને મૂર્ચ્છારહિતપણું હોવા જોઈએ, તે ન હતાં માટે બાહ્યધર્મથી સુખ મળ્યું પણ આંતરમલિનતાને લઈ સુખ પછી દુઃખ આવ્યું. આ પ્રમાણે પરિણામદૃષ્ટિથી તત્ત્વથી સંવેદનશીલ બને છે. તાત્ત્વિક અનુભૂતિને પામે છે, તત્ત્વમય પરિણતિવાળો થાય છે. ફળતઃ ક્યારેય પણ પોતાના જ્ઞાનથી ગર્વિત થતો નથી કે અન્યમાં જ્ઞાનનો ઉત્કર્ષ જોઈ ઉદ્‌વિગ્ન પણ થતો નથી. નિરર્થક કે અયોગ્ય પ્રશંસા અથવા નિંદામાં તેને સ્વરસ હોતો નથી, તેના આવા પ્રકારના ગાંભીર્યને લઈ, તે સર્વ જીવો પ્રતિ હિતકારી પ્રવૃત્તિ કરતો હોય છે. તેની પ્રવૃત્તિ કોઈ પણ જીવને

**એક સાધુની અવગણના, આશાતના, અવજ્ઞા એ બધાજ સાધુની અવગણના, આશાતના અવજ્ઞા છે.**

અહિતકારી હોતી નથી, કોઈને પણ અહિતકારી નથી એમ કહેવામાં આશય એ છે કે કોઈ વ્યક્તિ અનેક જીવના અહિતમાં પ્રવૃત્ત થયેલી તેને તે પ્રવૃત્તિમાંથી બળજબરીથી રોકવામાં, તેનું કથંચિત અહિત હોવા છતાં, તેમાં અનેકનું હિત રહેલું હોવાથી, એવી અહિત પ્રવૃત્તિ અહીંયા ન લેવી કારણ કે આમાં પ્રધાનતા અનેકના હિતની રહેલી છે. માટે જ શાસનના પ્રત્યનીકોને સર્વ શક્તિથી દાબવા-એવું વિધાન છે.

ભાવનાજ્ઞાનવાળાની સર્વત્ર હિતપ્રવૃત્તિ હોય છે, તે વાતને ચારિસંજીવનિ દૃષ્ટાંતથી સમજવા જણાવે છે. તે લૌકિક દૃષ્ટાંત આ પ્રમાણે છે :-

કોઈ એક સ્ત્રી પોતાના પતિને વશ કરવાની ઈચ્છાથી પરિવ્રાજિકાને ઉપાય પૂછે છે, અને કોઈક એવા સામર્થ્યથી તે પતિને બળદમાં ફેરવી દે છે, અને તે બળદને પ્રીતિથી ચારો-પાણી વગેરે આપે છે. એક વખત વૃક્ષની નીચે બેઠી હોય ત્યારે ત્યાં વિદ્યાધારી યુગલ આકાશમાંથી ઉતરી આવે છે. તેમાંની એક વિદ્યાધારી કહે છે કે આ સ્વાભાવિક નહિ, પણ કૃત્રિમ બળદ છે, ત્યારે બીજી તેણીને પૂછે છે કે તે સ્વભાવમાં કેવી રીતે આવે ? ઉત્તર આપતાં બીજી જણાવે છે કે આ વૃક્ષ નીચે સંજીવનિ ઔષધિ છે. જો આ બળદ તે ચરે તો તે પોતાની સહજ પુરુષ અવસ્થાને પામે. તે સ્ત્રી વિદ્યાધરીનું આ વચન સાંભળે છે. પરંતુ તે સંજીવનિ ઔષધિને ઓળખતી ન હોવાથી, તે પ્રદેશમાં રહેલ સર્વ વનસ્પતિનો ચારો બળદને આપે છે. તેમ કરતાં તે ઔષધિનો ચારો પણ આવી જતાં તે બળદ પાછો પુરુષ બની જાય છે.

તેવી જ રીતે અહીં ભાવનામય જ્ઞાનવાળા જીવરૂપ દાર્ષ્ટાન્તિકમાં પણ સમજવું. તે આ પ્રમાણે – જેવી રીતે, પશ્ચાત્તાપના કારણે, અને પતિ ઉપરના ભાવથી ચારિસંજીવનિ ચરાવવા ઉત્સુક સ્ત્રી સંજીવનિચારિ ન જાણી શકવાના કારણે બધા પ્રકારની ચારિ ચરાવે છે, તેવી રીતીએ

'બીજા દેવો પાસે જ માંગ્યા કરવું' એ જેમ ઉત્સૂત્ર છે, તેમ 'ભગવાન પાસે ન જ માંગવું' એમ કહેવું એ પણ ઉત્સૂત્ર છે.

ભાવનાજ્ઞાનવાળો, જીવોને પાપબુદ્ધિમાંથી નિવૃત્ત કરાવવા માટે પોતે વિશિષ્ટ જ્ઞાન વગરનો હોવાથી ક્યા જીવોને ક્યો ક્યો ઉપદેશ લાગુ પડશે તે ચોક્કસ નિર્ણય ન કરી શકવાથી એ અનેક પ્રકારના ઉપદેશને આપે છે. એમાંથી યોગ્ય જીવો પોતપોતાની રૂચિ અનુસાર તે તે ધર્મને વિશેષરૂપે પકડે છે. અને એના બળથી અજ્ઞાન અને મોહ ઘટાડવા માટે સમર્થ થાય છે. જો એની રૂચિ તોડીને બીજો ઉપાય બતાવીએ તો એ જીવોમાં પ્રારંભિક અવસ્થા હોવાથી સમર્પણ ભાવ નહિ હોવાથી તે ઉપદેશને સ્વીકારવાનું અને આચરવાનું ન કરતાં ઉલટો દ્વેષને ધારણ કરે છે. જીવને સંસારના અનેક ક્ષેત્રો ઉપર દૃઢ રાગદ્વેષ રહેલા છે. જે બાબતમાં દૃઢ રાગદ્વેષ રહેલા હોય તેના વિરોધની વાતો કે વિરોધના ઉપાયો જીવ સાંભળી શકે નહિ, રૂચિ કરી શકે નહિ કે આચરી શકે નહિ. પરંતુ જે બાબતમાં કર્મના ક્ષયોપશમના કારણે કે મંદતાને કારણે અભિરૂચિ કે દ્વેષ મંદ પડ્યા છે તે બાબતમાં તે અંશતઃ ધર્મ ઉપર સાહજિક રૂચિ અને ઈચ્છા થાય છે, માટે ઉપદેશમાંથી તે એવી વસ્તુ પહેલા પકડે છે, અને એને જીવનમાં ઉતારવા સહેલાઈથી પ્રયત્ન કરે છે, અને એ ઉતારવા દ્વારા બીજી અભિરૂચિ અને દ્વેષો મંદ બનતા આવે છે. માટે બાળજીવોની રૂચિ જાણવા માટે અનેક પ્રકારનો ઉપદેશ આપવો પરંતુ જેની રૂચિ નિશ્ચિતપણે જણાયેલી છે તેવાને એ રૂચિ અનુસાર તે આગળ વધે એવો ઉપદેશ આપવાથી બીજા આરાધનાના અંગોમાં અરૂચિ હોય તો તે નાબુદ થાય છે અને રૂચિ ઉત્પન્ન થાય છે એવું આનુષંગિક કાર્ય થાય છે. ભાવનાજ્ઞાનવાળો સામા સાથેના વ્યવહારમાં કઈ રીતે એની રૂચિ-અનુકૂળતા જળવાઈ રહે તે પ્રધાનતયા લક્ષ્યમાં રાખનારો હોય છે.

શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાન, ભાવનાજ્ઞાનના હેતુભૂત છે માટે તે સમ્યક્ અને ઉપાદેય છે.

**ધન મળ્યા પછી જો એનો સુપાત્રાદિમાં વિનિયોગ ન કરે તો તેને અંતરાયકર્મ બંધાય.**

# વિનય વૃક્ષનાં મુળ

વિનય એ સમ્યક્ત્વ વગેરેનું મૂળ છે. પરંતુ વિનયનું મૂળ કોણ ? તો ષોડશકજીમાં પૂ.આ.શ્રી હરિભદ્ર સૂ.મહારાજે વિનયનાં મૂળ-કારણ તરીકે પાંચ વસ્તુ બતાવી છે. ૧) સિદ્ધાન્ત કથા ૨) સત્સંગ ૩) મૃત્યુનું પરિભાવન ૪) અને ૫) સુકૃત-દુષ્કૃતના ફળનું પરિભાવન

**૧) સિદ્ધાન્તકથા :-** કથાના બે અર્થ થાય છે ૧) વાર્તા ૨) કથા. સિદ્ધાન્તમાં આવતા ચરિત્રો-સિદ્ધાન્તમાં આવતા હેય-ઉપાદેય વગેરેની સમજણનું વર્ણન, આ બન્નેને કથા કહેવાય. સિદ્ધાંતની સમજણ-વિચારણાને પણ સિદ્ધાંતકથા કહેવાય. જેમ ભોજનનું વર્ણન કરે તે ભક્તકથા કહેવાય. જ્ઞાતાધર્મકથામાં સાડાત્રણ કરોડ વાર્તાઓ છે. કહ્યું છે કે ૩।। કરોડ એ કાંઈ વધારે ચીજ નથી. જે વસ્તુ અત્યારે વિચ્છેદ થઈ છે, અને તે આપણને ન મળે તો એ સાચું ન મનાય ? મનાય. આજ સુધી માણસના ચરિત્ર કેટલા થયા ? અનુયોગની અંદર તેનાથી પણ વધારે છે. શાસ્ત્રમાં ઉપલબ્ધ વાતોમાંથી કોઈક પાપના ફળ બતાવનારી હોય તો કોઈ ધર્મનું ફળ બતાવનારી હોય છે. સાથે સાથે પાપી આત્મા ઉંચો કેવી રીતે આવે ને નીચો કેવી રીતે પડે છે, તે પણ બતાવાય છે. આ કથા સાંભળવાની, વાંચવાની, વિચારવાની - બધુંજ ધ્યાન રાખવું. એક પાપનું વારણ બતાવે છે, તેમ એક ધર્મ શી રીતે કરવો, તે બતાવે છે. આજે તાજી વાત સાચી મનાય છે પણ તાજી વાત જ જેને પરખતા ન આવડે તો ? તાજી વાત વિભાજન કરતા આવડે તે તો ઠીક છે, પણ વિભાજન જ ન આવડે તો ? શ્રોતાના હૃદયમાં સંવેદન થાય તો તાજી વાત બતાવવી. સિદ્ધાન્ત કથામાંથી શું લેવાનું ? હેય-જ્ઞેય-ઉપાદેય શું છે ? શું ગ્રાહ્ય છે ? શું છોડવા જેવું છે ? શું જાણવા જેવું છે ? તે સિદ્ધાન્તમાં આચરવાની પણ વાત આવે છે. થોડું વધારે ખાય તો શું થાય ? ઓછું ખાય તો શું થાય ? તેમ સિદ્ધાન્ત

અધ્યાત્મ એટલે આત્માને ઉદ્દેશીને જે શુભ પ્રવૃત્તિ કરવામાં આવે તે.

કથા સાંભળવાથી લાભ થાય છે. હેય-ઉપાદેય તત્ત્વ જ્યાં સુધી આત્મસાત્ થાય નહિ ત્યાં સુધી તે વિચારવાનું. શાસ્ત્રની વાત એક વાર વાંચવાની કે અનેકવાર ?

**સભા : પણ વારંવાર સાંભળવાથી કંટાળો આવે છે.**

જવાબ : શ્વાસોશ્વાસ વારંવાર લેવાથી કંટાળો આવે છે ? કેમ નથી આવતો ? ત્યાં રસ છે. હેય-ઉપાદેય સ્વાભાવિક વણાય નહિ ત્યાં શુ કરવું ? શાસ્ત્રનું પરિશીલન કરવું. પરિશીલન શેનાથી ? શાસ્ત્રથી કે આચારથી ? સાંભળો-જાણો એ પછી પણ આચાર ક્યારેક જ આવે. માટે શાસ્ત્રનું પરિશીલન જોઈએ. જેમ વર્જન ઉપાય છે, તેમ પરિભાવન પણ ઉપાય છે. સિદ્ધાન્તની વાતો પહેલા જાણો. સિદ્ધાન્તની વાતો જાણી જાણીને વાગોળો, વાગોળીને પરિણામમાં લાવો. વાગોળવાથી જ ભાવિત થવાય છે.

સિદ્ધાન્તની વાતો-શાસ્ત્રોની વાતો - જેમ વાંચે-સાંભળે-વિચારે તેમ તેમ રુચિ ઉત્પન્ન થાય. શાસ્ત્રમાં કથાનકો આવે તે સાંભળે તો પણ રુચિ ઉત્પન્ન થાય.

સિદ્ધાન્ત કથા કોની પાસેથી મળે ?

**(૨) સત્સંગ :-** ગુરુનો સંગ એમ ન કહેતા સત્નો સંગ કહે છે. સત્નો સંગ એટલે શું ? જે સારા વિચાર, આચાર ને પ્રેરણાવાળા હોય તેમનો પરિચય તે સત્સંગ. જે ખોટી પ્રેરણા આપે તે અસત્સંગ કહેવાય. વિચાર, આચાર ને વચન ત્રણેને પરસપર સંબંધ ખરો કે નહિ ? ખરો. આચાર ને વિચારમાં ફેર ખરો કે નહિ ? **વિચાર જેના નીચા હોય, તેનો આચાર સાહજીક ઉંચો ન હોય - બનાવટી હોય.** જેના વિચાર નીચા હોય, તેની વાણી ઉંચી સાહજીક ન હોય. માણસ ઊંઘમાં જે બબડે તે વિચારને અનુસારે બબડે છે. સાહજીક જેના વાણી-વિચાર સારા, તેના

**ધર્મી ઔચિત્ય માટે પોતાને ઘેર પ્રસંગ હોવાને કારણે જમાડે છે, જ્યારે બીજો માણસ એમને એમ શક્તિ બતાવવા લોકોને જમાડે છે.**

આચાર પણ સાહજીક સારા હોય છે. માણસને મદિરા પિવડાવાય છે શા માટે ? સત્ય બોલાવવા માટે, વાણી પકડવા માટે. તેમ વાણી આચારથી પકડાય છે. સત્સંગ એક કર્તવ્ય છે. સત્સંગથી વિનય આવે. નાસ્તિકને નાસ્તિક ભેગો થાય ત્યારે બધુ બહાર આવે; આસ્તિકને આસ્તિક ભેગો થાય ત્યારે બધુ બહાર આવે.

પહેલા સત્સંગ કે સિદ્ધાન્ત કથા ? સત્સંગ વગર સિદ્ધાન્ત કથા ન આવે; હવે સત્સંગ ક્યારેક મળે, ક્યારેક ન પણ મળે. ત્યારે સિદ્ધાન્ત મા-બાપ-ભાઈ-બહેન પાસેથી પણ મળી શકે છે. માટે સત્સંગ બીજા નંબરમાં લીધું છે. સિદ્ધાન્ત મળે ને સત્સંગ ન મળે, તો શું કરવું ? સિદ્ધાન્ત મળ્યા પછી સત્સંગ ન મળે તો સિદ્ધાન્ત ભાવિત થાય નહિ. ગુણો સત્સંગથી ઉત્પન્ન થાય છે. વડીલો વિનય કરતા હોય તો નાના વિનય કરતા શીખે. પણ વડીલો અવિનય કરે તો નાનાને અવિનય કરવાનું મન થાય.

સત્સંગ બે પ્રકારનો છે :- ૧) સ્મૃતિરૂપે ૨) સાનિધ્યરૂપે-બાળજીવો માટે સાનિધ્ય રૂપે જોઈએ. પછીના જીવો માટે સ્મૃતિરૂપે જોઈએ. આચાર પણ બે પ્રકારે છે. ૧) વચનને અનુસારે (સાંભળીને) ૨) ઉપરવાળાએ કર્યા છે માટે (આંશિક અનુકરણ) કહ્યું તેમ કરવું તે સાનિધ્ય, ને સ્મૃતિરૂપે કરવું તે સ્મૃતિ. જાપ કરવા, ધ્યાન કરવા, શુભ વિચારણા કરવા બેસનારને સ્થિરાસને અક્કડ બેસીને કાઉસ્સગ્ગ મુદ્રામાં બેસવાનું. આમ મહાપુરુષનું આંશિક અનુકરણ કરવાથી, વીર્યન્તરાયનો ક્ષયોપશમ થાય. આચાર માર્ગની અંદર શું કરવાનું ? પૂર્વ મહાપુરુષના માર્ગે અનુસરવું. હાજરરૂપી સત્સંગ કદાચ મળે, કદાચ ન પણ મળે, પણ સ્મૃતિરૂપે સત્સંગ કાયમ મળે.

સત્સંગ નીચેની ચાર ચીજો આપે છે - (૧) જ્ઞાન, (૨) પ્રેરણા (૩) આલંબન અને (૪) પ્રોત્સાહન. સત્સંગ જ્ઞાન આપે છે - પ્રેરણા કરાવે

**ઉત્કંઠા અજ્ઞાન અને મોહના કારણે ઉત્પન્ન થાય છે; આત્મદૃષ્ટિ મોહનો નાશ કરે છે.**

છે - આલંબનરૂપ બને છે - પ્રોત્સાહનપણ કરે છે. સત્સંગ હંમેશા પ્રેરક હોય છે. સત્સંગ બધા આચારનું મૂળ છે. સજ્જન માણસો યોગ્ય માણસોને યોગ્ય સમયે કહ્યા વગર ન રહે. સજ્જન મલમ પટ્ટા કર્યા વગર ન રહે. દુર્જન મલમપટ્ટા વખતે જ ક્ષાર નાખતો હોય છે. સજ્જન પોતાના જીવનથી બતાવે, ત્યારે દુર્જન પોતાના જીવનથી પણ ઉંધુ બતાવે છે. જિનકલ્પીને પણ અવસર આવે તો બે/ચાર વાક્યો કહેવાની છૂટ છે.

ચિંતા એટલે શું ? બોધરેશન નહિ, પણ ચિંતા એટલે યોગ્ય જીવને યોગ્ય ઠેકાણે લાવવો હોય તો પણ તે ચિંતા કહેવાય છે. માટે અહીં પરચિંતા અધમાધમા ન લગાડાય. પરચિંતા અધમાધમા કહ્યુ છે, પણ પર ઉપકાર તો અધમાધમા કહ્યું નથી ને ? શીલ, સમાધિ, શ્રુત એ ત્રણનું મૂળ પરોપકાર છે. બીજાનું કરવાની બુદ્ધિ યથાયોગ્ય ન હોય તો તે ધર્મ જ કહેવાય નહિ. સત્પુરુષોના આચારથી સંસાર રસિક આત્માઓને રસ ન આવે. સુકૃત લાગે તો રસ આવે છે. ગોશાળાને સત્સંગ હતો છતાં આમ કેમ બન્યું ? તો સમક્તિ કેમ પામ્યો ? આચાર દ્વારા જે બોધ હતો તે તેજોલેશ્યા વખતે કામ ન લાગ્યો પણ જ્યારે ભગવાને કહ્યું કે હું હજુ ચૌદ વર્ષ જીવવાનો છું ને તું તો સાતમે દિવસે મરવાનો છે. તે વાક્યે ગોશાળાને સમકિત પ્રગટાવ્યું. બોધ સંવેદનરૂપે બને છે. પાખંડીને ઉદ્દેશીને ભગવાન ક્યારે પણ ઉપદેશ આપતા નથી. મૂળવાત - સત્સંગ એ આત્માને ગુણકારક બને છે.

૩) **મૃત્યુનું પરિભાવન :** મૃત્યુની વિચારણા એટલે મૃત્યુ આપણા બધા અવસરને છીનવી લે છે. બેંક બંધ થયા પહેલા મુડી મુકી આવીએ તો કાંઈ નહિ પણ જો ન મૂકીએ તો બંધ થયા પછી તે ન ઉઘડે ત્યાં સુધી આપણે (મુડી) સાચવવી પડે; તેમ મૃત્યુનું પરિભાવન એટલે જીવન વિષય, કષાય, પ્રમાદમાંથી કાબુમાં લાવે; ધર્મ મૃત્યુના પરિભાવનથી

**પરમાત્મ ભક્તિ-ગુરુ ભક્તિ-સાધર્મિક ભક્તિ આદિ અનુષ્ઠાનો દુર્બુદ્ધિનું વારણ કરનાર છે.**

ઉભો થાય છે. તેનાથી આત્મા ભયભીત રહ્યા કરે છે, માટે મૃત્યુનું પરિભાવન એ વિનયનું મૂળ છે.

મૃત્યુના પરિભાવનથી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. મૃત્યુના પરિભાવનથી આત્માનું વીર્ય ઉલ્લસિત થાય છે. અહિંયાની કોઈ વસ્તુ આશ્રયભૂત નથી. તો પછી આશ્રય કોણ ? વસ્તુ કે વ્યક્તિ ? કોઈ નહિ. પરમાત્મા જ આશ્રય. ધર્મ, પરમાત્મા અને એમનું શાસન કહે છે, ‘‘પરલોકમાં હું તમને સાથ આપીશ. બીજી કોઈ વસ્તુ પરલોકમાં સહાય નથી. ધર્મ તો સાથે જ રહે છે. તર્ક બુદ્ધિથી અહિંની વસ્તુ ભવની આગળ ચાલતી નથી. ધર્મમાં ઉત્સાહીત કરવા માટે મૃત્યુનું પરિભાવન બહુજ ઉપયોગી છે. ધર્માત્મા માટે મૃત્યુ પરિભાવન અનિવાર્ય છે. આપણને મૃત્યુ આવે તો આપણા ઘણા પ્રકારના પ્રમાદ ઘટે છે. અધર્મીને ભયભીત કરીને પણ મૃત્યુ પરિભાવન ધર્મમાં જોડે છે. મૃત્યુ ઉત્સાહ લાવવા માટે સાધન છે. મૃત્યુનું પરિભાવન જીવનની અંદર આરાધનાને ઘણી ઘણી આગળ વધારે છે. અભવ્યને પણ મૃત્યુની વિચારણા વ્યવહાર માર્ગમાં પાપોથી અટકાવી સદ્ગતિમાં મોકલે છે.

**૪) અને ૫) સુકૃત અને દુષ્કૃતનું પરિભાવન :** સુકૃત અને દુષ્કૃત કોને કહેવાય ? જેનાથી આત્માના વિષય -કષાય વ્યવહારથી ઘટતા આવે, બાહ્ય રીતીએ ઘટતા આવે, તેના જે જે ઉપાયો છે, તે સુકૃત છે. સમર્થ કે નિર્બળ માણસ જે ક્ષમા રાખે તે બધું સુકૃત. વિષય - કષાયના નિગ્રહ માટે પ્રવૃત્તિ કરે તે બધું સુકૃત. જિનવચનને અનુસારે જે કાંઈ પ્રવૃત્તિ - જે કાંઈ વિચારણા તે બધું સુકૃત. જે કોઈ શિષ્ટાચાર તે બધા સુકૃત. ગરીબમાંથી તવંગર થાય તે વધારે સંગ્રહશીલ હોય તેવું નથી. રસ્તામાં સાધુ મળે ને હાથ જોડે તે સુકૃત; ન જોડે તે દુષ્કૃત. પાપને પાપ તરીકે જાણે અને આચરે એ ગુન્હો તેમ પાપને પાપ તરીકે ન જાણે અને

**કાર્ય કરનાર અનેક હોય તો શોભે, પરંતુ કાર્યનું નિયંત્રણ કરનાર અનેક હોય તો ન શોભે.**

આચારે, એ પણ ગુન્હો છે. સમગ્દષ્ટિ ઘોર ગુન્હો કરે તો પણ અર્ધપુદ્ગલપરાવર્ત જ સંસાર રહે. પાપને પાપ તરીકે ન જાણે તો ભયંકર ગુનો છે જ. અલ્પજ્ઞાની, અજ્ઞાની તેમ કરીને છોડાય નહિ. જાણીને પાપ કરે છે, એના આત્મામાં જે ધર્મની યોગ્યતા પ્રગટી હતી તે ધર્મને ગુમાવે છે. જે લોકમાં શિષ્ટાચાર છે, એ બધા નીચેની ભૂમિકાના સુકૃતો છે. પાપને જાણવાથી પશ્ચાતાપ, અરુચિ ઉભી થાય છે. પાપથી નિવર્તન કરવાનું મન થાય છે. લોકમાં જે અહિંસાદિની પ્રવૃત્તિ છે તે બધા સુકૃત છે. **જેની પરિણતિ ન થાય તો એ પાત્ર આગળ** વધવાને યોગ્ય નથી. લોકમાં શિષ્ટાચાર, અહિંસાદિની પ્રવૃત્તિ, અવિરતની પ્રભુભક્તિ-દાન-દયા વગેરે બધું સુકૃત છે. સુકૃતનો વિપાક શું ? જ્ઞાનના ફળથી ઉંધા રસ્તે ન ચઢીએ. (૧) પાપાચારમાં જીવ રસ વગરનો થાય. (૨) પાપાચારમાં નિવર્તનવાળો થાય. (૩) પાપાચારમાં પશ્ચાતાપવાળો થાય. માતા-પિતાને પ્રણામ કરવાથી શું થાય ? માતાપિતાની અવજ્ઞા કરનારો ન બને. ન ગમતી વાતમાં તડફડ ન કરે. માતપિતાને બુદ્ધુ ન માને.

પાપ ત્રણ પ્રકારના છે (૧) આભિગ્રહિક (૨) અનાભિગ્રહિક (૩) અનાભોગિક.

(૧) દૃઢપણે ઉપાદેય ન માને. પક્કડવાળો હોય તે આભિગ્રહિક. આભિગ્રહિક એટલે પર્વતની પથરાળ જમીન જેવું પાપ હોય.

(૨) અનાભિગ્રહિક પાપ કરતો હોવા છતાં પાપની પક્કડવાળો ન હોય. એ કોને આવે ? અપુનર્બંધક જીવ હોય તેમાં આવે. આ પાપ ખેતરની માટી જેવું છે. ભાવ તીવ્ર ન હોય.

(૩) અનાભોગિક - નિમિત્ત મળતા પાછો ફરે. અપુનર્બંધકવાળો જાણીને પાપમાં પડે તે અનાભિગ્રહિક છે. અપુનર્બંધકવાળો ભૂલથી

*** વારંવાર હાથ-પગ ધોવાની ઈચ્છા એ પુદ્ગલ પ્રત્યેનો રાગ સૂચવે છે.**
*** સંઘપૂજન એટલે આપણા હૃદયમાં સંઘની સ્થાપના.**

પાપમાં પડે તે અનાભોગિક છે. આ દુષ્કૃતની પરંપરા ન ચાલે, કારણ ભૂલથી ગુનો થાય છે, ને ખબર પડે તો પાછો ફરે છે. અને જાણીને ગુન્હો ન થાય, પણ ભૂલથી થઈ જાય છે. અનાભોગવાળો ત્યારે જાણીને પણ પાપ કરી લે છે.

**જેટલા અંશમાં જયણા, તેટલા અંશમાં સુકૃત, જેટલા અંશમાં અજયણા, તેટલા અંશમાં દુષ્કૃત.**

સંસારમાં યતના હોય તો તેટલા અંશમાં ખોટામાંથી માફી મળે છે.

સાધુ પાત્રા લેતી વખતે પુંજીને લે તો અનુત્તર વિમાનનું આયુષ્ય બંધાય છે.

ધર્મમાં અયતનાવાળો હોય તો અધર્મ કહેવાય ? ના. લાખ કમાવાના હતા ત્યાં ૭૫ હજાર જેટલું જ કમાવ્યું. જીવનની દરેક પ્રવૃત્તિ સુકૃત અને દુષ્કૃતમાં વણાય છે.

સુકૃત/દુષ્કૃત - બન્ને આપણા જીવનમાં રહેલા છે. સુકૃત / દુષ્કૃતનું પરિભાવન એટલે શું ? **બીજાના સુકૃતને જોઈને આનંદ થાય તે સુકૃત; બીજાના સુકૃતને જોઈને આનંદ ન થાય તે દુષ્કૃત.** મિથ્યાદ્રષ્ટિના સુકૃત જોઈને પણ આનંદ થાય તો પછી સમકિત દ્રષ્ટિંના સુકૃત જોઈને કેવો આનંદ થવો જોઈએ ? દેવ - ગુરુ - ધર્મનો જે નિંદક હોય તેનું સુકૃત સારૂં ન કહેવાય - સુકૃત ન કહેવાય. ઉપબૃંહણા - સ્થિરીકરણ - વાત્સલ્ય એ કોના માટે ? સામાન્યતયા પ્રતિપાતિવાળા માટે છે. પ્રતિપાતિ ગુણો જો મજબૂત ન કર્યા - રક્ષણ ન કર્યું તો એ અપ્રતિપાતિ બનતા નથી.

સુકૃતને દુષ્કૃતમાં કોણ ફેરવે ? (૧) દેવની અવજ્ઞા (૨) ગુરુની - સાધર્મિકની અવજ્ઞા (૩) વિષય - કષાયનો આવેશ. આ ત્રણે સુકૃતને દુષ્કૃતમાં ફેરવે છે. કોઈએ આપણને ઠગ્યા હોય તે તેને કાનપટ્ટી પકડીને

**જેના જીવનમાં બાહ્ય વસ્તુ પ્રધાન બને એના જીવનમાંથી આંતરિક આનંદ જાય.**

ઠેકાણે લાવવો કે ઉદાસીનતા રાખવી ? કર્તવ્ય શું ? આપણે બુદ્ધમાં ખપીએ તો વાંધો શું ? લોકોત્તર માર્ગ શું છે ? કોઈ ક્રોધ કરે ત્યારે ક્ષમા રાખવી. ક્ષમા રાખવાનો ધર્મ ક્યારે ? નિર્બળ હોય ત્યારે કે બળવાન હોય ત્યારે ? નિર્બળ હોય ત્યારે પણ ક્ષમા રાખવી.

પ્રશ્નઃ- સામાન્યથી દુર્જન આપણને હેરાન કરે, અને આપણે સહન કરી લઈએ; તો દુર્જન વારંવાર હેરાન ન કરે ? પાંચ વાર હેરાન કરે અને પછી એકવાર બતાવીએ, એ વાત જુદી.

સુકૃત સુકૃત તરીકે ક્યારે ? ત્રણ કારણની અવજ્ઞા ન કરો તો સુકૃત સુકૃત તરીકે ગણાય. સમ્યગ્દર્શન વગરના સુકૃત સુકૃત નથી. જેના વિષય-કષાય મંદ થાય તે બહાર હોય તો પણ અંદર આવે છે. જેના વિષય-કષાય તીવ્ર થાય તે અંદર હોય તો પણ બહાર જાય.

યોગાવંચકપણું કોણ બનાવે ? દેવ-ગુરુ-ધર્મનો આદર એ યોગાવંચકપણું બનાવે. માટે સુકૃતનું પરિભાવન કરવું જોઈએ. સુકૃતના વિપાકનું પરિભાવન કરવું જોઈએ. બધી વનસ્પતિનું મૂળ બીજ છે. સંમૂર્ચ્છિમ વનસ્પતિનું મૂળ માટી છે, પણ પાણી વગર કોઈ જગ્યાએ વનસ્પતિ થતી નથી. પોતાના ભાવ-ક્રિયા ને પુરુષાર્થ બીજ છે; આદરભાવ એ પાણી છે, ક્રિયા એ માટી છે. ક્રિયા સુકૃત, ભાવ સુકૃત કે સંઘ સુકૃત છે ? મોટાભાગના જીવો મોક્ષમાં કેવી રીતે જાય ? સંઘ વિના કે સંઘ વચ્ચે રહે તો ? સંઘ વચ્ચે. સંઘ એ રત્નની ખાણ છે. સંઘને આગળ કરીને જે કાંઈ ક્રિયા થાય તે સુકૃત. ઉપાશ્રયમાં જઈને ગુસ્સો કરવો, આટલો બધો ઘોંઘાટ, એના કરતા ઘરે સામાયિક કરવું તે વિચારણા મહાદુષ્કૃત છે. દેવ-ગુરુને ઊંચા મુકીને જે કાંઈ કરે તે સુકૃત ન કહેવાય. અત્યાર સુધી ભટક્યા તેનું કારણ જ આ છે. જીવ નીચો કેવી રીતે ? સ્વચ્છંદ અને સ્વતંત્ર આચારથી નીચો છે. જીવ સમર્પિત, પરતંત્ર અને પરવશપણાથી ઊંચો છે.

**જ્યાં સુધી સત્ત્વ બુદ્ધિ ન થાય ત્યાં સુધી આત્મા ધર્મમાં રસવાળો ન થાય.**

જીવ (૧) કર્મના ઉદયથી (૨) આજુબાજુના વાતાવરણથી (૩) પોતાના જ્ઞાનથી (વિચારથી, પ્રવૃત્તિથી) - આ ત્રણ ભેદથી વિચાર કરે છે. જે અનુભવ વ્યાપ્ત ન થયું હોય તે બીજા શીખવાડે તેવું જ્ઞાન લે. સંસારી આત્માઓ શું શીખવાડે ? ગુરુ શું શીખવાડે ? સહુ પોતપોતાનું શીખવાડે, પોતપોતાના વ્યવહાર શીખવાડે. ગુરુએ ઠપકો આપ્યો અને શિષ્ય ચુપચુપ બેસી રહે તો શું જોવા મળ્યું ? વિનયયુક્તતા.

સભા : પણ આવું કરે તો વિકાસ તો સ્થગિત જ થાય ને ?

બીજની શક્તિ કેટલી ? ઉગ્યું હોય ને ત્રણ દિવસમાં તોડી નાંખો તો શક્તિ ખીલે કે ન ખીલે ? ને ત્યાં બંધાયેલું રહે તો ? શક્તિ ખીલે. દેવ-ગુરુને બંધાયેલા રહે તો તેનું સુકૃત એ સુકૃત છે. દેવ-ગુરુ-ધર્મ--સાધર્મિક ને સંઘ-એના ઉપરના અનાદરથી યુક્ત જે ધર્મ કરે તે પાપાનુબંધી થાય છે. આદર યુક્ત થાય તો તે પુણ્યાનુબંધી થાય છે. આદર એટલે આપણા બધા જે આનંદના સ્થાનો છે, તેના કરતા વધારે ઉત્તમ આનંદનુ સ્થળ લાગે. આપણા સુખ કરતા વધારે સુખનું કારણ લાગે. એકલા ટોણો મારે ત્યાં રહેવું કે બધાની વચ્ચે ટોણો મારે ત્યાં રહેવું

સભાઃ એકલા હોય તો ગૌરવ સચવાય ને ? જવાબ : હીરાનું ગૌરવ ક્યાં સચવાય ? ઝવેરી બજારમાં.

સુકૃત પહેલા પાપનો ક્ષય કરે છે, સુકૃત પાપબુદ્ધિનો ક્ષય કરે છે, સુકૃત પાપના સંયોગોનો પણ ક્ષય કરે છે. સુકૃતોથી અંતરાય - મોહનીય કર્મનો પણ હ્રાસ થાય છે. સુકૃતથી વિઘ્ન પણ તૂટે છે. દા. ત. આયંબિલથી દ્વારિકા પર બળવાનો ભય હતો તે ટળ્યો. આવતા વિઘ્નોને પણ તોડે છે. સુકૃતના ઘણા લાભો છે.

✻ આપણા પર કામનું બોધરેશન (વળગણ) એવું ન હોવું જોઈએ કે જેથી આપણા જીવનમાં અશાંતિ આવે.

✻ જેમ પાણી ન મળે તો વૃક્ષ સુકાઈ જાય છે, તેમ શાસ્ત્રરૂપી પાણી ન મળે તો વૈરાગ્યરૂપી વૃક્ષ સુકાઈ જાય.

સુકૃત એ વિપાકથી કેવું છે ? ગુણરૂપ કે દોષરૂપ ? સુકૃતની દવા લે કોણ ? જેને દોષ લાગે તે લે છે. સુકૃત કોને કહેવાય ? ૧૮ પાપસ્થાનકમાંથી પાછા ફરાય, જેનાથી પાપ ઓછા થાય, જેનાથી અરુચિ જાય તેવા ભાવ આત્માને કરાવે તે સુકૃત કહેવાય.

સંવરનું કાર્ય પણ આશ્રવ ન આવે માટે કરવાનું છે. બારી છે તો કચરો ન આવે માટે બંધ કરવાની છે. નિર્જરા શા માટે ? આત્મામાં જે પરભાવ છે તેને કાઢવા માટે છે. પરભાવ ન હોય તો સુકૃત પણ રજા લઈ લે છે. માટે બધો ધર્મ શા માટે ? જ્યાં દુષ્કૃત ન હોય ત્યાં સુકૃત ન હોય, એમ ન કહેવાય. દુષ્કૃતની ગર્હા એ જ સુકૃત છે.

સુકૃત-દુષ્કૃતનું પરિભાવન જેમ જેમ વધે તેમતેમ આત્મામાં ગુણો આવતા જાય છે. પરિભાવનનો આધાર ભાવન છે; ભાવનનો આધાર વિચારણા છે; વિચારણાનો આધાર જ્ઞાન છે; જ્ઞાનનો આધાર શ્રદ્ધા છે. ગ્રહણ અને પ્રવૃત્તિપૂર્વક પરિભાવન કરવામાં આવે તો સુકૃત પરિભાવન અને દુષ્કૃત પરિભાવન થાય.

---

* જેના હૃદયમાં ધર્મના સંબંધો ગૌણ બને એના હૃદયમાં સંસાર પુષ્ટ બને છે.
* કોઈપણ વિષયમાં પકડાઈ રહેલું મન આત્માના સત્ત્વગુણને હણે છે.
* જ્યારે કર્મનો ઉદય થાય ત્યારે જે સંસ્કારો પડેલા હોય એ જ ઉદયમાં આવે.
* જ્યાં સુધી કુટુંબ પ્રત્યે આપણને વધારે સ્નેહ ઉભરાય ત્યાં સુધી આપણાં હૃદયમાં પરમાત્માનું શાસન વસે નહિ.
* શાસન પામેલા જીવો પોતાની ઈચ્છાને ક્યારેય મહત્ત્વ આપતા નથી, પરંતુ યોગ્યતા અયોગ્યતાને મહત્ત્વ આપે છે.
* પક્કડ આવે એટલે મતભેદ અને મનભેદ આવે. પરિણામે એની સાથેના બધા જ વ્યવહારો નાશ પામે.
* વિપરીત પરિસ્થિતિમાં ધર્મી આત્મા વધારે આરાધના કરે છે અને સંસારી આત્મા હાયવોય કરીને વધારે કર્મ ઉપાર્જન કરે છે.

**ઔચિત્ય અને ચોકસાઈવાળા જીવને જ ધર્મમાં સ્થાન અપાય.**

# કંઈક ઓળખાણ

૧) **સાધુ :** સર્વ રીતે પ્રભુ આજ્ઞાને જીવનમાં આરાધવાની તમન્ના સાથે સામાન્યથી સર્વ રીતે, વિશેષથી શારીરિક શક્તિ સંયોગ અનુસારે ઉત્સર્ગ અપવાદ દ્વારા સર્વ રીતે જિનાજ્ઞાને જીવનમાં આચરે અને હૃદયમાં નિત્ય ભાવિત કરે તે **સાધુ.**

૨) વિશેષ ભાવ વગરના પણ ભાવ જગાડવા માટે પ્રથમ નંબરની જેમ સર્વ આરાધના કરે તે **વ્યવહાર સાધુ.**

૩) દેશવિરતિ શ્રાવક (જે જિનાજ્ઞાને સર્વ રીતે આરાધવાની ભાવના છતાં વિષય, કષાય, કર્માદિની પરવશતાથી કે બાહ્ય સંયોગોની પ્રતિબદ્ધતાથી જિનાજ્ઞા સર્વ રીતે જીવનમાં ન આરાધી શકવા છતાં આંશિક રીતે આરાધના કરવાનો નિર્ણય-પ્રતિજ્ઞા સ્વીકારે તે **દેશવિરતિ.**

૪) જે સર્વ રીતે આરાધવાની ભાવનાવાળા નથી, છતાં આંશિક રીતે આરાધવાની ભાવનાવાળા છે, અને એ રીતે જિનવચન મુજબ આંશિક આરાધના કરે છે, તે **વ્યવહાર વ્રતધારી શ્રાવક** જાણવા.

૫) અવિરત સમકિતી જીવ : સર્વ રીતે જિનાજ્ઞા આરાધવાની ભાવના છતાં આંશિક પણ આરાધનામાં અનિયંત્રિતપણું એ અવિરત સમકિત અને એ જેની પાસે હોય તે **અવિરત સમકિતી** જીવ જાણવા.

૬) જે સર્વ રીતે આરાધવાની ભાવનાવાળા નથી, તેમજ આંશિક આરાધનાનો ઉત્સાહ નથી છતાં અનિયતપણે કંઈક આરાધના કરે છે, અથવા અનિયત રુચિ ધરાવે છે, અને અમુક યોગો પર કે બીજા યોગો પર અરુચિ નથી તો તે **વ્યવહાર સમકિતી** જાણવા.)

૭) અનાભિગ્રહિક વ્યવહાર મિથ્યાત્વી : જેને સર્વાંશે કે આંશિક પણ આરાધનાની ભાવના નથી, અનિયત પણ આરાધના નથી, કોઈ પણ

જેને જાણકાર બનવું હોય તે અધકચરા કોઈને પણ પૂછે તો ચાલે, પરંતુ જેને ઐદંપર્ય સુધી પહોંચવું હોય એને ગીતાર્થ ગુરુમહારાજ પાસે જ જાણવું જોઈએ.

આરાધનાના યોગમાં રુચિ નથી, સાથે સાથે કોઈપણ આરાધનાના યોગમાં રુચિ નથી, સાથે સાથે કોઈપણ આરાધનાના યોગમાં અરુચિ પણ નથી, તે **અનાભિગ્રહિક વ્યવહાર મિથ્યાત્વી.**

૮) એક કે અનેક આરાધનાના યોગમાં જેને અરુચિ છે, પણ તે અરુચિ મંદ છે, તે **સાધ્ય** (ઉપાયથી દૂર કરી શકાય તેવું) **આભિગ્રહિક મિથ્યાત્વી.**

૯) એક કે અનેક આરાધનાના યોગોમાં જેને તીવ્ર અરુચિ છે તે અસાધ્ય આભિગ્રહિક મિથ્યાત્વી જાણવા, અને જો તે સમક્તિ પામીને એ નિમિત્તે પડેલા સમક્તિવાળા હોય તો તેને અભિનિવેશીક મિથ્યાત્વી કહેવા.

૭/૮/૯ - આ ત્રણ નંબરમાં રહેલ વ્યવહારથી જિનમતમાં રહેલા જાણવા.

૨/૪/૬ નંબરવાળા જો જિનમતમાં ન રહ્યા હોય તો ભવાંતરમાં જિનમતમાં આવે.

૭/૮ નંબરવાળા જીવો જો જિનમતમાં ન હોય તો વહેલા મોડા ભવિતવ્યતા મુજબ જિનમતમાં આવે.

૯ નંબરવાળા જીવો જિનમતમાં આવવાની યોગ્યતા વગરના છે. તેથી જો વ્યવહારથી જિનમતમાં રહ્યા હોય તો તે જ ભવે કે ભવાંતરમાં જિનશાસનથી ભ્રષ્ટ થાય છે, અને વ્યવહારથી પણ રહ્યા ના હોય તે ભવાંતરમાં જિનશાસન પામવાની યોગ્યતા ન પામે.

* ગુણાનુવાદથી વ્યક્તિ પ્રત્યે આદર ઉભો થાય અને એ પુણ્ય દ્વારા ગુણોની પ્રાપ્તિ થાય, જ્યારે નિંદાથી વ્યક્તિ પ્રત્યે અનાદર ઉભો થાય અને એના દ્વારા બંધાતા અશુભ કર્મોથી દોષોની પ્રાપ્તિ થાય.

* આત્માને અનાદિકાળથી જ્યારે જે મળ્યું એ ખાવાના સંસ્કાર પડેલા છે. એ સંસ્કારોને તોડવા માટે ઓછામાં ઓછું બિયાસણું કરવું જોઈએ.

# પીજે નિશદિન સમતા રસકું

જીવે પોતાના આત્મામાંથી દોષને કાઢવા અને તે તે આત્મગુણને મેળવવા માટે પ્રથમ દૃઢ સંકલ્પ કરવો જોઈએ કે મારે આ ક્રોધ વગેરે દોષ –

(૧) મનથી પણ કરવો નથી (૨) તેનાથી યુક્ત થઈ વચન વગેરે પ્રવૃત્તિ કરવી નથી. (૩) મને કે બીજાને ક્રોધ ઉત્પન્ન થાય તેવા કારણ આચરવા નથી, અને (૪) બીજાનું આચરણ મારા હાથમાં નથી તેથી મને ક્રોધ ઉત્પન્ન થાય તેવું બીજા વર્તે તો મારે કષાય ન કરતા સમતા રાખી શક્ય હોય તો તેના વારણનો ઉપાય કરવો. શક્ય ન હોય તો સહન કરી લેવું.

૧) આ પ્રણિધાનથી ઉદય અપ્રાપ્તના નિરોધરૂપ ક્ષમા વગેરે ગુણો ઉત્પન્ન થાય છે અને ક્રોધના દોષો નિવૃત્ત થાય છે. દોષ કરાવનાર કર્મ ઘટતા જાય છે, અને આત્મા દોષના નાશ માટે સમર્થ બને છે.

૨) પ્રણિધાન રોજ યાદ કરવાથી કે દિવસમાં અનેકવાર યાદ કરવાથી ક્ષયોપશમ-આત્મજાગૃતિ-આત્મબળ વધતું જાય છે.

૩) એથી દોષની ઉપસ્થિતિ-સંયોગ ન હોય ત્યારે પણ જેમ આત્મા સાહજિક ઉદય અપ્રાપ્ત કર્મના નિરોધવાળો છે, તેવો જ, અને તેથી બળવાન-જાગૃત અને કર્મના ઉદય થવાની જગ્યાએ વિશેષ કર્મ નિરોધ કરે છે, કર્મક્ષય પણ કરે છે. આ મુખ્ય દોષ નાશનો ઉપાય છે.

૪) આ પ્રણિધાન મજબૂત ન કર્યું હોય અને આ પ્રણિધાન વારંવાર ન કર્યું હોય કે એમાં વારંવાર ઉપયોગ ન લઈ ગયા હોઈએ તો કર્મ ક્ષયોપશમ કંઈક મંદ હોવાથી દોષના પ્રસંગે આત્મા કંઈક અંદરથી

**જ્યારે બન્ને વ્યક્તિઓ પરાર્થમાં રમતી હોય ત્યારે જ બન્ને વચ્ચે મીઠો વ્યવહાર ઉત્પન્ન થાય.**

વિહ્વલ બને છે, છતાં ક્ષયોપશમ છે અને પ્રણિધાનના કારણે જાગૃત બને છે, તેથી તે અંતરમાં ઉઠેલ કષાય વગેરે કર્મના ઉદયને તોડવા-રોકવા પ્રયત્નશીલ બને છે. આ બીજા નંબરે દોષ નાશ ઉપાય છે.

પ્રણિધાન કરવા છતાં પણ અવસરે જીવ કાબુ ગુમાવીને દોષ સેવી બેસે તો પણ આ પ્રણિધાનના પ્રતાપે અને ભાવના યાદ કરવાના પ્રતાપે દોષનો કાળ પસાર થતાની સાથે નિંદા-ગર્હા-આલોચના અને પ્રાયશ્ચિત વહન દ્વારા દોષજનિત કર્મ નાશ કરે છે. જો ચિત્ત વિશુદ્ધિ તેવી તીવ્ર ન હોય તો થોડા કર્મ નાશ થાય, પક્ષપાત નાશ થાય-મોળો પડે; પણ જો પશ્ચાતાપ તીવ્ર બને તો દોષજનિત બધા કર્મ પણ નાશ પામે, અને સાથે બીજા જુના અનેક કર્મો પણ નાશ પામે અને ફરી ગુણ યોગ્ય બને, કદાચ વિશેષ ગુણ યોગ્ય પણ બને. માટે થયેલ દોષના શોધન દ્વારા ગુણ યોગ્ય બનાય છે. તેના અતીતં નિન્દામિ-ભૂતકાળની નિંદા કરૂં છું, એવા નિર્દેશથી એ નિંદા-ગર્હા ગુણ ઉત્પાદક-પ્રાપક છે.

બીજા નંબરની પ્રક્રિયા તે વર્તમાનનું સંવરણ. વર્તમાનમાં પાપથી પાછા ફરવા રૂપે દોષને પહેલા બહારથી અને પછી અંદરથી રોકવા. તેમાં બહારથી શક્ય હોય તો તે રોકવો. બીજાના કારણે બહારથી શક્ય ન હોય તો અંદરથી રોકવો. આ રોકાણની પ્રક્રિયા અને ઈચ્છા દોષનો નાશ કરે છે, અને ગુણ પ્રાપ્ત કરાવે છે. મુખ્યતયા જ્યારે દોષનો પ્રસંગ નથી ત્યારે મુખ્ય વૃત્તિએ બાહ્ય પ્રવૃત્તિરૂપ દોષ ન હોવા છતાં એની રુચિ-એનો પક્ષ અનાદિકાલીન છે તે છોડવા અને એનાથી વિપરીત રુચિ-પક્ષ-વલણ દ્વારા આત્માને બળવાન અને જાગૃત બનાવવા આ પ્રણિધાન-પચ્ચક્ખાણને વારંવાર યાદ કરવા. એના કારણોમાં ન પ્રવર્તવું. બીજાને એના કારણો ઊભા ન કરવા વગેરે રૂપ ''અનાગયં'' અનાગત-ભવિષ્યનું પચ્ચક્ખાણ કરૂં છું. આ પચ્ચક્ખાણ સર્વ દોષોનું

**બીજાની ઈચ્છાને મુખ્ય બનાવીને કાર્ય કરવાથી આપણો આત્મા શાંત-પ્રશાંત બને છે, ધર્મની યોગ્યતાવાળો બને છે.**

હોય છે. સર્વ દોષોના નિરોધ-નાશ માટે આ કરતા રહેવું. જ્યારે દોષની ઉપસ્થિતિમાં બીજા નંબરની પ્રક્રિયા અપનાવવી. પૂર્વે કરેલા દોષની રુચિ-પક્ષપાત વગેરે ટાળવા અને કર્મ પરાધીનતાથી થઈ ગયેલ દોષને નિર્મૂળ કરવા ''અતીતં નિંદામિ''ની પ્રક્રિયા અપનાવવી. આ જાતની પ્રવૃત્તિ અને વૃત્તિ તે દોષના નિવારણની પ્રક્રિયા થઈ.

શત્રુના સૈન્યને અવકાશ ન મળે એ રીતે પહેલેથી જ ગોઠવણ, તેના જેવી ઉદયને રોકવારૂપ ક્ષમા છે. શત્રુનું સૈન્ય ઉતરી પડે ત્યારે તેને નિર્બલ બનાવી નિષ્ફળ-પરાજિત બનાવવા તે અધિક વીર્યની પ્રવૃત્તિરૂપ ક્ષમા છે.

બીજાની ભૂતકાલની, વર્તમાનકાલીન, ભવિષ્યકાલીન પાપની-દોષની પ્રવૃત્તિમાં તે ભૂતકાળની વાતોમાં પ્રશંસા-અનુમોદના છોડવા દ્વારા વર્તમાનમાં ન ભળવા દ્વારા - પ્રશંસા કરવા દ્વારા - અને ભવિષ્યમાં પણ એ રીતે છોડવા કે ઉદાસીનતા દ્વારા એ પાપોના કારક કર્મોથી નિવૃત્ત થવું. આ પરવિષયક કરાવણ અનુમોદનારૂપ દોષથી નિવૃત્તિ છે.

બીજાના પાપની અનુમોદના-પ્રશંસા-સહાયકતા એ પોતાના જીવનમાં પાપ ઉત્પાદક છે.

આ રીતે ગુણોની પ્રાપ્તિ-વૃદ્ધિ માટે પણ (૧) અતીત કાળના દોષોનો પશ્ચાત્તાપ જેમ કરવાનો છે તેમ અતીત કાળમાં ગુણોની અનુપાસનાનો પશ્ચાતાપ નિંદા-ગર્હા વગેરે કરવા. એજ રીતે ભૂતકાળમાં ગુણોની જે આરાધના - કેળવણી કરી, કરાવી હોય, બીજાને સારા કાર્યમાં સહાયક બન્યા હોઈએ, પ્રેરક બન્યા હોઈએ, તેની અનુમોદના કરવી.

જેમ પાપની અનુમોદનાથી પાપના અનુબંધો તીવ્ર થાય છે - પાપ

**પૈસા સંઘરવા સારા એ તામસ્ભાવ; પૈસા ખર્ચવા સારા એ રાજસ્ભાવ અને પૈસા સારા સ્થાને ખર્ચવા સારા એ સાત્ત્વિકભાવ.**

પણ નવું બંધાય છે. તીવ્ર પાપબંધ થાય છે. શ્રેણીક મહારાજને જેમ હરણી તેમજ ગર્ભની હત્યાની અનુમોદનાથી નરકાયુ બંધ થયો તેમ ભૂતકાળમાં કરેલ પુણ્યની-ધર્મની-આરાધનાની-ગુણોની ઉપાસના વગેરેની અનુમોદના કરવાથી પુણ્ય બંધ તીવ્ર બને છે. સાનુબંધ પુણ્ય થાય અને ધર્મ પણ સાનુબંધ થાય છે, માટે ધર્મની અપેક્ષાએ સ્વ-પરના અતીત ધર્મને પણ અનુમોદું છું. ગુણો વિકસાવવાનું આ એક પગથિયું છે.

બીજું પગથિયું છે વર્તમાનમાં શક્ય સદ્આચારો-ગુણો આચરવા-બીજાને ગુણોમાં સદ્આચારમાં-સદ્વાણી-સદ્વિચારમાં બને તેટલા પ્રેરક-પ્રોત્સાહક-સહાયક-પ્રશંસક બનવું તે પડુપન્નં પવત્તેમિ-વર્તમાનમાં પ્રવર્તવું. અહીં અનુમોદના તો લેવાની છે પણ સ્વયં પ્રવર્તન અને બીજાને પ્રવર્તાવવા તે મુખ્ય છે.

ત્રીજું પગથિયું - ભવિષ્યમાં આરાધના થાય તેવી ઈચ્છા કરવી - પ્લાન કરવા - સંયોગો ઉભા થાય તેમ પ્રવર્તવું - તેવા અભિગ્રહ પચ્ચક્ખાણ કરવા. આપણી ભવિષ્યની આરાધનાને લક્ષમાં રાખવી - બીજા તે રીતે ભવિષ્યમાં આરાધનામાં પ્રવર્તે તેવી પ્રેરણા કરવી - સહાયક બનવું. સ્વ-પર અને શ્રી સંઘની ભવિષ્યની આરાધનાની ચિંતા-વિચારણા તેમજ યથાશક્ય નિર્ણય વગેરે કરવા. અનાગત આરાધનાના પચ્ચક્ખાણ-નિર્ણય કરવા તે ગુણરૂપ છે.

આ રીતે ત્રણે કાળના સ્વગત દોષોને રોકવા અને પરગત દોષોની પ્રેરણા-પોષકતા-અનુમોદના છોડવા; એજ રીતે ત્રણે - કાળના ગુણો - આરાધનાઓને કરવી-અનુમોદવી અને પરગત આરાધનાઓના પ્રેરક-પોષક-સહાયક બનવું અને અનુમોદના કરતા રહેવું. તો આત્મા દોષથી છૂટતો જાય અને ગુણો આત્મામાં વિકસતા જાય.

**દેવતાઓને સંતુષ્ટ કરવા માટે અને સંઘમાં ક્ષુદ્ર ઉપદ્રવો ન થાય માટે વિશિષ્ટ દિવસોમાં શ્રીફળ વધેરવામાં આવે છે.**

## ક્ષમાપના દ્રવ્યથી તથા ભાવથી કરવાથી થતા લાભો :-

૧) દ્રવ્યથી – ભાવ ન હોવા છતાં ક્ષમાપના કરવાથી થતા લાભો (૧) પોતાને ક્ષમા માંગવાના-આપવાના ભાવ ઉત્પન્ન થાય તો સારૂં તેથી (૨) માનનીય પૂજ્ય વ્યક્તિના કહેવાથી (૩) શરમથી સામો ખમાવે છે તેથી ખમાવવું પડે (૪) સારૂં લગાડવા (૫) અનેક પ્રકારના ભયથી (૬) નુકસાન થવાની સંભાવનાથી –

આમાં પ્રથમની પ્રધાન દ્રવ્ય ક્ષમાપના છે, બાકીની અપ્રધાન છે.

૨) ભાવ ક્ષમાપના – (૧) (આપણે) કષાયરહિત બનવા (૨) વૈરાનુબંધ ન રહે માટે (૩) ધર્મભાવના નિષ્કલંક અને નિર્વિઘ્ન થાય - પ્રવર્તે (૪) આત્માનું સત્ત્વ ઠરે, દૃઢ બને, જેથી બીજા બધા યોગો-સાધના સાત્વિક બને. (ગુસ્સો-ઉકળાટવાળાનું સત્ત્વ જિદ્દી હોય-સાત્વિક ન હોય (૫) ક્ષમાપ્રધાન આત્માને બીજી વસ્તુ (સંસારની) ગૌણ બને છે. (૬) સ્નેહભાવ મૈત્રીભાવની યોગ્યતા રહે છે. (૭) જેમ (ક્ષારથી) બળેલી જગ્યામાં ધાન્ય ઉગે નહિ તેમ બીજા ઉપરના બળાપાવાળા હૃદયમાં ધર્મ ઉગે નહિ. બળાપો કાઢી-દયા કરુણા-મૈત્રી વગેરે ભાવથી સ્નેહ ઉભો થાય, પછી અંદર આત્મામાં ગુણો ઉત્પન્ન થાય (૮) દોષોનો પાવર ઘટતો જાય-દોષો પણ ઘટતા જાય-નાશ અભિમુખ થાય. (૯) ગુણો વિકાસ પામે-નવા ઉત્પન્ન થાય. (૧૦) દુર્ગતિ બંધ થાય-સદ્ગતિ ધ્રુવ થાય (૧૧) બીજા કષાયો ક્રોધને લીધે પ્રબળ બને છે-ક્રોધ વગરના તે નાયક વગરના છે.

દ્વેષ-અરુચિ-તિરસ્કાર-જુગુપ્સા-અણગમો-આ બધા એના ચિહ્ન છે.

ક્ષમાથી માન કષાયનો હ્રાસ થાય છે, નમ્ર બનાય છે. દોષોનો પક્ષપાત તૂટે છે.

સ્વ-પર સંકલેશ તૂટે છે. ગુણાનુબંધ થાય છે. પુણ્યાનુબંધ થાય છે. દોષ અનુબંધ તૂટે છે.

# સર્વં તપસા સાધ્યં

## (૧) તપનું સ્વરૂપ :

શ્રી જીનેશ્વર દેવોના શાસનમાં તપ અને બીજી પણ આરાધનાઓ બે રીતે બતાવેલ છે.

(૧) બાળજીવોને એટલે કે જેનામાં ભાવગુણો નથી આવ્યા તેવાઓ ભાવગુણો પ્રાપ્ત કરે એના કારણ તરીકે અને (૨) જેને ભાવગુણો પ્રાપ્ત છે તેવા જીવોને પણ તે ગુણો દ્રઢ સુદ્રઢ બને, વિસ્તૃત બને અને ક્ષાયિક બને તે માટે.

ધર્મને ત્રણ કે ચાર વિભાગમાં વિભાજીત કરવામાં આવે છે. સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર. આમ ૩ વિભાગ પડે છે. ક્યારેક સમ્યક્ તપને જુદો પાડવામાં આવે છે. તપને જુદો ન પાડીએ ત્યારે એનો ચારિત્રમાં અંતર્ભાવ થાય છે. તેથી જ્યારે ચારિત્રધર્મની અંતર્ગત તપ ધર્મ હોય ત્યારે તે તપ ચારિત્રનો ઉત્પાદક યા પોષક બને છે.

(૩) જેમ જે જ્ઞાન શ્રદ્ધાયુક્ત ન હોય યા જે જ્ઞાન શ્રદ્ધાનું કારણ ન હોય અથવા જે જ્ઞાન અશ્રદ્ધાયુક્ત હોય તો તે જ્ઞાન અજ્ઞાનરૂપ છે, એમ ચારિત્ર અને તપમાં પણ આ વાત સમજવી.

જે તપમાં ચારિત્રની ઉપેક્ષા, બેદરકારી, અપ્રધાનતા કરવામાં આવે તે તપ સકામ નિર્જરા રૂપ નથી અજ્ઞાન કષ્ટ રૂપ થાય છે. માટે તપના દિવસોમાં દેવવંદન, પ્રતિક્રમણ, પડિલેહણ, બને તો પૌષધ વગેરે કરવાનું હોય છે. માટે ચારિત્રરહિત આત્માઓએ ચારિત્રના લક્ષથી તપ કરવાનો હોય છે. ચારિત્રવંત આત્માઓએ એ ચારિત્ર બાહ્ય અભ્યંતર તપથી પુષ્ટ બને, બળવાન બને માટે કરવાનો હોય છે.

ચારિત્રવાન આત્માઓ ગુર્વાજ્ઞા અને ચારિત્ર યાને અષ્ટ પ્રવચન માતાને ગૌણ અથવા ઉપેક્ષિત કરીને તપ કરે તે ગજસ્નાન તુલ્ય બને છે, તેવો તપ પ્રશંસનીય કે ઉપાદેય નથી. પરંતુ જે જે રીતે ચારિત્રમાં વધારે બળ મળે તે રીતે તપ કરવો.

**આત્મ શુદ્ધિનું લક્ષ્ય એટલે વગર ફોગટના પાપ ન લાગે એની વિશેષ ચિંતા.**

ચારિત્ર રહિત આત્માઓએ પણ તપ દ્વારા ચારિત્ર મોહનીય કર્મ તોડીને ચારિત્ર પામવા અને આરાધના કરવા યોગ્ય બને તે લક્ષ્ય રાખી શક્યતા મુજબ આચાર સંપન્નતા સાથે તપ કરવો.

**(૨) તપના ગુણો :**

(૧) પૂર્વોપાર્જિત કર્મની શૃંખલાઓ ભેદવા માટે વજ્ર સમાન તપ છે. મોટા ભાગના બધા જ કર્મોને તપ તોડી નાખે છે. (અહીં કર્મથી અશુભ કર્મ સમજવું).

(૨) તપ એ કામવાસનાને, ઈચ્છાઓ (અપ્રશસ્ત) રૂપી દાવાનલની જ્વાલાના સમૂહને ઓલવવા માટે પાણી સમાન પાણીના છંટકાવ સમાન છે. પાણીના છંટકાવથી દાવાનલ જેમ શાંત થાય તેમ તપથી ઈચ્છાઓ - વાસનાઓ શાંત થાય છે.

(૩) ઉત્તેજિત ઈન્દ્રિયોના સમૂહરૂપી સાપો માટે જાંગુલી મંત્ર સમાન તપ છે. જેમ જાંગુલી નામનો સાપનો મંત્ર ભણતાં સાપ વશ થાય છે, શાંત થાય છે તેમ તપથી ઈન્દ્રિયો શાંત થાય છે.

(૪) વિઘ્નના સમૂહરૂપી અંધકાર માટે દિવસ સમાન તપ છે. દિવસ થતાં જેમ અંધકાર નાશ પામે છે તેમ તપ વિઘ્નોના સમૂહનો નાશ કરે છે.

(૫) અનેક લબ્ધિઓ રૂપી લક્ષ્મીની લતાનું મૂળ તપ છે. મૂળથી જેમ લતા વિસ્તૃત થાય છે તેમ તપથી લબ્ધિઓ પ્રગટ થાય છે. વિસ્તાર પામે છે.

(૬) તપથી વિઘ્નની પરંપરા નાશ પામે છે.

(૭) તપથી દેવતાઓ સેવકની જેમ કામ કરે છે.

(૮) તપથી કામ શાંત થાય છે.

(૯) તપથી ઈન્દ્રિય ગણનું દમન થાય છે.

(૧૦) તપથી કલ્યાણ (બાહ્ય અભ્યંતર ઉન્નતિનો) વિસ્તાર થાય છે.

(૧૧) એકઠા થયેલ કર્મનો નાશ થાય છે.

**ધર્મક્રિયામાં વેઠ એટલે પરમાત્માની આજ્ઞાની ઉપેક્ષા.**

(૧૨) તપથી સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત થાય છે.

(૧૩) તપથી મહાસિદ્ધિઓ પ્રગટ થાય છે.

આવો તપ કેમ પ્રશંસનીય ન હોય? માટે સ્પૃહારહિત વિધિપૂર્વક બાહ્ય અભ્યંતર તપ બે પ્રકારે કરવો.

(૧) જેવી રીતે જંગલને દાવાનલ વિના બીજું કોઈ બાળી શકતું નથી, બાળવા સમર્થ નથી. (૨) જેવી રીતે દાવાગ્નિને વાદળા - વરસાદ વગર કોઈ શાંત કરવા સમર્થ નથી. (૩) જેવી રીતે વાદળોને પવન વગર કોઈ દૂર કરવા સમર્થ નથી. (૪) તેવી રીતે કર્મના સમૂહને તપ વિના કોઈ હણવા સમર્થ નથી.

(૩) **તપના વૃક્ષનું સ્વરૂપ :**

(૧) સંતોષરૂપ સ્થૂલ, જાડા, મોટા મૂળવાળુ તપવૃક્ષ છે એમાં,

(૨) પ્રશમ પરિકર - પ્રશમના સમૂહરૂપી – દરેક વાતમાં પ્રશાંતતા રૂપી થડનો વિસ્તાર છે. (સ્કંધ બંધનો વિસ્તાર)

(૩) પાંચ ઈન્દ્રિય નિરોધ રૂપી શાખા છે.

(૪) નિર્ભયતા રૂપી પ્રગટ થતો પાંદડાનો દલ સમૂહ છે.

(૫) શીલસંપત્ - શીલની - આચારની સંપદા - અનેક પ્રકારના આચારપાલનરૂપી પ્રવાલ છે. (શરૂઆતનું લાલ પાંદડું યા પાંદડાની લાલાશ.)

(૬) શ્રદ્ધારૂપી પાણીના પૂરતા છંટકાવથી વિપુલ કુલ - બલ - ઐશ્વર્ય - સૌંદર્ય - ભોગ - સ્વર્ગાદિ પ્રાપ્તિ રૂપી પુષ્પ છે.

(૭) મોક્ષ રૂપી ફળ છે.

તપ કરનાર મહાનુભાવે ઉપરના ૭ ગુણો પ્રાપ્ત થાય તે લક્ષમાં રાખવું.

ચક્રવર્તીઓ અઠ્ઠમ તપ પણ ૩ દિવસના પૌષધ સાથે કરે છે તેથી તપના દિવસોમાં બને તો સંપૂર્ણ આરંભ છોડવો, ન જ બને તો બને તેટલો અધિક અધિક પ્રમાણમાં આરંભ છોડવો.

**અસભ્યતા એ સર્વનાશનું મૂળ છે જ્યારે સભ્યતા એ સર્વોન્નતીનું મૂળ છે.**

તપથી સંવેગ, વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. સંવેગ, વૈરાગ્યથી તપ સહેલો બને છે.

**(૪) તપનું સ્વરૂપ :**

**જેનાથી શરીરની સાતે ધાતુ તપે, શોષાય, અને દેહ કષ્ટને અનુભવે તે બાહ્ય તપ છે. જેનાથી કષાયો, વિષયોનો હ્રાસ થાય, આંતરિક ધર્મનું, ભાવ ધર્મનું પોષણ, રક્ષણ થાય તે અભ્યંતર તપ છે. બંનેના ૬-૬ ભેદ પ્રસિધ્ધ છે.**

અનશન – ભોજનનો સંપૂર્ણ ત્યાગ-કાળનિયમનપૂર્વક ટંક નિયમન.

ઉનોદરી – પ્રમાણની અલ્પતા.

વૃત્તિસંક્ષેપ – કોલીટીઓનું નિયમન.

રસત્યાગ – ઉત્તમ કોલીટીઓનો ત્યાગ.

કાયકલેશ – ધર્મ અનુષ્ઠાનોમાં શ્રમની ગણતરી ન કરવી.

સંલીનતા – દેહ, વસ્ત્ર, પાત્ર વગેરે પરિમિત હોવા છતાં વ્યવસ્થિત રાખવા.

(૧) ઉપયોગમાં આવતી વસ્તુઓનો સંપૂર્ણ ત્યાગ.

(૨) ઉપયોગમાં આવતી વસ્તુમાં ઓછામાં ચલાવવું.

(૩) ઉપયોગમાં આવતી વસ્તુઓના પ્રકારોમાં નિયંત્રણ કરવું. કારણ દરેક વસ્તુઓમાં અનેક પ્રકારો હોય છે.

(૪) ઉપયોગમાં આવતી વસ્તુઓમાં ઉત્તમ ગણાતી કોલીટીનો ત્યાગ.

(૫) પરિષહ - ઉપસર્ગથી અને ધર્મ પ્રવૃત્તિઓમાં શારીરિક કષ્ટ - ઉપલક્ષણથી વાચિક - માનસિક શ્રમ કષ્ટ પડે, આવે તે સહન કરવું - કષ્ટ આવે એટલે ધર્મ આરાધનાઓ ગૌણ ન બનાવવી.

(૬) આપણી બાહ્ય બધી વસ્તુઓ દેહ, ઈન્દ્રિય, કષાય આ બધા વ્યવસ્થિત રાખવા, નિયંત્રિત કરવા, અંકુશમાં રાખવા, છુટા-અસ્તવ્યસ્ત ન રાખવા.

**જ્યાં સુધી પાપ એ પાપરૂપ ન દેખાય ત્યાં સુધી પાપ વધારે વિકસિત બને.**

આ બાહ્ય તપ બધી પ્રવૃત્તિમાં અંતર્ગત કરવો - સમજવો.

**અભ્યંતર તપ : પ્રાયશ્ચિત** : જીવનમાં સમ્યક્ત્વ કે ચારિત્રમાં પંચાચારમાં લાગેલ બાહ્ય કે અભ્યંતર દોષોના શોધનની વિધિ અને ઉપાય.

**વિનય** : વિશેષરૂપે કર્મોને દૂર કરવાનો અને ગુણોને પ્રાપ્ત કરવા માટેના બીજી વ્યક્તિઓ કે ગુણો / અને જ્ઞાન દર્શન ચારિત્રના ઉપકરણો ઉપરના ભાવો અને એની સાથેની વર્તનની-વ્યવહારની પધ્ધતિ.

**વૈયાવચ્ચ** : યથાયોગ્ય શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘના જ્ઞાનદર્શન ચારિત્ર યોગોની પ્રાપ્તિ રક્ષણ વૃધ્ધિમાં સહાયક પ્રવૃત્તિ (પ્રધાનતયા, સાધુ સાધ્વીઓને, સાધુ-સાધ્વીઓ માટે).

**સ્વાધ્યાય** : સ્વ + અધિ + આય, અધિ એટલે ચારેબાજુથી સર્વરીતે પોતાના આત્મસ્વરૂપની પ્રાપ્તિ. જીનવચનોને વાચનાદિ પાંચ પ્રકારેથી આત્મામાં ભાવિત કરવા અને યોગ્ય એવા બીજાને પણ એનાથી ભાવિત કરાવવા.

**ધ્યાન** : અશુભ સંકલ્પો-ચંચળતા વગેરેના ત્યાગપૂર્વક શુભ ચિત્તનું ઐકાગ્ય, એકતાનતા.

**કાયોત્સર્ગ** : માનસિક એકાગ્રતાપૂર્વક વાચિક નિવૃત્તિ, કાયિક સ્થિરતા.

**(૧) આત્માની અશુદ્ધિ જાણવી** – અશુદ્ધિના કારણો જાણવા – માનવા, પછી શુદ્ધિના કારણો, ઉપાયો જાણવા, સ્વીકારવા અને તે મુજબ પ્રવૃત્ત થવું એ આત્માની શુદ્ધિ કરવી. અજ્ઞાત ભવાંતરકૃત પાપોની શુદ્ધિ ૧૨ પ્રકારના તપથી, સંયમથી થાય છે. પરંતુ આ ભવમાં કરેલ પાપોની શુદ્ધિ તો પ્રધાન તથા વ્યવહાર નયથી આ અભ્યંતર તપના પ્રથમ ભેદની વિધિથી થાય છે. એ વિના ગૃહસ્થ જીવનના કે સાધુ જીવનના પાપની શુદ્ધિ દીક્ષા લેવા માત્રથી કે તેવા દોષમાં આલોચનાદિ વગર ફરી દીક્ષા આપવા માત્રથી થતી નથી.

**ધર્મસ્થાન પ્રત્યે તિરસ્કારભાવ એ શાસન હારી જવાની નિશાની છે.**

(૨) **વિનય** – પ્રભુ શાસનના સર્વ અંગો પ્રત્યેનો સ્નેહભાવપૂર્વકનો ઉચિત વ્યવહાર, સહાયક વ્યવહાર. આ સ્નેહભાવ અંતરિક છે માટે આંતરતપમાં તે ગણ્યો છે. નહીંતર આ સ્નેહ ન હોય તો તેને બાહ્ય તપમાં ગણવો.

(૩) **વૈયાવચ્ચ** – પ્રભુ શાસનમાં રહેલ સર્વ જીવોને જ્ઞાનાદિ આરાધનાના યોગમાં સાક્ષાત્ કે પરંપરાએ સહાયક થવાના પરિણામપૂર્વક શક્ય જ્ઞાનાદિની પ્રાપ્તિ, વૃધ્ધિમાં સહાયક થવું. તેની સાથે ઉપલક્ષણથી આજીવિકાની સાધન સામગ્રી સંપાદનમાં પણ યોગ્યને યોગ્ય રીતે સહાયક થવું.

(૪) **સ્વાધ્યાય** - શુદ્ધ આત્મસ્વરૂપને એના યોગ્ય ઉપાયો સમ્યગ્-દર્શનાદિ અને એના વ્યવહારિક આંતરિક કારણોને જિનવચન દ્વારા ભાવિત કરવા - વાસિત કરવા. આપણા ઉપયોગમાં આત્મસ્વરૂપ જિનવચન મુજબ રાખવું, સ્થિર કરવું, યાદ કરવું. જિનવચન રૂપ આપણો ઉપયોગ બનાવવો. એના કારણરૂપે અધ્યયન આદિમાં પ્રવર્તવું.

(૫) **ધ્યાન** - અશુભ પ્રવૃત્તિનો ત્યાગ કરી ઓછી કરી, બિનજરૂરી પ્રવૃત્તિઓ ઓછી કરી - ત્યાગ કરી સૂક્ષ્મ વિચારણામાં - પ્રભુ આજ્ઞામાં - આત્માના ગુણોમાં જે ભાવનારૂપ - ચિંતારૂપ, વિચારણા રૂપ અધ્યવસાયો એ સ્વાધ્યાયમાં લેવા અને એકાગ્રતારૂપ અવસ્થા તે ધ્યાનમાં લેવી અથવા ભાવના-ચિંતા ઉપલક્ષણથી ગૌણ રીતે - ધ્યાનમાં - ધ્યાનનું કારણ હોવાથી ધ્યાન કહેવાય.

(૬) **કાઉસ્સગ્ગ** - મન, વચન, કાયાની ત્રણેની નિયમ અવસ્થા છોડીને બાકીની અવસ્થાનો ત્યાગ તે કાયોત્સર્ગ. મન, વચનનો ઉત્સર્ગ પણ હોવા છતાં કેમ કાયોત્સર્ગ કહ્યો ? તેમાં કારણ છે. સામાન્યથી કાયાની સ્થિરતા મનની સ્થિરતામાં પ્રધાન કારણ છે. તેથી ધ્યાનમાં પણ સ્થિરાસન વિગેરે સાધન તરીકે છે. માટે કાયોત્સર્ગ શબ્દથી મન, વચન ઉત્સર્ગ - ત્યાગ આવી જાય છે. માટે પ્રધાન કારણના નામથી

ઓળખાય છે. એને અભ્યંતર તપમાં લેવાનું કારણ ધ્યાન સહકૃત છે માટે તે અભ્યંતર તપરૂપ છે. તપ એ જ નિર્જરાનું મુખ્ય કારણ છે માટે અગ્નિ જેમ સુવર્ણને શુદ્ધ કરે છે તેમ તપ આત્માને શુદ્ધ બનાવે છે.

(૧) તે રીતે તપ કરવો કે જેમાં વારંવાર ભોજનસંબંધી કે બીજું દુર્ધ્યાન ન થાય. અર્થાત્ મનને મજબૂત રીતે રાખી પ્રસન્નતાપૂર્ણ તપ કરવો. બીજા પણ દુર્ધ્યાનના સંયોગોથી દૂર રહેવું. દુર્ધ્યાન રોકી સમતાથી સહન કરવુ. તપનો આશ્રય લેનારે ખાસ તપની સિધ્ધિ માટે ક્ષમા, સમતા, સહનશીલતા પકડી રાખવી.

(૨) જેનાથી તપના કાળમાં કે પછી જે આરાધનાના યોગો પ્રતિક્રમણ, પૌષધ, પડિલેહણ, વ્યાખ્યાન -શ્રવણ, અભ્યાસ, પ્રભુભક્તિ વગેરે ધર્મયોગોની હાનિ ન થાય, આ બધા યોગો જાળવીને, સાચવીને એને બાધા ન થાય તેમ તપ કરવો. અર્થાત્ બાળજીવો જે આ યોગોમાં નથી તે ભલે તપ કરે પરંતુ સમજુ જીવો તપની સાથે આ બધા યોગોમાં પણ એટલું પરાક્રમ કરે. આવા તપને અનુબંધ શુદ્ધ તપ કહ્યો છે.

જે તપની જોડે આરાધનાના યોગો અખંડિત રીતે નિરંતર પ્રવર્તે તો તે અનુબંધવાળો તપ છે. તેની મુખ્ય મહત્તા છે. તપમાં કષાયોનો જય કરવા પ્રયત્નો કરવા. પ્રભુભક્તિ, જાપ વધારે કરવા. શ્રદ્ધા વધે-નિર્મલ થાય તેમ કરવું. શાસ્ત્ર અધ્યયન, સ્વાધ્યાય, વ્યાખ્યાન શ્રવણ વગેરેમાં પણ પ્રવર્તવું. નિદ્રા, પ્રમાદ રોજીંદા જીવન કરતાં પણ ઓછા કરવા.

તપ શા માટે ? મૂલ ઉત્તરગુણોની અત્યંત મોટી સંખ્યાવાળા સામ્રાજ્યની સિધ્ધિ માટે બાહ્ય અભ્યંતર તપ કરવો. તપના ઉદ્દેશમાં જેમ કર્મની નિર્જરા છે તેમ મૂલગુણોની - અણુવ્રત મહાવ્રતોની પ્રાપ્તિ અને ઉત્તરગુણો - બીજા પણ વ્રતો એ ગુણોની મહાસંપદાની પ્રાપ્તિ માટે કરવો. એટલે તપ કરનારે ગુણો મેળવવાનું લક્ષ રાખવું. તપકાળમાં, તપના ઉત્તરકાળમાં પણ શક્યતા મુજબ ગુણો મેળવવા તત્પર બનવું.

**આપણા આત્મામાં જેવા સંસ્કાર હોય એવી લેશ્યા ઉંઘમાં પણ હોય. એ લેશ્યા પ્રમાણે આયુષ્યબંધ થાય.**

તપ એ ગુણોરૂપી મણીરત્નોને પરોવવાનો દોરો છે. દોરો હોય અને રત્નો ન હોય તેવી સ્થિતિ ન થાય તે ધ્યાનમાં લેવું.

જો ગુણો પ્રાપ્ત કરવાનું લક્ષ-ઉદ્દેશ હોય તો તપથી તેના આવારક કર્મનો ક્ષય થઈને ગુણો પ્રાપ્ત થાય છે.

તપથી દર્શન મોહનીય કર્મ ખપીને તામલી તાપસની જેમ સમ્યગ્ દર્શન પણ પ્રાપ્ત થાય છે. તપથી જંબુસ્વામીના પૂર્વભવની જેમ ચારિત્ર મોહનીય તૂટે. બીજા ભવમાં એટલે જંબુસ્વામીના ભવમાં ચારિત્ર અને મોક્ષ સુધી પહોંચ્યા - તે પ્રતાપ પૂર્વભવના ઉગ્ર તપનો ચારિત્રના ભાવ સાથેના (તપનો) છે.

માટે તપનું આલંબન જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એના અવાંતર ભેદો મેળવવા - મળેલાને દ્રઢ બનાવવા, પોષવા - વધારવા મુખ્યતયા લેવાનું છે.

પ્રભુ શાસનને પામેલ જીવો આપત્તિ નિવારણ અંગે પ્રાસંગિક તપનું અને બીજા ધર્મસ્થાનોનું આલંબન કરે છે. તે પ્રધાન નથી તેમ એકાંતે નિંદ્ય પણ નથી. કથંચિત્ ઉપાદેય આદરણીય છે.

પ્રભુ શાસનને દ્રવ્યથી પામવા છતાં ભાવથી નહિ પામેલા બાળ જીવો માટે સૌભાગ્ય પંચમી વગેરે તપો અને બીજા ધર્મ અનુષ્ઠાનો વિષય તરીકે પ્રભુભાષિત છે, કરાય છે તેથી ઈચ્છાપૂર્તિ સાથે ઉત્તરોત્તર એ જીવો આગળ ભાવધર્મ પણ પામે છે.

ભાવધર્મ પામેલા પ્રબુદ્ધ જીવો આપત્તિ નિવારણ કે એવા કોઈ પ્રબળ કારણો છોડીને પ્રધાનતયા આત્મશુદ્ધિના લક્ષથી તપ દ્વારા અપૂર્વ નિર્જરા કરનાર હોય છે. માટે દશવૈકાલિકના ૯મા અધ્યયનના ૪થા ઉદ્દેસામાં ૪ કારણો સિવાય તપ કરે તેમ બતાવેલ છે. પણ એ વાતમાં ઉપરોક્ત વાત પણ પ્રાસંગિક અધ્યાહારથી સમજવી.

✻ વિષયો વિષતુલ્ય છે એવું જ્યાં સુધી ન અનુભવાય ત્યાં સુધી ત્યાગ અમૃતતુલ્ય છે. એમ શી રીતે અનુભવાય ?
✻ આત્મશુદ્ધિ એટલે નવા પાપમાં નહિ પડવું અને જુના પાપ ખંખેરવા.

# પૂજ્યપાદશ્રીનો સાહિત્ય ભંડાર

| | | |
|---|---|---|
| ૧) | ભાવનાનું ઉદ્યાન | ૬.૦૦ |
| ૨) | ચલો શાંતિ કે ઉપવનમેં | ૧૦.૦૦ |
| ૩) | ચિત્ત સૌંદર્ય | ૮.૦૦ |
| ૪) | દર્શન સુધા | ૨૮.૦૦ |
| ૫) | પંચસૂત્ર સ્વાધ્યાય | ૧૦.૦૦ |
| ૬) | કર્મકલંક કું દૂર નિવારો | ૧૧.૦૦ |
| ૭) | ચિંતન ચંદરવો | ૧૨.૦૦ |
| ૮) | વહે મીઠી વાણી | ૧૨.૦૦ |

## દિવ્યદર્શન

સમ્યગ્જ્ઞાનનું દિવ્ય અંજન પ્રદાન કરી દ્રષ્ટિને દિવ્યતા પ્રદાન કરનાર, પૂર્વના મહાપુરૂષોના જીવનકવનના દિવ્ય અને ભવ્ય વારસાના ખજાનાને સરળ વિવેચન રૂપી કૂંચી દ્વારા ખોલીને એના દર્શન કરાવનાર, તાર્કિક બુદ્ધિ અને માર્મિક ભાષાના સ્વામી પ.પૂ. વર્ધમાન તપોનિધિ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજાની હૃદયસ્પર્શી વાણીને પ્રસરાવતા 'દિવ્યદર્શન' સાપ્તાહિકના આજે જ સભ્ય બનો. દર શનિવારે નિયમિત પ્રકાશિત થતું આ સાપ્તાહિક માતા-પિતાને માટે માર્ગદર્શક, બાળકો માટે આકર્ષક અને મહેમાનો તેમજ અતિથિઓ માટે નવલું નજરાણું બની રહે તેવું છે.

**આજે જ સભ્ય બનો.**

**આજીવન સભ્ય રૂા. ૫૦૦ રૂ. વાર્ષિક ગ્રાહક રૂા. ૫૦**

નીચેના સ્થળે લવાજમની રકમનો મનીઓર્ડર મોકલી આપશો.
કુમારપાળ વી. શાહ, ૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા
ધોળકા - ૩૮૭૮૧૦.

९५

MUDRA

706 MODERN CARDS All Rights Reserved